કુમાર

ઉગતી પ્રજાનું માસિક

અંક
૪૮


માગશર : ૧૯૮૪

વર્ષ ૪
અંક ૧૨

તંત્રી : રવિશંકર રાવળ




શિશિરની
સંધ્યા



તંત્રી રવિશંકર રાવળ; **મુદ્રક-પ્રકાશક** બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી-કુમાર કાર્યાલય, ૨૭૦૭ રાયપુર, અમદાવાદ.

લવાજમ વરસના રૂ. ૬: પરદેશના રૂ. ૭ અથવા ૧૧ શિ. મુંબાઈના એજન્ટ: સી. જમનાદાસની કં. પ્રિન્સેસ સ્ટ્રીટ. **ગ્રાહકો** વરસની શરૂઆતથી (એટલે પોષના અંકથી) નોંધવાનો રિવાજ છે. વરસની અધવચથી ગ્રાહકો નોંધાતા નથી. **લેખકો** જેઓને ઉગતી પ્રજા માટે કંઇક ખાસ પ્રેરક કહેવાનું હોય તે જ લખે; અને પોતાનાં લખાણ બની શકે તેટલાં ટુંકાં, કાગળની એક જ બાજુએ, ચોખ્ખે અક્ષરે, પુરાં નામ ઠામ સાથે, અને પાછાં મંગાવવાં હોય તો પોસ્ટેજ સાથે મોકલે.



શ્રી ચૈતન્ય અને પંડિત સાર્વભૌમ

ચિત્રકાર: શ્રી પ્રમોદકુમાર ચટ્ટોપાધ્યાય

માગશર '૮૪ના 'કુમાર'નું મુખચિત્ર

કુમાર

આવતી કાલનાં નાગરિકો ઘડતું પ્રાણ પ્રેરણા ને પુરુષાર્થનું માસિક

વર્ષ ૪ અંક ૧૨ | માગશર ૧૯૮૪

વા ચ ન

વાચન એ મનનો પવિત્ર સંસ્કાર છે. શરીરને જેમ સ્નાન તેમ મનને વાચન.

વાચન રસભર હોય;—વિકારી નહિ. પછી એ રસ શોકાતુર આનંદનો કે મધુરી કરુણાનો હોય.

જગતના મહાપુરુષોનો જીવનસહવાસ સૌને મળવો અશક્ય છે. પણ પુસ્તકો દ્વારા આપણે એમનો સૂક્ષ્મ યોગ સાધી શકીએ છીએ. એ રીતે વાચન એ માનસિક મિલન છે, આત્મપૂજા છે;—જેમાં કોઇ સ્થૂલ મૂર્તિની નહિ પણ અક્ષરરૂપની ભાવના રહી છે.

બાળકો વાચનમાંથી આનંદ મેળવે અને જાદુઈ સૃષ્ટિ કે સ્વપ્નભૂમિ રચે. કુમાર જાતકેળવણીની સાધના માંડીને ભાવિ જીવનની મહત્ત્વાકાંક્ષાઓ ઘડે ને વિચારભૂમિકા બાંધે. મોટેરાં સંસારના ઉપયોગનું, અભ્યાસના જ્ઞાનનું કે શોખનું વાચન કરશે.

આપણે ત્યાં યોગ્ય કાળે યોગ્ય વાચન વિના ઘણાં માનવચિત્ત કરમાય છે, અને તેમની શક્તિઓ વણખીલી વેડફાય છે; જ્યારે અમુકને વાચનનો એવો તો નાદ લાગે છે કે તેની પાછળ એ કેવળ તર્કવાદી પંડિત કે પુસ્તકિયા કીડા બની જાય છે.

બહોળા મતપ્રચાર અને થોકબંધ જ્ઞાનપ્રકાશનના આ જમાનામાં પુસ્તકની પસંદગી અને વાચનની વીણણી જરૂરની છે. એક વિદ્વાનના વચન પ્રમાણે 'અમુક વાચન માત્ર ચાખવાનું જ હોય છે, . . . માત્ર જુજ જ વસ્તુઓ પચાવવાની હોય છે.' એવા પસંદગીના વાચન પછી તેના ઉપર ચિંતન—ઉંડો વિચાર થવો જોઇએ.

વાચન એ નિર્દોષ, સુંદર ને શાન્ત પ્રવૃત્તિ છે. બેચેનીમાં કે ઉદાસીમાં, કામથી થાકીએ કે વિચાર કરીને કંટાળીએ ત્યારે વાચન મધુરો આરામ બને છે. કપરી નિરાશાની ઘડીઓમાં પણ વાચન ઉત્તેજના ને ભાવના સીંચે છે,—જે જીવનનું નવું ઘડતર કરે છે અને તેને નવેસરથી ઓપ આપે છે.

દેશળજી પરમાર



આ અંક સાથે 'કુમાર' ચાર વર્ષ પુરાં કરી આગળ પ્રવાસ આદરે છે. જેમણે જેમણે ધીરજથી એ પ્રવાસમાં સાથીદારી રાખી છે તે બધાને નવા અનુભવો, નવી ભાવનાઓ અને જીવનની નવી કલ્પનાઓ મળ્યાં છે કે નહિ તે પોતાના અંતઃકરણને પુછી જુએ. અમે તો કામ કરતાં, નાણાં અને સમયના ખાડાઓ ઓળંગતાં, નાનીમોટી મુશ્કેલીઓ વટાવતાં જે પાઠો, જે વિવિધ અનુભવો મેળવ્યા છે અને વાચનારાઓની લાગણીઓનો પરિચય મેળવ્યો છે તે આ જીવનને અહોભાગ્ય અને સાર્થક બનાવવા પુરતાં છે એમ લાગ્યા વિના રહેતું નથી.

હજુ 'કુમારને' જગત ઘેરી ફરી વળવાની ઉમેદ છે; પૃથ્વીના સર્વ દેશોની પ્રજાનિ, આચાર અને જ્ઞાનમાં નજર કરવાના અભિલાષ છે; વતનમાં જ્ઞાન, અનુભવ અને કળાદુન્નરની જ્વલંત પ્રતાપી જ્યોત ઝળકી ઉઠતી જોવાના કોડ છે. ખંત, શૌર્ય અને સાહસની પ્રતિમા સરખા નવજુવાનોની આશા અને પ્રયોગો ખીલવવાને કોઇ અદ્ભુત સંસ્થા સર્જાય એવી મહત્ત્વાકાંક્ષા છે. એ શી રીતે મૂર્તિમંત થાય ? પરમાત્માનાં તેજ દેશના પ્રજાજનોમાં ઉતરે અને ધનિક, સાહસિક તથા વિદ્વાન સહકાર આપે તો એ સહજ છે. પારકી બીજાની આશા રાખવા કરતાં પોતાથી બનતું કરી છુટવું એ અમારો મુદ્રામંત્ર છે. 'કુમારના' ગ્રાહકો પાસે અમે એટલું માગીએ છીએ કે તમારો સાથ અને સહકાર નિભાવી રાખો; બાકીના ફરજો અમે યથાશક્તિ અવશ્ય અદા કરીશું.

આ અંકમાં ભાઈ લવજી ઘોરિયાએ સ્વિટ્ઝર્લાંડમાં ભરાએલા આંતરરાષ્ટ્રીય બંધુત્વપ્રચારક સંમેલનનો રસમય અહેવાલ લખ્યો છે. તે વાંચીને કયા માનવપ્રેમીને એવી સંસ્થાનો પ્રચાર પોતાના દેશમાં કરવાની આકાંક્ષા નહિ જાગે ? તમારામાંથી કોઇને એ લેખ પરથી, એવી અભિલાષા જાગૃત થાય છે ખરી, કે આપણે ત્યાં ગુજરાતના જ વિદ્યાર્થીઓ અને યુવાનોનું એવું સંમેલન કોઇ શાંત સુંદર સ્થળમાં થાય, જ્યાં રૂઢ શિષ્ટાચારો પડતા મુકી ખુલ્લા દિલ અને સરળ વ્યવહારથી મળવાનું બને, વ્યાખ્યાનોની ધમાલને બદલે શાંત વાર્તાલાપોથી સુજનોની મૈત્રી સધાય એવા પ્રસંગો ગોઠવાય અને બાદશાહીથી મહેમાનગીરી ભોગવવાને બદલે એક મહાન ગૃહનાં બાળકોની જેમ સૌ અરસપરસની સેવા અને બરદાસ ઉઠાવી પ્રેમ અને સહિષ્ણુતા કેળવે ? તો લાખોના ખર્ચે ચાલતી શાળાઓ ને વિદ્યાપીઠો કરતાં યે ત્યાંથી વધુ કીમતી જીવનમંત્રો મળે અને આખા દેશમાં મૈત્રી, વિજ્ઞાન અને સહકારનું સુંદર વાતાવરણ ઉત્પન્ન થાય. તમને આવી અભિલાષા જાગતી હોય અને તમે જ તેમાં ભાગ લેવા તત્પર હો તો એકાદ સ્થાન, વ્યવસ્થાની

જાઓ ભલે જીવનઆશ સર્વે,
ઉત્પાત થાઓ, ઉપહાસ થાઓ;
થાઓ તિરસ્કાર, વિનાશ થાઓઃ
ન એક થાજો પ્રભુપ્રીતિ નાશ!

(રમણભાઇ

યોજના, ખર્ચના અંદાજ અને બંદોબસ્ત વગેરે પર તમારા વિચારો જરૂર લખી મોકલો. આમ ચારે તરફથી આવે વિચારોનું બળ મેળવી એક સંમેલનની દરખાસ્ત મુકીશું. પછી એ પાર પાડવાનું તો ભાગ લેનારાઓના હાથમાં છે.

'કુમાર' વિષે અમને વાંચનારાઓ તરફથી એકમતે અનેક અભિનંદનો અને ખુલ્લા એકરારો મળ્યા કર્યા છે. એ બધાની વચ્ચે પહેલી જ વાર એક બંધુએ પોતાનો કટુ અનુભવ પણ જાહેર કર્યો છે એ અમે રજુ કરી આ વર્ષનો હિસાબ પુરો કરીએ છીએ.

"**આપ** હવે 'કુમાર'ને બરોબર આકર્ષક કરવાને બેદરકાર રહો છો. ગયા દીવાળી અંકમાં આપે લાંબા લાંબા લેખો લીધાઃ કે જે વાંચતાં વાંચતા પણ કંટાળો ઉપજે; એવા લેખો અંદર આપ્યા. લાંબા લાંબા લેખો એટલું જ નહિ પર કારતક માસના અંકનું મુખચિત્ર પણ તમે ખુંચવી લીધું. તો પછી તમે તમારી જાતે જ કહો કે તમે કેવી રીતે અમને સંતોષી શકશો ? નંદલાલ બોઝનું તો એટલું બધું લંબાવ્યું છે જેથી કરીને મને તો એમ જ થયું કે મારે 'કુમાર'ના ગ્રાહક નથી થવું. તો પછી ભાષણ લક્ષણમાં તો પૂછવું જ શું ? 'કુમાર'નો દીવાળીનો અંક બીજા સારા સારા માસિકોના દીવાળી અંક જેટલો મને તો આકર્ષક ન લાગ્યો.

તદુપરાંત તમે ઘણા જ અનિયમિત છો માટે મહેરબાની કરીને એ ખરાબ ટેવ છોડશો જી. સહેજ વધુ લખાઇ ગયું છે માટે માફ કરશોજી. ગ્રા. નં. ૧૧૮૪."

આ ભાઇને અમે શો જવાબ આપીએ ! 'કુમાર' એની કક્ષાની ઉપરનું માસિક છે એટલે એમણે તો 'બાલમિત્ર', 'બાલજીવન' અને 'બાળક' એ ત્રણ પૈકી કોઇ પણના ગ્રાહક થઈ જવું એ જ યોગ્ય છે. 'કુમાર' તો જેઓ ગુજરાતી ભાષા સારી રીતે વાંચી સમજી

શકે છે અને જીવનમાં નવી દૃષ્ટિ, નવા વિચારો અને આગળ વધતી દુનિયાને પહોંચી વળવા આતુર છે-તૈયાર છે તેમને માટે છે. 'કુમાર' માત્ર નેત્રના આનંદ અર્થે નથી, ' કુમાર ' માત્ર ફુરસદનું વાંચન નથી, 'કુમાર' બે ઘડીનો સોબતી નથી; શાળા અને ગૃહમાં જે અભ્યાસ અને અનુભવોનો અભાવ છે તેની પૂર્તિ રૂપે 'કુમાર' છે; વડીલો અને શિક્ષકો જે બાબત વિષે ભાગ્યે જ વિચાર કરે છે તે એક મિત્ર રૂપે 'કુમાર' રજુ કરે છે; 'કુમાર' અભ્યાસ, અનુભવ, પ્રેરણા અને પ્રગતિનો સંદેશવાહક છે.

આ અંકનું મુખચિત્ર

બંગાળામાં ઈ. સ.ના સોળમા સૈકામાં થઇ ગએલા, પ્રભુના અવતાર રૂપ મનાતા શ્રી ચૈતન્યદેવ અથવા ગૌરાંગપ્રભુ, અને ત્યાંના મહાપંડિત સાર્વભૌમ વચ્ચે બનેલા પ્રસંગનું એ ચિત્ર છે. વાસુદેવ સાર્વભૌમ નવદ્વીપ (હાલના નદીઆ ગામ)ના વતની અને મુખ્ય પંડિત હતા, અને મહા વિદ્વાન ગણાતા. પાછળથી તે ઉડીસ્યાના રાજા પ્રતાપરુદ્રના સભાપંડિત થયા અને જગન્નાથપુરીમાં વાસ કરવા લાગ્યા. એમને પોતાની પંડિતાઈ અને વિદ્યાનો બહુ ગર્વ હતો. શ્રી ચૈતન્યદેવ જગન્નાથપુરી ગયા ત્યારે એમને મળેલા. બંને વચ્ચે ખુબ ધર્મ-ચર્ચા ચાલી અને વાદ થયો. ચૈતન્યે સાર્વભૌમ પંડિતની એકેએક દલીલને અતિ નમ્રતાપૂર્વક તોડી નાખી. પંડિતને અતિ આશ્ચર્ય થયું કે આટલી નાની ઉમરના પોતાના શિષ્ય સરખા આ જુવાનમાં આટલું જ્ઞાન ક્યાંથી! એનું અભિમાન ગળી ગયું. કહેવાય છે કે એને શ્રી ચૈતન્યનાં ષડ્ભુજ મૂર્તિ રૂપે દર્શન થયાં ને એમને અવતાર માની ચરણે પડ્યા, તથા એમનું શિષ્યત્વ સ્વીકાર્યું. ચિત્રમાં આ પ્રસંગ આલેખવામાં આવ્યો છે. પંડિત સાર્વભૌમે સંસ્કૃતમાં લખેલી શ્રી ચૈતન્યની સ્તુતિ આજ સુધી વૈષ્ણવોમાં પ્રચલિત છે.

આવતે વર્ષે

'કુમાર' પ્રતિવર્ષ વધારે ને વધારે સારૂં થતું આવે છે એવી શ્રદ્ધા ચોપાસ બંધાઈ ગઈ છે અને તે અમે આવતા વર્ષને માટે તો જરૂર સિદ્ધ કરી આપીએ એટલી તૈયારીમાં છીએ. સુંદર ત્રિરંગી ચિત્રોની સંખ્યા પણ વધારવાનો અમે નિશ્ચય કર્યો છે. આવતા જ અંકનું મનોહર ચિત્ર તમે અત્યાર સુધી ગુજરાતમાં જોએલાં ચિત્રોથી કોઇ જુદી જ તરેહનું લાગશે. ચિત્રરસિક વિદ્યાર્થિઓ અને અભ્યાસીઓ તે પરથી નકલો કરવા લલચાશે જ. એટલા માટે અમે તેની રંગપૂરણીની હરીફાઇ પણ રજુ કરીશું. જગતના એક અદ્‌ભુત વિજ્ઞાનપ્રણેતાની જીવનકથા ગુજરાતી ભાષામાં નવો ને મહત્ત્વનો અભ્યાસ પુરો પાડશે. જંગલોની કથા, પ્રાણીઓની વાર્તાઓ, ખરેખરા અનુભવોની કહાણીઓ વગેરે સંગ્રહ તો અમારે હજુ હવે જ રજુ કરવાના છે. તે ઉપરાંત, ફોટોગ્રાફીની ક્રિયા સમજાવતાં પ્રકરણો ચાલુ થશે. બીજા હુન્નરઉદ્યોગ ઉપર પણ બારીક વર્ણનો સાથે લેખો તૈયાર થાય છે. આરોગ્ય ને શક્તિવિકાસનાં દૃષ્ટાંતો ને પ્રયોગો અવનવીરીતે મુકવાની યોજના પણ છે.

આજ અને કાલ

આપણે જ આપણા સ્રષ્ટા છીએ. આજે વિચાર કરીએ કે આપણે તો આમ કરવું છે, ને કાલે તે કરવા શક્તિમાન થઇશું. આજે આપણે ધારીએ કે આવતી કાલ આવી પડે, ને તે જરૂર એવી જ પડશે. આજમાંથી કાલ આવે છે, ને આપણી આજ ઉપર કાલ અવલંબે છે. આપણે આજને બરોબર જીવીએ, આજે આપણું જીવન સાર્થક કરીએ. પછી તો કાલ કેવી પડશે તે આપણે જાણીએ જ છીએ. આજ એ મહત્ત્વની ઘડી છે. આજને પકડીને એના ઉપર મેખ મારીએ તો કાલ અને કાળના ઉપર આપણો વિજય છે. (શિક્ષણપત્રિકા)


જ્યારે તમે અડગ ટેકધારી બનશો અને વિદ્યા તથા હુન્નર-કિસબમાં પાવરધા બની જશો, જ્યારે તમારા રોમ-રોમમા દેશભક્તિ વ્યાપી જશે, તનતોડ મહેનત કરવામાં હિણપત નહિ માનો અને અંગ પપાળવાનું સ્વપ્ને પણ યાદ નહિ આવે, ત્યારે નક્કી માનજો કે તમારા દેશની ભૂમિનો એક નાનો સરખો ટુકડો—અરે! એ માદરેવતનનું એકએક રજકણ તમને પ્રાણથી યે વધારે વહાલું લાગશે. એ દશામાં દેશને કાજે પ્રાણ આપી દેવાનું તમને ગૌરવ-ભર્યું લાગશે. ત્યારે તમને એમ લાગશે કે પરાધીન બની બીજાઓની લાતો ખાઇ જીવવા કરતાં મરવું બહેતર છે! (અફઘાન અમીર અમાનુલ્લાખાન)

(અનુસંધાન માધુકરીને છેડેથી)

દિવસ અશ્વિનીને એ ડોકાની સામે લાવવામાં આવ્યો અને તેના પરથી કપડું ઉઠાવી લેવામાં આવ્યું. અશ્વિનીએ જાણે પોતાની પ્રતિકૃતિ ઓળખી લીધી હોય એમ હણહણાટી દીધી અને પોતાની રૂપાળી ડોક લંબાવી પોતાની મૂર્તિના નાકને પોતાનું નાક ધીમેથી અડકાડી સુંઘી! શિલ્પીને આ મુંગા પણ સમજદાર પ્રાણીનું જાણે અભિનંદન હતું. અને કલાકારને આથી ચડિયાતો બીજો ધન્યવાદ શો હોઇ શકે?

છેલ્લે એક જ વિચાર આવે છે. જામનગરના આપણા અપાર કલાપ્રેમી રાજવીએ યૂરોપની કળા પર નાણાંનાં પૂર વહેવડાવ્યાં છે એમ કહીએ તો ખોટું નથી. પણ હિંદુસ્તાનના પરસેવામાંથી નીકળેલા એ પ્રવાહમાં હિંદી કલાકારો માટે શી આશા? એકાદ રવિશંકર પંડિત કે શ્રી કોલ્હટકર જેવા જુવાન કલાકારને મિ. હુઝેન્સ્ટાઇનના કલાગૃહમાં ઉપાસના કરવાની સગવડ માત્ર કરી આપે તો અમારી સંપૂર્ણ શ્રદ્ધા છે કે યૂરોપની એકેડેમીઓમાં તેઓ ઉન્નત મસ્તકે પ્રવેશ કરી શકશે.

ચીતરવાનું સહેલું છે . . ચહેરાનો પાઠ આગળ



ગયા હપતામાં (અષાડ–અંક ૪૩) ડાબીજમણી બાજુ જોતા ચહેરા કરવાની રીત બતાવી હતી. આ પાઠમાં સામાં મ્હોડાં ચીતરવાનાં છે. આ છ યે નમુનામાં કંઈ ને કંઈ ખાસ ઢબ અને યોજના છે.

ગોળ બનાવી લેવા માટે અગાઉની જેમ રૂપિયો, ઢબ્બુ, ડાબલીનું ઢાંકણું કે કંપાસ ગમે તે સાધન વાપરો, અને તેની બરોબર મધ્યમાંથી એક ઉભી અને આડી રેખા દોરી લ્યો. પછી નીચેની સુચના પ્રમાણે કામ કરો. જે જે કરો તે ફરીફરી સ્મૃતિથી કરી શકો એટલી તૈયારી કરવાની છે.

નં. ૧માં સામા મ્હોડાનાં સામાન્ય માપ બતાવ્યાં છે. આંખના ખુણા અને કાનનો ઉપરનો સાંધો બંને આડી મધ્ય-રેખા ઉપર જ આવેલાં છે, અને તેની નીચેના ભાગમાં બરોબર અરધે ભાગે બીજી રેખા પાડવાથી નાકની લંબાઇ અને કાનનું નીચેનું મુળ નક્કી થાય છે. પછી નીચે વધતા ભાગના ત્રણ ભાગ પાડવાથી પહેલા કાપ ઉપર મોંની ફાટ આવશે અને બીજા કાપ ઉપર હડપચીનો ખાંચો આવશે. ગળાની પહોળાઇ વર્તુલની આડી મધ્યરેખાના અરધા ભાગે નીચે લીટીઓ મારતાં નક્કી થાય છે. નમુનામાં બતાવ્યા પ્રમાણે ગળા આગળથી ઉપર ત્રાંસી લીટીઓ મારશો એટલે ખોપરીની પહોળાઇ બનશે. આટલું ખોખું તૈયાર થાય એટલે મોઢું, લમણાં, ગાલ અને દાઢી બતાવની ચહેરાની રેખા દોરી લ્યો. નાકની પહોળાઇ, આંખની લંબાઇ વગેરે બતાવવા મધ્યરેખા પર જે ભાગ પાડ્યા છે તે જુઓ. આ બધા નમુના પ્રમાણે ધ્યાનપૂર્વક દોરવાથી ચહેરાનો સામાન્ય ડોળ તમારે હાથ બેસી જશે. કાનના ત્રાંસ ખાસ ધ્યાન રાખીને દોરજો.

પ્રમાણોને લગતી આટલી રીત છ યે નમુનામાં સામાન્ય છે. વધારામાં:—નં. ૨માં વાળ, ભમર, નાક અને હોઠની વિગતો વધારી છે. નં. ૩માં આ સામાન્ય બંધારણના કારણ-ભૂત ખોપરી અથવા હાડચહેરો સમજ માટે બતાવ્યો છે. આંખના ખાડા, ગાલના ખાડા, જડબાં, કપાળ, વાળની જ-ગ્યાઓ વગેરે ચોક્કસ રીતે દોરી શકવાને આ જાણી લેવું જોઇએ.

નં. ૪મા ઉપલા સામાન્ય પ્રમાણોને આધારે રેખાના વળાંકથી એક ચહેરો બતાવ્યો છે. વાળ બાંધતો કપાળ પરનો પટ્ટો ભમરથી કેટલો ઉંચો રહે છે તે ધ્યાનથી જુઓ. વિદ્યાર્થીઓ કપાળના માપ માટે બેદરકાર રહે છે તેમાંથી અહીં સાવચેત રહેવું.

નં. ૫ એક સુંદર મ્હોંનો ઘાટ છે. સામાન્ય પ્રમાણની મદદથી ચહેરાનું બંધારણ કેટલું સહેલું થાય છે તે આથી સમજાશે. નં. ૬માં હસતું મ્હોં છે. મુખ્ય પ્રમાણો હાથમાં આવ્યા પછી આવી અનેક આકૃતિઓ અને રમુજી ચહેરા બની શકશે.

આ પાઠો પ્રમાણે કામ કે અભ્યાસ કરતાં વાંચનારાને કંઇ પણ પૂછવું હોય તો છુટથી પુછી શકે છે. પોતાની ક્રિયાના નમૂના મોકલીને પત્રવ્યવહાર કરવો.



કવિરાજ

એક નાટિકા

લખનાર

ધૂમકેતુ

[ફૂલચંદ એક ખડમાં બેઠા-બેઠો વાંચે છે. પાસે એક બાજઠ પર થોડી ચોપડીઓ ગોઠવેલી છે. એક ખુણામાં ઘોડિયું છે. બીજી તરફ ખાટલો પડ્યો છે; તેના પર ગોદડાં સુકાય છે.]

ફૂલચંદ: (માથું ધુણાવતો ધુણાવતો ગોખતો જાય છે.)

સતનું ચિત ચિંતન રે કરવું,
સત વાચક નિશ્ચય ઉચરવું.

[પડદા પાછળથી તેની માનો અવાજ આવે છે.]

મા: ફૂલચંદીઆ! એ.. ફૂલચંદ . . ફૂલચંદ . . . એ . . . . . ફુલચંદીઆ!

ફૂલચંદ: શું છે મા?

મા: (પડદા પાછળથી) પીટ્યા! રાગડા શું તાણ્ય? છોકરી નહિ ઉંઘે? આખો દિ' રાગડા જ રાગડા.

ફૂલચંદ: (ન સમજ્યો હોય તેમ) કાગડા દાણા નથી ખાતા, મા! હું જોઉં છું ને?

મા: અરે હું તો કહું છું 'રાગડા' તાણવા મુકી દે; છોકરી જાગી જશે.

ફૂલચંદ: છોકરી તો, મા, આ કવિતા સાભળે છે નાં, એટલે સુઇ જાય છે.

મા: એમ?

ફૂલચંદ: હા; બીજી કવિતા ગાઇએ તો નથી સુતી. પણ આ કવિતા ગાઇએ તો તરત સુઈ જાય છે. અમારા માસ્તર સાહેબ કહેતા હતા કે ચોરી કરવી હોય તોપણ સાચું બોલી દેવું. આ કવિતા એટલા માટે લખી છે. જોજે હું ગાઉં છું. એટલે છોકરી સુઇ જશે. (વધારે મોટેથી ગાય છે.)

સતનું ચિત ચિંતન રે કરવું,
સત વાચક નિશ્ચય ઉચરવું.

[માથે રેશમી કાળી ટોપી, ધોતિયું, કોટ, પગમાં સ્લિપર ને કોટના અંદરના ખીસામાંથી બાહાર કાગળ દેખાય તેમ કાગળ ખોસીને વારંવાર તે સંભાળતો, ને વળી બાહાર કાઢતો. બારચૌદ વર્ષનો એક છોકરો બારણામાં દેખાય છે. તે ધીમેથી ફુલચંદને બોલાવે છે. ફુલચંદ ઉઠીને તેની પાસે જાય છે.]

મા: (પડદા પાછળથી) કોણ છે ફૂલચંદ?

ફૂલચંદ: કોઇ નથી મા! એ તો હું મનમાં કવિતા ગોખું છું:

સતનું ચિત ચિંતન રે કરવું,
સત વાચક નિશ્ચય ઉચરવું.

(આવેલા છોકરાને ધીમેથી) નરોત્તમ! તેં મારા બાપાને આવતા જોયા?

નરોત્તમ: (ધીમેથી) ના.

[નરોત્તમ બાડી આંખે ફુલચંદ સામે જોઇને કોટમાંથી કાગળ જરા બાહાર સરકાવે છે. વધુ સરક્યો એમ લાગતાં પાછો અંદર સેરવે છે]

ફૂલચંદ: ત્યારે ચાલ આપણે ઉપડીએ.

નરોત્તમ: પણ તારી મા—

મા: (પડદા પાછળથી) ફૂલચંદીઆ! કોની સાથે વાતો કરે છે? કોઇ આવ્યું છે?

ફૂલચંદ: કોઇ નથી મા! એ તો હું મનમાં કવિતા ગોખું છું. મારા માસ્તર સાહેબ મનમાં વાંચવાનું કહેતા'તા.

મા: ફી . . ક. જો તો ખરો, તારા બાપા આવે છે?

ફૂલચંદ: (બહુ ઉત્સાહ ને આનંદથી) એ . . હો . . મા! હું જોવા જાઉં છું હો! તમે કહ્યું એટલે. હમણાં જોઇ આવું હો! . . . અમારા માસ્તર સાહેબ કહેતા'તા કે માતાપિતાની આજ્ઞા માનવી. (નરોત્તમને ધીમેથી) એલા ચાલ! . . એટલી વારમાં તો બે ઓરડી ફરી વળશું.

[ચાલવા જતાં જોડા ઘસડાય છે ને અવાજ થાય છે.]

મા: (પડદા પાછળથી જ) અલ્યા ફૂલચંદ! જોડા પહેરીને કયાં જાય છે?

ફૂલચંદ: ના મા; હું તો ઉઘાડે પગે જાઉં છું. અમારા માસ્તર સાહેબ કહેતા'તા કે માતાપિતાની આજ્ઞા ઉઘાડે માથે ઉઠાવવી.

માઃ પણ ડાબલા! આ જોડાનો અવાજ સંભળાયો તે?

ફુલચંદઃ એ તો મારા જોડા એક ઠેકાણે મુકયા. અમારા માસ્તર સાહેબ કહેતા'તા કે બધું વ્યવસ્થાપૂર્વક ગોઠવવું. (નરોત્તમને ઠોસો લગાવી ધીમેથી) હવે ઉભો છે શું? આગળ ચાલ ને . .

[નરોત્તમ ને ફુલચંદ બંને જોડા કાઢી હાથમાં લે છે ને ધીમે પગલે બહાર નીકળે છે.]

૨

[સ્થળ : રસ્તો]

ફુલચંદઃ નરોત્તમ! બોર ખાવાની તો બહુ જ મજા પડી હો!

નરોત્તમઃ (કોટના અંદરના ખીસાનો કાગળ જરાક બહાર ખેંચતો) એમ ન બોલાય.

ફુલચંદઃ ત્યારે કેમ બોલાય?

નરોત્તમઃ જો આમ બોલાયઃ બોરનો સ્વાદ કાંઇ બોર જ આવી ગયો!

ફુલચંદઃ હા! . . તું તો જાણે મોટો કવિ!

નરોત્તમઃ (હસતો) તને કેમ ખબર પડી ફુલચંદ, કે હું કવિતા કરૂં છું?

ફુલચંદઃ તે દિવસે તેં મને કવિતા સંભળાવી હતી, તે યાદ છે?

નરોત્તમઃ કઇ? . . . હા. ઠીક ઠીક પેલી. પણ તું હવે મને કવિ કહીશ મા હો! મને કોઇ કવિ કહે છે તો માઠું લાગે છે!

ફુલચંદઃ ભાઇ! એ આપણને ખબર નહિ. પણ એમાં માઠું શાનું?

નરોત્તમઃ તને કાંઇ જ્ઞાન નથી એ વાંધો છે ના? જો, પ્રેમાનંદને કોઇ કવિ કહેતું તો તેમને માઠું લાગતું. મને પણ કોઇ કવિ કહે છે તો માઠું લાગે છે!

ફુલચંદઃ (નરોત્તમના કોટના ખીસામાંથી દેખાતો કાગળ બહાર ખેંચતાં) આમાં શું છે? હું વાંચું?

નરોત્તમઃ (તેની પાસેથી ઝુંટાવતાં) જો ફુલચંદ, કોઇને કહેવાનું નહિ હો! એમાં મારી કવિતા છે. તને વાંચતા નહિ આવડે; ને વાંચીશ તો સમજીશ નહિ. લાવ હું વાંચી દઉં.

[કવિતા વાંચવા માંડે છે:]

'કેવો દીપક, કેવી જ્યોતિ!
જાણે રણવગડામાં રોતી!
જાણે સાગરતીરનું મોતી!
થાક્યા જડી ન જ્યોતિ ગોતી.'

પણ આમાં કાંઇ નથી. તું સમજે એવું નથી. જો આ સારૂં છેઃ સાંભળજે, હો. આજ હું તને મારી કવિતા સંભળાવવા માટે જ સવારમાં આવ્યો હતો. જો સાંભળ; એક કવિ પોતાની પ્રિયાને કહે છેઃ

'હવે તું તો ન દેખાતી, હવે તું તો ન છલકાતી;
રહ્યું જોવું, રહ્યું રોવું, અફળ આંસુ નથી લોવું.
ગઇ તું તો ગઈ ત્યારે, હવે મળશું કહે ક્યારે?
ગમે ત્યારે, ગમે ત્યારે, ન આજે તો જરૂર કાલે.'

ફુલચંદઃ (હસે છે) એલા! આવી તે કવિતા હોય?

નરોત્તમઃ (જરાક ઢીલો પડે છે) તને બરાબર નથી સમજાતી કાં? . . પણ એમાં તારો શો વાંક? કેટલીક તો મારા બાપા કે આપણા માસ્તર સાહેબ પણ નથી સમજતા ને?

ફુલચંદઃ કાલે નિશાળે જઇએ ત્યારે વાત. આપણે દુર્ગાપ્રસાદને વંચાવશું. પણ તેં લેસન તૈયાર કર્યાં?

નરોત્તમઃ શેનાં લેસન? એવું ઑક્સિજન ઑક્સિજન આપણને કાંઇ સમજાતું નથી. દાખલા પણ અઘરા છે. હું તો હવે કવિતાના રસમાં જ તરબોળ થઇ ગયો છું. તેં કવિતા કરી નથી, એટલે તને એના રસની શી ખબર પડે?

ફુલચંદઃ આપણે કવિતા કરવી હોય તો શું કરવું?

નરોત્તમઃ (હસે છે) લે, કવિતા તે વળી 'કરાતી' હશે? એ તો મારા મામા કવિતા કરતા, અને મારા કાકા કવિ છે, એટલે હું કવિ થયો. અમારી ત્રીસમી પેઢીએ એક કવિ થઇ ગયા છે, એટલે હું કવિ થવાનો છું એવી વાત મારા બાપા મારી બાને કરતા હતા.

ફુલચંદઃ તે હવે તું યંત્રો કેમ ચાલે છે, વિજળી શું છે, વિમાન કેમ થાય, એવું એવું કાંઇ નહિ શીખે?

નરોત્તમઃ (હસીને બેદરકારીથી) તને જ્ઞાન નથી એ જ વાંધો છે નાં? કવિને તો આ બધું નહિ શીખવાનું.

ફુલચંદઃ ત્યારે તમારે શું શીખવાનું?

નરોત્તમઃ (હસીને ગર્વથી) તું સમજતો નથી એ જ વાંધો છે ના? જો, આકાશમાં રાત્રે શું ઉગે?

ફૂલચંદ: તારા.

નરોત્તમ: (હસે છે).

ફૂલચંદ: ચંદ્રમા.

[નરોત્તમ ફુભાફુભા હસે છે. પછી હસવું બંધ કરી ગંભીર થઇને]

નરોત્તમ: જો, હું તને કહું. તારા ન કહેવાય, પણ આકાશનાં ફૂલ કહેવાય. ચંદ્રમા ન કહેવાય, પણ આકાશસરનું કમળ કહેવાય.

અત્યારે પેલા ઝાડ પર તડકો કેવો લાગે છે?

ફૂલચંદ: સરસ લાગે છે હો.

નરોત્તમ: (ગર્વથી) 'ક મ ની ય' કહેવાય.

ફૂલચંદ: જો, સામે મારા બાપા ઘર તરફ જતા લાગે છે.

નરોત્તમ: હા; ઠીક ત્યારે હવે હું જાઉં છું હો? તારે કવિતા વાંચવી છે? (કાગળિયાં સામે ધરે છે.)

ફૂલચંદ: પણ હું સંઘરું ક્યાં?

નરોત્તમ: કેમ વળી? તારા ખીસામાં. લે, જોઇતી હોય તો રાખી લે. નહિતર પછી હું બીજી લખીશ ત્યારે આપીશ. (કાગળ પોતાના ખીસામાં પાછા મુકે છે).

ફૂલચંદ: તું બીજી ક્યારે લખીશ?

નરોત્તમ: તને તો કાંઇ જ ભાન નથી. કવિતા તે વળી લખવાની હોય?

ફૂલચંદ: ભાઇ! આપણને તો તારી કવિતામાં કાંઇ સમજાતું નથી.

નરોત્તમ: તમારા કુળમાં કોઇ કવિ ન હોય તો ક્યાંથી કવિતા સમજી કે કરી શકે, કહે? એ તો હું કવિ જ થયો છું એટલે કવિતા થાય છે. એક બીજું પુછું; બોલ, સ્ત્રીને માટે કેટલા શબ્દો છે?

ફૂલચંદ: બે; સ્ત્રી ને બાયડી.

નરોત્તમ: (સગર્વ) વનિતા, ભામિની, કામિની, પ્રમદા, શ્યામા....

ફૂલચંદ: ઓહોહો! તને તો બહુ આવડે છે!

નરોત્તમ: (અભિમાનથી) મારે પાછા કવિતામાં વાપરવાના, એટલે આવડે નહિ? પણ હવે હું જાઉં છું. (જતાજતાં વળી અટકીને) તને ખબર છે, 'મારે' હોય તો કવિતામાં કેમ લખાય?

ફૂલચંદ: (ડોકું ધુણાવે છે).

નરોત્તમ: માટ. પણ તને જ્ઞાન નથી એ વાંધો છે નાં? (જાય છે)

ફૂલચંદ: ચાલો, કવિ તો ગયા. હવે આપણે શું કરીશું? બાપાજી ઘેર પહોંચી જાય તે પહેલાં ઘરમાં બેસીને લેસન કરતા જ નજરે ચડીએ. (જાય છે)

૩

[સ્થળ: પહેલા પ્રવેશવાળો ઘરનો ખંડ]

ફૂલચંદ: (બેઠો બેઠો ચોપડીમાંથી ગોખે છે.)

સતનું ચિત ચિંતન રે કરવું,
સત વાયક નિશ્ચય ઉચરવું.

[એટલામાં તેના બાપા દેવચંદ પ્રવેશ કરે છે.]

દેવચંદ: ઓહો, ભાઇ! આજ તો તું ખુબ વાંચવામાં પડયો છે!

ફૂલચંદ: હા બાપા. અમારા માસ્તર સાહેબ કહેતા'તા કે સવારના પહોરમાં વાંચવાથી ખુબ યાદ રહે છે.

દેવચંદ: ઠીક. તું હમણાં અહીં જ બેઠો છે નાં?

ફૂલચંદ: હા બાપા. તમારે કાંઇ કામ છે? જવું હોય તો જાઓ; હું તો આંહી જ બેઠો છું.

દેવચંદ: તું માણેકચંદ શેઠને ઓળખે છે?


ફૂલચંદ: માણેકચંદ શેઠ? પેલા છીંકણી સુંઘે છે તે નાં? હા, એમને હું ઓળખું છું. માથે મોટી પાઘડી પહેરે છે એ નાં? ખભે ખેસ નાખે છે, છીંકણી સુંઘે છે, બહુ થુંકે છે, અને વારંવાર આંખો પટપટાવે છે. માણેકચંદ શેઠ એ જ કે બીજા?

દેવચંદ: બસ એ જ એ. જો, એ હમણાં આંહી આવશે. એ આવીને તને પુછશે કે તારા બાપા ઘેર છે? તો શું કહીશ?

ફૂલચંદ: કહીશ કે હા, બેસો; હમણાં આવે છે.

દેવચંદ: ના; એમ નહિ. એમને કહેવાનું કે ઘેર નથી; ગામ ગયા છે—વડોદરા ગયા છે. અઠવાડિયા પછી આવશે.

ફૂલચંદ: પણ તમે તો ઘેર છો ને?



(ગોખે છે)

સતનું ચિત ચિંતન રે કરવું,
સત વાયક નિશ્ચય ઉચરવું.

દેવચંદ: આ કવિતા તને કોણ શીખવાડે છે?

ફુલચંદ: અમારા માસ્તર સાહેબ કહેતા'તા કે સત્ય બોલવું.

દેવચંદ: હવે ડાહ્યો થા મા. તું તારે બેધડક કહેજે કે કોઇ ઘેર નથી.

ફુલચંદ: હું કહીશ કે કોઇ ઘેર નથી. મારી મા ઘેર નથી; મારા બાપા ઘેર નથી; હું યે ઘેર નથી.

દેવચંદ: ભલા ભગવાન! આ છોકરો તો દોઢ ડાહ્યો લાગે છે. ભાઇ, ડાહ્યા દીકરા! માણેકચંદ શેઠનું આપણા ઉપર લેણું છે; ને જો બાપાજીનું કહેવું માનીને તે પ્રમાણે નહિ કરો, તો ભુખે મરશો, ભુખે. ભુખમાં તો સમજે છે નાં?

ફુલચંદ: હા બાપા, ભુખ તો મને બહુ જ લાગે છે. હજી જમવાને વાર છે. થોડાંક બોર ખાઈ લઉં?

[ગજવામાંથી બોર કાઢે છે.]

દેવચંદ: જોજે; હવે માણેકચંદ શેઠ આવ્યા દેખાડું. (જાય છે)

ફુલચંદ: (એકલો એકલો માથું ધુણાવતો ગોખ્યે જાય છે:)

સત સૂરજ તેજ ઘણું પ્રગટે,
છળ દુષ્ટ મતિ ભય પામી હઠે.

(પછી અર્થ કરે છે) સત રૂપી સુરજનું તેજ, તેજ રૂપી સુરજનું સત—તેજ રૂપી સુરજનું સત, તેજ રૂપી સુરજનું સત—પ્રગટે છે. પ્રગટે છે, પ્રગટે છે; અને છળ ને મતિ, છળ ને મતિ, છળ ને મતિ, ભય પામીને દુષ્ટ થાય છે, દુષ્ટ થાય છે.

હા . . . શ; અર્થ તો આવડી ગયા. ચાલો; હવે શું કરીશું? નરોત્તમ કવિતા કરે છે તે લાવ હું પણ કાંઇક જોડું.

[કાગળ પેન્સિલ લઇ કવિતા કરે છે: પછી ગાય છે.]

માણેકચંદને કહેવું રે બાપા ઘેરે નથી.
ઘેરે નથી, ભાઇ! ઘેરે નથી.—માણેક૦
સત બોલવું ને સત આચરવું:
સતને સંગે રે'વું કે બાપા ઘેરે નથી.—માણેક૦

[એટલામાં માણેકચંદ શેઠ આવે છે.]

માણેકચંદ: છોકરા! તારા બાપા ઘેર છે કે?



હમણાં મેં આવતા જોયા છે ને?

ફુલચંદ: મારા બાપા ઘેર નથી. મારી મા પણ ઘેર નથી.

માણેકચંદ: એમ? ત્યારે હમણાં કોણ આવ્યું? તારો કાકો?

ફુલચંદ: ના, એ તો મારા મામા હતા. મારા કાકા તો વડોદરા છે. મારા બાપા પણ ત્યાં ગયા છે.

માણેકચંદ: ક્યારે આવશે?

ફુલચંદ: (મનમાં ધુનથી)

સત બોલવું ને સત આચરવું,
સતને સંગે રહેવું કે બાપા ઘેરે નથી.

માણેકચંદ (ઉતાવળે) પાછા ક્યારે આવશે?

ફુલચંદ: આઠ દિવસ પછી.

[માણેકચંદ જાય છે.]

દેવચંદ: (પડદા પાછળથી) ફુલચંદ! બેટા—ફુલિયા? લપ ગઇ કે છે?

ફુલચંદ: ગઈ બાપા, ગઇ. પણ મને હવે ભુખ લાગી છે.

દેવચંદ: શેઠિયાળ! પણ મને મામો ઠરાવ્યો!

ફુલચંદ: ક્રોધે શું થાય બાપા? તમે તો મારા બાપા જ છો નાં? પણ હવે તો ભુખ બહુ જ લાગી છે.

દેવચંદ: ચાલો ત્યારે જમવા.

ફુલચંદ: ઓ . . . આવ્યો. (જાય છે)

૮

[નિશાળનો ઓરડો : ચોડી, પાટિયું, ચાક, નકશો, પૃથ્વીનો ગોળો વગેરે સાહિત્ય. માસ્તર ને છોકરા બેઠા છે.]



એક છોકરો: સાહેબ! નરોત્તમે કવિતા કરી છે.

માસ્તર: ચાલો. બેસી જાઓ. કોણ કવિતા કરે છે?

નરોત્તમ: (ધીમેથી ઉભો થઇને) સાહેબ! હું.

એક છોકરો: સાહેબ! એના મામા કવિ છે.

બીજો છોકરો: સાહેબ! ત્રીસ પેઢીએ એના વડવા કવિ હતા.

માસ્તર: હેં નરોત્તમ?

નરોત્તમ: હા સાહેબ; પૂછો ફુલચંદને.

માસ્તર: ફુલચંદ!

ફુલચંદ: જી સા'બ, હા. તમે કહ્યું કે સત્ય બોલવું, એટલે સાચું બોલું છું. ત્રીસ પેઢી થયા નરોત્તમના બાપદાદા ને તેના દાદા બધા કવિ છે.

માસ્તર: પણ ત્યારે તું ક્યાં જીવતો'તો?

ફુલચંદ: પણ સાહેબ! એ તો તમે ય—?

માસ્તર: (આંખ કાઢી) ઠીક; નરોત્તમ, તું કવિ છો?

નરોત્તમ: (ગર્વથી) જી હા. હું હસ્તલિખિત માસિક પણ કાઢું છું. એનું નામ 'પુષ્પધન્વા.'

માસ્તર: એમ? ત્યારે હવે તું કવિતા જ કરીશ?

નરોત્તમ: જી હા. કવિલોક બીજું શું કરે? અમે તો કવિ કહેવાઇએ. અમને બધી ખબર હોય. હું લેખ લખું છું; કવિતા કરૂં છું.

માસ્તર: ભાઇ! હમણાં તું એકચિત્તથી અભ્યાસ કરે તો પછી તને ફાયદો થાય.

નરોત્તમ: (સગર્વ) હું બીજું બધું ગોખીને શું કરૂં?

ફુલચંદ: સાહેબ! એ તો કહે છે કે ખરા કવિ કવિતા કરતાંકરતાં ગાંડા થઇ જાય.

માસ્તર: ત્યારે તો તું ગાંડો થઈ જતો હોઇશ.

નરોત્તમ: થતો નથી; પણ ધીમેધીમે થઇશ. કાલે હું કવિતા કરતાં, કેટલા વાગ્યા છે તે ઘડિયાળમાં જોતાં ભુલી ગયો હતો.

માસ્તર: ત્યારે અમે તને 'કવિ' કહેતા જઇએ.

નરોત્તમ: (શરમાતો હોય તેમ હસતો) સાહેબ! હું ક્યાં કવિરાજ છું? હું તો હજી સાધારણ કવિ છું. પ્રેમાનંદને કોઇ કવિ કહેતું તો માઠું લાગતું. મને પણ માઠું લાગે. પછી તમારી મરજી સા'બ!

માસ્તર: ભાઇ નરોત્તમ! જો, વિમાન કેમ બને છે?

નરોત્તમ: (વચ્ચેથી જ) સાહેબ! વિમાન નહિ પણ 'આકાશની પરી' એમ કહેવું જોઇએ.

માસ્તર: હા; પણ ભાઈ, એ પરીઓની રચના, વિજળીની વાતો, વનસ્પતિની વાતો, ખગોળભૂગોળની નવાઇ, આ બધું જાણવા માટે તું મહેનત કર તો? ભાઈ, હજી તને કવિ થવાને વાર છે!

નરોત્તમ: (અભિમાનપૂર્વક) સાહેબ! મારા બાપાએ કહ્યું છે કે હું કવિ થઇશ.

માસ્તર: ત્યારે તારી મરજી, ભાઇ! પણ હજી થોડી રાહ જોઇ હોત?

નરોત્તમ: સાહેબ! રાહદારી વિષે કલાપીની એક કવિતા છે!

માસ્તર: (હસતાં) એમ?

નરોત્તમ: સાહેબ, 'એમ' ની સાથે 'કેમ' કરીએ તો પ્રાસ મેળવ્યો કહેવાય.

માસ્તર: વાહ!

નરોત્તમ: સાહેબ! વાહ પછી 'આહ' આવે તો પ્રાસ મળે!

માસ્તર: ધન્ય.

નરોત્તમ: ધન્ય સાથે એક જ શબ્દ મળશે: 'અનન્ય.'

માસ્તર: હવે બેસી જા, ભાઇ, બેસી જા. તું હજી અભ્યાસ વધારજે, હો.

નરોત્તમ: (બેસતાં બેસતાં) સાહેબ! મેં અભ્યાસના કંટાળા વિષે કવિતા લખી છે.

માસ્તર: ચાલો, બસ કરો, બસ કરો. ફુલચંદ, તું સત્ય વિષે કવિતા કરી લાવ્યો છે?

ફુલચંદ: જી હા.

માસ્તર: બોલ ત્યારે.

[ફુલચંદ બોલવા માંડે છે.]

ફુલચંદ: (બોલતાંબોલતાં વચ્ચે અટકીને) સાહેબ!

આ કવિતા અમારે હમેશાં ગોખવાની?

માસ્તર: હા. કેમ છે? ગોખવું નહિ ગમતું હોય!

ફૂલચંદ: સાહેબ, આ કવિતા ગોખવામાં તો બહુ મઝા પડે છે. એકદમ યાદ રહી જાય છે.

માસ્તર: યાદ તો રહી જાય છે; પણ તે પ્રમાણે સાચું બોલો છો ખરા?

ફૂલચંદ: જી હા! આપણા રસ્તામાં કોઇ માણસ ચાલ્યું જતું હોય, ને પાછળ ગાય દોડતી આવે તો તરત જ હું બુમ પાડીને પેલા માણસને ખબર આપી દઉં છું. સાહેબ, હું પરોપકાર ને સત્ય એમાં જ માનું છું.

માસ્તર: તું સારો છોકરો છે.

ફૂલચંદ: સાહેબ! હું પણ કવિતા કરૂં છું. મેં સત્ય પર કવિતા કરી છે.

માસ્તર: અરે ભાઇ! તમે બધા બેસી જાઓ. આટલા બધા કવિ લેખકોને નાખશું ક્યાં?

ઈનામી હરિફાઈનું પરિણામ

'આગીની પળ'

એ વિષય ઉપર જાત-અનુભવની હકીકતો વાંચનારાઓ પાસે માગીને અમે ગયા જેઠ માસના (૪૨મા) અંકમાં એક ઇનામી હરીફાઇ મુકી હતી. જવાબમાં ઠીક સંખ્યામાં લેખો આવ્યા હતા. તેનો નિર્ણય આ નીચે જાહેર કરતાં અમને આનંદ થાય છે, અને 'આગીની પળ'માંથી છુટેલા એ ભાઇઓનું દીર્ઘાયુ ઈચ્છીએ છીએ.

સાથેસાથે એક દિલગીરીભરી હકીકત પણ અમારે જણાવવી જોઈએ, કે બહુ જ થોડા માણસોમાં આગીની પળે કેમ વર્તવું અથવા શું કરવું તેની તૈયારી કે માહીતી મળેલી દેખાય છે. આવેલાં લખાણોમાં પાણીમાં ડુબવાની હકીકતો વધારે છે. દુર્ભાગ્યે આપણા દેશમાં તરવાની રમત તથા હરીફાઈઓને બહુ જ થોડો અવકાશ છે, પણ બીજાઓની હકીકત સાંભળી દરેક જણ કુવા, તળાવ કે નદી પર ચોમાસામાં તરવાનું શીખી શકે. આગના અને જખમના અકસ્માતો માટે પણ બીજાઓના દાખલાથી અગમચેતી મેળવી શકાય. છતાં ય આફત આવી પડે ત્યારે પુરા ધૈર્યથી તેનો સામનો કરવાની ધીરજ અને હીમત કેળવવાં. કદિ પાછા પડવું નહિ.

ઈનામો મેળવનાર ભાઇઓની હકીકત 'કુમાર'માં અનુકુળતાએ પ્રગટ થશે. ઉપરાંત, બનશે તો બીજા ભાઇઓના અનુભવના સાર પણ આપીશું. તે પરથી ઘણાને એવી હકીકત મેળવી મોકલવાનું સુઝશે એમ અમે માનીએ છીએ.

પરિણામઃ પહેલું ઈનામ રૂા. ૩નું રા. 'અનિશ્ચિત'–કુમરેઠ; બીજું ઇનામ રૂા. ૨નું, રા. વીરપાળ ચત્રભુજ દેઢીઆ-મુંબાઇ; ત્રીજું ઇનામ રૂા. ૧નું, પાસવીર રૂપશી મોતા–મુંબાઇ. ઈનામ એક રૂા. ૧નું, 'અમી'–મુઝફરપુર.

નવી ઈનામી હરીફાઈ

(૧) નવ નિધિ કયા? (૨) અષ્ટ મહા સિદ્ધિ કઇ? (૩) 'બારે વહાણ ડુબ્યાં' વાળી કહેવતમાંનાં બાર વહાણ કયાં? (૪) રસ કેટલા અને કયા કયા? (૫) સપ્તર્ષિના તારાના ઝુમખામાં કયા ઋષિઓ ગણાય છે? તેમનાં નામ તથા તેમણે જીવનમાં શું કર્યું હતું તે જણાવો. (૬) સૌથી પહેલી લિપિ કયા દેશમાં થઈ મનાય છે, અને કયા જમાનામાં? (૭) અક્ષરોનું મુળ શેમાંથી? (૮) અક્ષરમાળા કયા દેશમાં પહેલી થઈ? (૯) ચીનાઇ, અરબ્બી, સંસ્કૃત અને યૂરોપની ભાષાઓમાં ફેર શાથી પડયા? (૧૦) પૃથ્વી પર પહેલવહેલી માનવજાતિ કયા ભાગમાં ફુટી? (૧૧) તે કેમ વિસ્તરી અને માણસોના નમુના જુદા કેમ પડયા? (૧૨) મનુષ્યમાં માંસ ખાનારી અત્યારે કઇ કઇ પ્રજાઓ છે? (૧૩) મનુષ્યને ભૂમિદાહ દેવાનો-કબર કરવાનો રિવાજ કેટલા ધર્મોમાં છે અને કેટલા દેશોમાં હાલ ચાલુ છે? (૧૪) મનુષ્ય ઉપર કોઇએક વધુ બલવાન સત્તા છે એ શી રીતે સમજો છો? (૧૫) મનુષ્યે ઇશ્વર વિષે પહેલવહેલો વિચાર કયારે બહાર પાડયો? (૧૬) મનુષ્યનો ફરી અવતાર થાય છે એવું કેટલા દેશો માને છે? (૧૭) માણસની શક્તિઓ શરીરમાં જ હોય છે કે બહારથી આવે છે? (૧૮) નિદ્રા એ શું છે? તે શાથી આવે છે? તેથી માણસને શા લાભ મળે છે? તે વખતે માણસના મન તથા શરીરનો સંબંધ કેવો હોય છે? શરીર તથા મન બંને સુઇ જાય તો શરીરની સંભાળ શાથી લેવાય છે? (૧૯) માણસ બાળકમાંથી વધતો જઈ મોટું શરીર પામે છે તેમ એનું એ શરીર વધે છે કે બદલાય છે? (૨૦) માણસ મરી જાય છે તેની સાથે જ શરીરની બધી ક્રિયાઓ બંધ થાય છે. તો એ ક્રિયાઓ ચાલુ રાખનારા તત્ત્વનું શું થાય છે? (૨૧) શરીર છોડયા પછી જીવનનો અનુભવ રહેતો હશે? કેવી રીતે?

તમારી બુદ્ધિ ચકાસવા માટે ઉપરના એકવીસ પ્રશ્નો આપ્યા છે. તે ઉપર વિચાર કરી જવાબો ઉતરાણની સુધીમાં તંત્રીને સરનામે લખી મોકલો. સંપૂર્ણ સરસ જવાબ આપનારને રૂા. ૧૦)નું એક ઇનામ; તે સિવાય બીજાં ઉતરતાં ત્રણ ઈનામો. એ ઉપરાંત ઉપરનામાંથી ગમે તે પાંચ સવાલોના સારા સંતોષકારક જવાબો આપનારને પાંચ નાનાં ઈનામો અપાશે. ઈનામો આવતે વર્ષે પણ જે 'કુમાર'ના ગ્રાહક તરીકે ચાલુ હશે તેને જ મળશે, માટે જવાબ સાથે નામઠામ તથા ગ્રાહક નંબર અવશ્ય જણાવવાં.

જે. કૃષ્ણમૂર્તિ

ભારતનો 'અવતારી' મનાતો કુમાર

જે હોવાની એ પોતે ના પાડે છે

અમેરિકાના 'ઈવનિંગ વર્લ્ડ' પત્રના પ્રતિનિધિએ પારીસમાં કૃષ્ણમૂર્તિની લીધેલી મુલાકાત દરમ્યાન એમના 'અવતાર' કહેવડાવવા સંબંધેના ભારે બોજ વિષે પ્રશ્ન કરતાં એમણે ખડખડાટ હસીને જણાવ્યું કે 'મારે કહેવું જોઇએ કે એ જરા બોજો તો છે, પણ હું આ દુનિયાને તારવા નીકળ્યો છું ને એવુ બધું તો અર્થવગરનું છે એમ તમે માનો તો કંઇ ખોટું નથી. હું તો એક સામાન્ય માણસ છું. . . . જગતને મારો 'સંદેશો' શો છે એ તમારે જાણવું છે? એમાં નવું કંઇ જ નથી. કડક શારીરિક પવિત્રતા, નિરામિષાહાર અને આધ્યાત્મિક વિકાસ તથા શાંતિ માટે આધુનિક જીવનની જંજાળોમાંથી વારંવાર થોડો સમય દૂર એકાંતમાં જઇને શાંત વિચારણા અને નિદિધ્યાસનની જરૂર. એ ઉપરાંત હું દાન, પ્રેમ, ક્ષમા અને સર્વ ધર્મના ઐક્યને પણ બોધું છું. . . . મારે વિષે લોકોમાં આવા ખોટા ભુલભરેલા વિચાર ક્યાંથી આવ્યા એ હું નથી જાણતો. હું તો આ જાહેરાતથી ડરૂં છું. બાકી કોઇના ઇરાદાઓનો ઉંધો અર્થ લેવો એ તો સહેલું છે.' (લિટરરી ડાઇજેસ્ટ)

થીઓસોફી અને થીઓસોફિકલ સોસાએટી, આ શબ્દો જગત ઉપર હમણાં સૌનું ધ્યાન ખેંચી રહેલા છે, અને આ જ સોસાએટી દ્વારા આપણને આ અવતારી મનાતા કુમારનું ઓળખાણ થયું છે. આ સોસાએટી ઇ. સ. ૧૮૭૫માં અમેરિકાના ન્યૂ યૉર્ક શહેરમાં રશિયન બાનુ મૅડમ બ્લૅવેટસ્કી તથા કર્નલ ઑલકૉટે સ્થાપ્યું. કહેવાય છે કે હિમાલયવાસી એ જીવનમુક્ત પુરુષો તરફથી આ મંડળ સ્થાપવાની તેમને પ્રેરણા થઇ હતી. 'સત્ય એ જ પરમ ધર્મ છે' એવો એ મંડળનો મુદ્રાલેખ છે.

આ સંસ્થાના સ્થાપનારાંઓના મૃત્યુબાદ ડૉ. ઍની બેસન્ટ સંસ્થાના નાયકનો દરજ્જો ભોગવતાં આવ્યાં છે અને તેમાં અડગ રીતે તેમની બાજુએ ઉભા રહીને બિશપ લેડબીટર, બિશપ એરૂન્ડેલ અને શ્રી જીનરાજદાસ મદદ આપી સંસ્થાની પ્રગતિ કર્યે જાય છે.

મદ્રાસ ઇલાકાના મદનાપલ્લે નામના ગામમાં ૧૮૯૫ના મે માસની ૨૫મી તારીખે જન્મેલા કૃષ્ણમૂર્તિ અને તેમના નાનાભાઇ શ્રી નિત્યાનંદ એ બંને બાળકો ડૉ. બેસન્ટ તથા બિશપ લેડબીટરના સંબંધમાં આશરે ૧૯૦૮માં આવ્યા. કહેવાય છે કે યોગે કરીને આ કુમારોનું પૂર્વ જન્મનું વૃત્તાંત તેમને જણાયું અને એમણે તરત આ ભાઇઓને પોતાના આશ્રય નીચે લઇને તેમની કેળવણીનું કામ હાથમાં લીધું. ત્યાર બાદ ડૉ. બેસન્ટને આ કુમારોના પિતા સાથે થોડો ક્લેશ થયો, પરંતુ એ પ્રકરણ થોડા વખત પછી પતી ગયું અને આ કુમારોને એ અદ્ભુત બાઇએ પોતાના મહાન ગુરુઓની આજ્ઞાનુસાર અથાગ પ્રયત્ન કરી કેળવણી આપી તથા અત્યારના ઉચ્ચકોટિએ પહોંચેલા કૃષ્ણમૂર્તિરૂપે જગત સમક્ષ તૈયાર કરીને મુક્યા.

આ બે ભાઇઓની જોડી અત્યારે તો ખંડિત થઇ ગઈ છે. પોતાના મોટા ભાઇનું તેજ ઝીલતો કર્તવ્યનિષ્ઠ ભાઇ નિત્યાનંદ ઈ. સ. ૧૯૨૫માં વિદેહ થયો.

થીઓસોફિસ્ટ માન્યતાવાળાઓ શ્રી કૃષ્ણમૂર્તિને પૂજ્ય સંબોધનાર્થે 'કૃષ્ણજી' કહે છે. કૃષ્ણજીની સાથેના સંબંધ માટે ડૉ. બેસન્ટે એક સ્થળે નીચે મુજબ જણાવ્યું છે: 'કૃષ્ણજીને મેં ૧૯૦૯માં જોયા. દેવોથી રક્ષાએલ એક તેજચક્રમાં ઉભેલા; સાક્ષાત બુદ્ધદેવ તેમની પાછળ ઉભા હતા. આ વખતે એક ગેબી અવાજ સંભળાયો: 'પ્રભુનો સંદેશવાહક આ કુમાર થશે. તેનું રક્ષણ કરી પાત્ર બનાવવાનું માથે લેનાર તમારામાંનું કોઇ છે તૈયાર?' મેં અને બંધુ લેડબીટરે આ કાર્ય 'હા' કહી હાથ ધર્યું.



જે. કૃષ્ણમૂર્તિ (હિંદી પોશાકમાં)

કૃષ્ણજીને તેમના પિતા પાસેથી લઇને મારી પાસે રાખતાં મને બહુ વિટંબણાઓ પડી. મદ્રાસની હાઇ-કોર્ટમાં હું હારી ગઈ, પણ પ્રીવી કાઉન્સિલમાં વિજયી થઇ; અને તે પછીનાં વર્ષો જતાં કાંઈ વાર નથી લાગી. અત્યારે કૃષ્ણજી તેમના મહાન કાર્યના ઉંબર ઉપર તમારી સામે ઉભા છે. જગતગુરુનું કામ તે કાંઇ તેમના એકલાનું નથી. આપણે સૌએ તેમાં હાથ આપવાનો છે.'

કૃષ્ણમૂર્તિની કેળવણી માટે તો, મોટે ભાગે તે તેમણે પોતાના જ પ્રયત્નથી પ્રાપ્ત કરી કહી શકાય. તેમણે લગભગ ૧૦થી ૧૨ વર્ષ યૂરોપમાં જ ગાળ્યાં છે અને ત્યા કોઇ શાળા અથવા વિદ્યાલયમાં ગયા નથી. તેમનું અંગ્રેજી તથા ફ્રેંચ ભાષાનું જ્ઞાન સંપૂર્ણ જેવું કહી શકાય. આ બંને ભાષાના જાણીતા લેખકોનો તેમણે પુરેપુરો અભ્યાસ કર્યો છે. સંસ્કૃત ભાષા દ્વારાના અગત્યના લગભગ બધા ગ્રંથોનું જ્ઞાન પણ તેમણે સંપાદન કરી લીધું છે. બાકી તો મનુષ્યમાત્ર મરણપર્યંત વિદ્યાર્થી જ રહે છે, અને એ રીતે કૃષ્ણજીનો અભ્યાસ પણ હજુ ચાલુ જ છે.

ઇ. સ. ૧૯૦૮માં દક્ષિણ હિંદમાંથી જાહેર પ્રજાની નજરે પડેલા નાનકડા કૃષ્ણમૂર્તિ એ તેમનું પહેલું ઓળખ. બીજું ચિત્ર ૧૯૧૩-૧૪નું લંડન અભ્યાસ શરૂ કરવા ગએલા તે. આ ચિત્રમાં એ શરમાળ અને ઓછાબોલા પરંતુ સર્વની સાથે ઓળખાણ કરી લેવા મથતા દેખાય છે. ત્રીજું ચિત્ર તે છેલ્લું ૧૯૨૬-૨૭નું. આ ચિત્રમાં આપણે તેમને બહુ ઉચ્ચ સંસ્કારે પહોંચેલા જોઇએ છીએ.

૨

કૃષ્ણજીને અવતારી પુરુષ તરીકે વિસરી જઇને એક વ્યક્તિ તરીકે તપાસીએ. તેમનું સ્વરૂપ મોહક, સૌમ્ય અને સાધુતાવાળું જણાય છે. તેમની કાયા એકવડી છતાં સુડોળ છે. ચહેરાની આકૃતિ સમતોલ અને સંપૂર્ણ છે. આપણામાં ઘણા યે સર્વાંગસુંદર હોય છે, પણ કૃષ્ણજીમાં જે મોહકતા છે તે બધે નથી હોતી. તેમની મોટી લાંબી આંખોમાંથી નરી નમ્રતા ઝરે છે. વિનયમાં તો તેમને કોઇ પહોંચે નહિ. દરેક સ્થિતિના માણસને મળવા તે સદા તૈયાર હોય છે. ધૈર્ય ખોઇ દીધેલી અશાંત સ્થિતિમાં તેમને કોઇએ જોયા નથી. ભિન્નભિન્ન દેશોમાં ફરતાં, ત્યાંના રિવાજોને અનુકુળ થઇ જવામાં પોતે માને છે. ટુંકો કે લાંબો ગમે તેવો પત્ર લખવામાં તે પૂરો અર્થસૂચક તથા ચોકખા અક્ષરે લખાય તે માટે એ બહુ ચીવટ રાખે છે. એ કહે છે જે કાંઇ કરવું તે સંપૂર્ણપણે કરવું. જો જીવનની નાનીનાની વસ્તુઓ જ આપણી કસોટીનાં સાધનો છે તો તે વસ્તુઓને સંપૂર્ણપણે શા માટે ન કરવી એમ તેઓ હમેશાં કહે છે.

રમતગમતનો તેમને શોખ છે. ટેનિસ, ગૉલ્ફ અને ઘોડેસવારી સારાં જાણે છે. મૉટર વિષેનું પણ તેમને સારૂં જ્ઞાન છે.

ચિત્રકાર, સ્થપતિ, વૈજ્ઞાની, વ્યાપારી કે એવી કોઇ પણ વ્યક્તિને તેના ક્ષેત્રને લગતી વાત કરવામાં કૃષ્ણમૂર્તિ એકસરખો આનંદ આપી શકે છે. તેમની અવલોકન તથા પૃથક્કરણ કરવાની શક્તિ ઘણી જ સરસ છે એમ નિકટ વસનારાઓ કહે છે.

વિનોદનો ગુણ તો તેમનામાં સારા પ્રમાણમાં છે. આ રસ પોતે સારી રીતે આપી તથા લઇ જાણે છે. એમને વિષે અંગત અનુભવે લખનાર અમેરિકાના જાણીતા કળાકાર મિ. મૉન્ટગૉમરી ફ્લૅગ, જે પોતે થીઓસોફિસ્ટ નથી, તેમણે એમને સારો ન્યાય આપ્યો

છે. મિ. ફ્લૅગના જ શબ્દો આ રહ્યા: 'આ બ્રાહ્મણ કુમાર આ નવા યુગના મહાન કાર્ય માટે સંસ્કાર પામી રહેલો છે તે હું જાણું છું. આપણને તો કઠણ થઈ પડે તેવું દારૂ, તમાકુ અને માંસભક્ષણ વગરનું ઘણું જ નિર્મળ એવું તેનું જીવન છે. . . . તેનો સદ્‌ગત નાનો ભાઇ જેને કૃષ્ણજી કહી સંબોધતો એ આ કૃષ્ણજી નાજુક બાંધાનો અને સરળહૃદયી જણાય છે. રંગે ભીનો, મોટું માથું, સુંદર કાળા કેશ, નમ્ર મોટી આંખો, અણિયાળું સીધું નાક અને ભાવવાહી મુખવાળો છે. બહુ જ ઉચિત એવાં સંપૂર્ણ યૂરોપિયન ઢબનાં કપડાં તે પહેરે છે. વળી તે વિનોદી છે. ધાર્મિક પવિત્રતાની સાથે કપડાં પહેરવાનો શોખ અને હાસ્યરસિકતાનું મિશ્રણ હોઇ શકે જ નહિ એવો ઉંધો ખ્યાલ ઘણાંયને હોય છે, પણ હું તે ભુલભરેલું માનું છું. મારા કલામંદિરના ખંડમાં મેં આ બંને ભાઇઓને એકલા જે વાતો કરતા સાંભળ્યા તે પરથી, તેમને જો હું ઓળખતો ન હોત તો તે વખતે અવશ્ય એમ જ માનત કે કોઇ ઉચ્ચ સંસ્કારી બે અંગ્રેજ કુમારમિત્રો વાર્તાલાપ કરે છે. પેન્સિલથી હું તેમનું ચિત્ર દોરતો હતો ત્યારે સ્કેચને માટે જ તે મારી સામે બેઠેલા છે એવું જરા પણ મને ભાન થવા ન દેતાં સ્વસ્થતાપૂર્વક, નિર્વિકારપણે તે બેસી રહેલા.

આવા આ કુમારે બાર વર્ષની કુમળી વયે 'ઍટ ધ ફીટ ઓફ ધ માસ્ટર' (ગુરુચરણે) એ નામનું એક મનનીય પુસ્તક લખ્યું છે. . . . મેં ચિત્ર પુરૂં કરી તેમને આપ્યું ત્યારે અતિ આનંદથી હસીને પોતાના ભાઇને એ કહે, 'કેમ, તને આ મારી આબેહુબ નકલ લાગે છે કે? એમ જ હોય તો તો હું બહુ રૂપાળો લેખાઉં!' આવો મધુર કુમાર આપણું દિલ કેમ ન જીતી લે? પણ તેની આ આકર્ષક મોહકતા ઉપરાંત બીજું એક અવર્ણનીય તત્ત્વ તેનામાં મેં જોયું. હું પુરૂં ચોક્કસ કહી નથી શકતો, પણ એનું ઓજસ (Aura) મને દેખાયું હોય એમ જાણે લાગ્યું. એટલું તો નક્કી કે અગાઉ કદિ નહિ અનુભવેલો એવો, સૂર્યના સુવર્ણ પ્રકાશમય આનંદ તેના સાન્નિધ્યમાં મેં અનુભવ્યો. સૌજન્ય અને ખાનદાની તો કૃષ્ણમૂર્તિમાં જાણે પ્રકાશી રહેલાં છે.'



જે. કૃષ્ણમૂર્તિ (અમેરિકામાં)

તેમનું મિત્રમંડળ મોટું છે અને સર્વના પોતે હદ બહારના માનીતા છે. મિત્રોના આનંદ અને શોકમા તેઓ સરખો ભાગ લે છે. ઘણા યે મિત્રોનાં દુ:ખ તો એવાં હોય છે કે જેવાં તેમને માટે કલ્પનામાં આવવાં પણ અશક્ય હોય, છતાં એ દુ:ખનો વિચાર કરી, બધાં પોતાનાં માની લઇ, એ મિત્રોનો જીવન-માર્ગ તપાસી, મિત્રને પસંદ પડે તેવી જાતનો માર્ગ કાઢી આપી શકે છે. બાળકો તરફ તેમની મીઠી નજર છે અને પ્રભુના એ ફિરસ્તાઓ સાથે મળી જતાં તેમને આવડે છે. વનસ્પતિને જીવંત માની તેના પ્રત્યે બહુ માનભરી રીતે વર્તે છે. મુંગા જીવોનું કષ્ટ જોઈ ગળ-ગળા થઈ જતા તેમને મિત્રોએ જોયા છે.

કુદરતના તો એ ભક્ત છે. અમેરિકાના છાપાંના એક પ્રતિનિધિએ પુછેલા સવાલોમાંના એકનો તેમનો જવાબ એવો હતો કે પ્રસંગ મળતાં એકાંત જગ્યાએ દોડી જઇ કુદરતનું નિરીક્ષણ કરી પ્રભુની ઝાંખી કરી લેવામાં હું માનું છું. સૂર્યોદય, સૂર્યાસ્ત અને રાત્રિએ મહાન છાયાઓ પાથરતી પર્વતમાળાઓનાં દશ્યોનાં વર્ણન કરતાં તેમનો આનંદ માતો નથી.

૩

રશિયામાં ચાલતી બોલ્શેવિઝમની ચળવળ



જંગલમાં ભરાએલી થીઓસોફિસ્ટ સભા : કૃષ્ણમૂર્તિ ઝાડને અઢેલી ઉભા છે.

ત્યાંના કુમારોની જ મદદ વડે પગભર થઇ; ચીન પોતાની સ્વતંત્રતા માટે પ્રયત્ન કરી રહેલું છે તે પણ ત્યાંના કુમારોના જ જોરે; અમેરિકા આબાદ થઇ ગયું છે પણ તે વધુ આબાદ બને તે માટે તે પોતાના કુમારોના સંસ્કાર પાછળ કરોડો રૂપિયા ખર્ચે છે. સંસ્કારી એવો દરેક દેશ પોતાના કુમારોની ઝળહળતી કીર્તિ જોવા ગાંડોઘેલો થઈ જાય છે. જગતને અત્યારે અસંખ્ય ઉત્તમ કુમારોની જરૂર છે તે વખતે, આપણે વિશુદ્ધ ચારિત્ર્ય ઘડી સામે જણાતા જીવનપંથ માટે તૈયાર બનવું જોઇએ. જગત ઉપર અભેદ્ય થઇ પડેલો અશાંતિનો દુર્ગ શસ્ત્રોથી નહિ પણ વિશુદ્ધ ચારિત્ર્યો અને પ્રેમનાં બળથી જ તુટશે. 'અવતારી' મનાતા આ યુવાન કૃષ્ણજી પણ જગતને એ પ્રેમ અને વિશ્વબંધુત્વનો જ સંદેશ આપે છે. એ કહે છે કે જે વ્યક્તિને આ જગતમા જીવી જાણવું છે તેણે જુની પ્રણાલિકાઓથી અળગા થઇ પોતાના યુગને લાયક બની કાંઇપણ નવું કરી બતાવવું જોઇએ. અનેક શક્તિઓથી સમૃદ્ધ ને પર્વતની જેમ અજેય તે જ વીર ઉભો છે, જેણે પોતાની જાતને ઓળખી છે, જેણે પોતાનું જીવનધ્યેય પોતાને જ હાથે ઘડ્યું છે ને જે પોતાના એ ધ્યેયને અડગ રીતે અનુસરે છે.

કૃષ્ણજીએ પોતાનાં જીવનસૂત્રો પોતાની મેળે જ શોધી લીધાં છે. એમનાં પુસ્તકોમાં પેલી ગંભીર જણાતી જનમ-મરણની થીઓસોફિસ્ટોની વાતો જેવું કશું નથી. એમની વાતો લગભગ ચારિત્ર્ય ઘડતી, સચોટ, મુદ્દાસરની તથા તરત સમજાય તેવી છે. આ વર્ષે પ્રસિદ્ધ થએલું તેમનું Kingdom of Happiness (સુખનું સામ્રાજ્ય) નામનું પુસ્તક સરળ વિચારો અને ભાષામાં તેમના અભ્યાસનું ઉંડાણ બતાવે છે.

જીવનનું ખરૂં સુખ એ આધ્યાત્મિક જીવન ગાળવામાં,—સત્કાર્યો કરવાં, નિઃસ્વાર્થી બનવું, માયાળુ થવું ને સત્યને ઓળખી શાશ્વત સુખ મેળવવામાં માને છે. આપણને સ્થૂળ વસ્તુઓમાં આનંદ લેતા જોઇ એ ધિક્કારતા નથી; પણ એ વસ્તુઓ અગત્યની તો નથી જ એમ કહે છે.

હજારો ગાઉ દૂરથી અનેક ભાવિક થીઓસોફિસ્ટો ઉત્સાહભર્યા એમને મળવા આવે છે,–એવી આશાથી કે એ દૈવી પુરુષના સ્પર્શમાત્રથી જ તેમને કાંઇક દૈવી વસ્તુ મળી જશે! પણ આવા આસ્તિકોની એ ભુલ પહેલેથી જ કૃષ્ણજી દૂર કરી દે છે: 'હું તમારા જેવો જ મનુષ્ય દેહધારી છું, અને જેમ મેં મારો માર્ગ મારી જાતે ઘડી કાઢ્યો છે તેમ તમે પણ કરી શકો.'

૪

જગતગુરુના આગમન વિષેની આગાહીઓ લગભગ દરેક ધર્મશાસ્ત્રમાં નજરે પડે છે; અને અત્યારનો સમય એટલો બધો અંધાધુંધીભર્યો થઇ પડ્યો છે કે તેમાંથી માર્ગ બતાવનાર કોઈપણ મહાન શક્તિને કુદરતે જ સરજાવવી જોઇએ. એ મહાન શક્તિ તે જગતગુરુ!

એવો કોઈ મહાપુરુષ જગત ઉપર જલદીથી પધારશે એવી પ્રથમ આગાહી ડૉ. બેસન્ટે ૧૯૦૯માં કરી હતી, અને ત્યાર પછીથી અત્યાર સુધીમાં એ આગાહીને પોતે અવારનવાર વધુ ભાર દઇને જણાવતાં આવ્યાં છે. આ આગાહી એવી રીતની છે, કે જગતના કલ્યાણ માટે જગતગુરુ જ્યારે કામ કરવાને પધારશે ત્યારે તેઓ કૃષ્ણમૂર્તિના શરીરમાં વાસ કરીને પોતાનું કાર્ય કરશે.

આ આગાહી જો ખરા સ્વરૂપમાં ફળ પામે તો પછી તે વખતે જગતગુરુને ઓળખવા મદદ રૂપ થઈ શકાય તે દૃષ્ટિથી, ૧૯૧૧ જાન્યુઆરીમાં કૃષ્ણજીના

પ્રમુખપદ નીચે એક તારકસંઘ (Order of the Star in the East) નામનું મંડળ સ્થપાયું છે. આ સંઘના સભ્યોને તેમના મુરબ્બીઓ તરફથી અવાર-નવાર ભાર દઇને કહેવામાં આવે છે કે જગતગુરુના સેવક રૂપે તમે તૈયાર થઈ રહેલા છો તો પછી તમારા જીવનની નાનામાં નાની વસ્તુથી માંડીને મોટી વસ્તુ સુધીમાં પવિત્ર, સ્વચ્છ, નિયમિત અને વ્યવસ્થાશાળી બનો. આપણા જીવનના નિત્યક્રમમાં જે કાંઇ કરીએ છીએ તે પ્રભુને ગમશે કે નહિ એ વિચાર નિરંતર ધ્યાન આગળ રાખી કામ કર્યા કરજો.

ઘડીભર માનવું કે ન માનવું એવી મુંઝવણમાં મુકનાર જગતગુરુના 'અવતાર'ની આ વાતે હવે ચોક્કસ રૂપ લીધું મનાય છે. યૂરોપના હૉલૅન્ડ દેશમા ઓમેન નામના નાનકડા ગામની પાસે એક ઉમરાવની સુંદર પ્રાચીન જાગીર આવેલી છે. ત્યાં ચાલુ વર્ષના ગયા ઑગસ્ટ માસમાં થીઓસોફિસ્ટોના 'ઑર્ડર ઑફ ધ સ્ટાર' મંડળના સભ્યો દેશવિદેશથી તેમના આ માનીતા અવતારી કુમારનાં વચનો સાંભળવા ભેગા થયા હતા. સમગ્ર જગત જ્યારે પૂર જોશમાં જીવન-કલહમાં આગળ ધપ્યે જતું હતું ત્યારે અહીં આવી વસેલા એ જીવો શાંતિથી, ત્યાગવૃત્તિથી, સગા ભાઇઓ પેઠે રહી આઠ દિવસનું શાંતિમય જીવન જીવ્યા અને તેમને કૃષ્ણમૂર્તિમાં દૈવી અંશ પ્રતીત થયો, આવું ત્યાંના સંમેલનનો પ્રસિદ્ધ થએલો હેવાલ કહે છે.



કૃષ્ણજી : અમેરિકન કલાકાર મિ. જે. મૉન્ટગૉમરી ફ્લૅગે દોરેલો સ્કેચ

જગતમાં પાપનો ભાર બહુ થાય છે ત્યારે એકાદ અવતાર પૃથ્વી ઉપર થાય છે તેવું ગીતાનું વચન છે. સર આર્થર કૉનન ડૉઇલ, ઑલિવર લૉજ અને બીજા આધ્યાત્મવિદ્યાના યૂરોપીય સંશોધકો પણ કોઇ અવતાર થોડા સમયમાં થાય તેવી ધારણા રાખે છે. ત્યારે શું આ અવતાર તે આ હિંદી યુવક કૃષ્ણમૂર્તિ દ્વારા જ થયો છે—કે થશે?


કૃષ્ણમૂર્તિએ કોઇ દૈવી ચમત્કાર કર્યાનું કોઇની જાણમાં નથી, અને કરી બતાવે તેવું તેમનું વર્તન પણ નથી લાગતું. ચમત્કારો કરતાં ખરા પુરુષાર્થમાં તેઓ વધુ માનતા જણાય છે. વળી આપણાં મન ઉપર ધર્મગુરુની જે જુની છાપ પડેલી હોય છે તે મુજબ, ચોક્કસ સ્થળે બેસી રહી, ગંભીર ચહેરો રાખી આશીર્વાદ આપતા ઉંચાનીચા થતા હાથવાળા ધર્મગુરુનો વિચાર પણ આ કૃષ્ણમૂર્તિને નજરે જોતાં જ ઉડી જાય છે; અને મીઠું હસતો, આપણો જાણે જુના કાળનો કોઇ મિત્ર હોય તેમ એ સામે ઉભા રહે છે.

વર્તમાનયુગના સંસ્કાર પામેલો આ કુમાર તેના સમયના વહેણ પ્રમાણે જીવન જીવી પોતાનાં સમયોચિત સૂત્રો જગતને આપશે એ જ વિચાર મન તો વધુ બંધબેસતો લાગે છે. વીસમી સદીના આ યુગમાં સેંકડો વર્ષ પૂર્વેનું કોઇ થઇ ગએલા અવતારોમાંનું રૂપ અને કામ નવો અવતાર હાથ ધરે તેના કરતાં, નવયુગના યુવાનની જેમ કૃષ્ણમૂર્તિ આજે એક પ્રાંતમાં તો કાલે બીજા પ્રાંતમાં, વાયરલેસથી અને મોટાં લાઉડ સ્પીકરોથી હજારો માણસ સમક્ષ બોલે; મોહક છાપણીવાળાં નાનકડાં સુંદર પુસ્તકો લોકોને આપે; સ્વચ્છતા, આરોગ્ય અને ચારિત્ર્યનાં સૂત્રોને ધર્મસૂત્રો તરીકે જનસમૂહ આગળ ધરે; બહુ મોટાં માણસોની જેમ ખુબ સામાન અને નોકરોના રસાલા સાથે પરાધીન સ્થિતિમાં ફરવાને બદલે જરૂરી ચીજો એકલે હાથે ઉપાડી સ્વતંત્ર રીતે હરેફરે;—આવી બધી વાતો જરૂર આ નવા અવતારને માટે ઘટતી થઇ પડે.

ચુનીલાલ ભટ્ટ



પૂનાની બજારનું દૃશ્ય



પૂનાની નદીનો બંધ

શિવાજી મહારાજના દેશમાં . . સિંહગઢ અને પૂના

ગઢમેં ગઢ ચિત્તોડગઢ ઔર સબ ગઢૈયાં

પૃથ્વીના પડ માથે ગઢ તો એક ચિત્તોડગઢ: બાકી બધી વંડીઓ. આમ કહેનારે સિંહગઢ નહિ ભાળ્યો હોય; નહિતર એને ફેરવી બાંધવું પડત કે 'ગઢમેં ગઢ સિંહગઢ ઔર સબ ગઢૈયાં.'


ચિત્તોડગઢનો પ્રભાવ અને યશ કદાચ મેવાડના પ્રતાપી રાણાઓને આભારી થશે. પણ પ્રતાપી સિંહગઢે તો શિવાજી મહારાજ અને તાનાજી માલસુરેને પોતાની ગોદમાં રક્ષણ આપી નવખંડ નામના પસરાવી છે. હજી કાલ સવાર સુધી પેશ્વાની પડતી પાદશાહત એ નમવી રહ્યો'તો. સિંહગઢની બાંકે ગોરા સોલ્જરો પૂના સામે મીટ નહોતા માંડી શકતા. પણ આજ જેમ રાજકારણનાં ચુંથણાં મુકી મહાત્માજી રેંટિયો લઇ બેસી ગયા છે તેમ એ અડગ વીર પોતાની બધી યે બાહ્ય પ્રતિભા સંકેલી રોગીઓનું આરોગ્યગૃહ બની ગયો છે. એને ફરતી નાનીમોટી ડુંગરીઓ પણ લીલી કુંચન સાડીઓ ત્યજી સુકા ઘાસની સફેદ ઓઢણીઓ ઓઢી ઉભી છે.

છતાં ય સિંહગઢ તે સિંહગઢ. મોટરમાંથી ઉતર્યાં ને પહેલી નજરે જ એની શેહમાં અમે અંજાઇ ગયા. બીજી ક્ષણે જ, જેને જોવા મન અધીરૂં થયું હતું એ ગઢને જોઇને હૈયું નાચવા માંડ્યું. કેમ જાણે કોઇ પ્રિયજનની ભેટ થઇ હોય! ઉડીને ઉપર પહોંચવા મન થયું. અમે ઉતાવળે પગલે ચડવા મંડ્યા. ભાર બહુ નહોતો. માત્ર ટાઢની બાંકે ઓઢવાનાં લીધેલાં. ગઢ ઉંચો સારીપેઠે છે, પણ ચઢણ આકરી નથી. ડુંગરા ચડવામાં પગ ટેવાઇ ગયા'તા એટલે થાક બહુ ઓછો લાગ્યો. સુરજ આથમવા માંડ્યો. અમારી નજર બુરજ ઉપર પડી. બે ધોળી ટોપી દેખાઈ.

પૂ. કાકાસાહેબ તબિયત સુધારવા સિંહગઢ આવેલા. અમે એમને ખબર આપી દીધા'તા. દિવસ નક્કી નહોતો. અમે ઝપાટાબંધ ઉપર ચડવા માંડ્યા. પૂ. કાકાસાહેબના જેલસાથી શામળભાઈ અને કાકાસાહેબના નાના દીકરા બળવંતરાવ અમને જોઇ સામા આવ્યા. રામરામ કરી અમે દરવાજામાં પેઠા.

દરવાજો દોઢ વાળી બનાવ્યો છે. ખખડધજ જેવો ઉભો છે. જીર્ણ થઇ ગયો છે તો ય એની મજબુતાઇ જેવી ને તેવી છે. ગઢને ત્રણ દરવાજા છે. અંદરના ભાગમાં મોટી વાવ છે. નિર્મળ પાણી મોઢા સુધી ભર્યું છે. પડખે જ મોટી ધોડાર છે. ડુંગરાના પોલાણમાં કોતરી કાઢી છે. ગઢ ઉપર હવા ખાવાના ત્રણ બંગલા છે: કાકાસાહેબ વચલા બંગલામાં રહેતા હતા. અમારો અવાજ સાંભળી કાકાસાહેબ બહાર નીકળ્યા. અમે પ્રણામ કરી આશીર્વાદ મેળવ્યા. કાકાસાહેબ સાથે બે દિવસ ગાળવાના; અને તે ય સિંહગઢ ઉપર! અમારા હરખનો પાર નહોતો.

ગોપાળભાઇ અને શામળભાઈ રસોઇ કરવા લાગ્યા. કનુ, વિનુ, મનુ, બચુ નવું 'કુમાર' જોઇ એની ઉપર તુટી પડ્યા. ત્યાં તો કાકાસાહેબ કહે, 'ભાવનગરમાં 'કુમાર' મળશે, સિંહગઢ નહિ મળે.' કાકાસાહેબ સાથે અમે ગઢ જોવા નીકળ્યા. સંધ્યાના તેજે સિંહગઢની રમણીયતા બેવડાઈ ગઇ'તી. આમ પડખે જ તોરણા ને રાજગઢ એક ધોંસરીએ પડ્યા છે. દૂર દૂર ડુંગરાઓની અનંત હારમાં રાયગઢ ડોકિયાં



પેશ્વાનો જુનો કિલ્લો : પૂના



પર્વતી-ટેકરી : પૂના

કરે છે. એક તરફ પુરંદર ગઢ સમોવડિયો થઇને ઉભો છે. અમે પાછળના ભાગમાં ચાલ્યા.

ગઢની રાગેરાગે વધ્યા જતા'તા, ત્યાં કાકાસાહેબ અટક્યા. આમ નીચે હાથ કર્યો. ઉંડી ખાણ કહી શકાય એવી ખાઈ. અને ગઢની કોરથી પચાસેક ફુટ નીચે મોટી જબરી સો મણની શિલા! શિલાનું નામ તાનાજી દગડ! એ શિલા ઉપર ચંદનઘો ચોંટાડીને તાનાજી ઉપર આવેલો. અને પાંચ હજાર રાંકોડના સરદાર ઉદયભાનુને હાર મારેલો. પોતે મરીને ગઢ લીધો. એ શિલા જોતાં જ તાનાજીની નીડરતા અને ચપળતાનો ખ્યાલ કરી શકાય છે.

ત્યાંથી ગયા કલ્યાણ દરવાજે. બધા દરવાજામાં એ સૌથી વધારે સારો રહ્યો છે. આસપાસનો કુદરતી દેખાવ વર્ણવી વર્ણવીને થાકી જવાય. આપણું એ ગજું નહિ; કોઇ કવિ જોઇએ.

દીવાબત્તી થયે ઉતારે આવ્યા. જમીકારવીને કાકાસાહેબ સાથે, પેટભરીને તો નહિ પણ થોડીઘણી વાતો કરી. શામળભાઇએ જેલના અનુભવો વર્ણવી ખુબ હસાવ્યા. કાકાસાહેબ તો અમને અઠવાડિયું રોકાવાનો આગ્રહ કરવા મંડ્યા; પણ અમારે શાળામાં રજા નહિ તે શું થાય? સિંહગઢ ઉપર હીરાકણી જેવો પથ્થર નીકળે છે. એનો નમુનો લેતા આવ્યા.

卐 卐

પૂના તો અટક સુધી ઝુંડો ફરકાવનાર પેશ્વાની રાજધાની! પૂના શહેર ઉપર કુદરતની પણ પુરી કૃપા છે. ઝાડપાન, બાગબગીચા ભારે જામે છે. સિંહગઢને મારગે જબરૂં સરોવર જેવડું તળાવ છે. આખી નદી વાળી લીધી છે. પૂનાના પાદરમાં જ પર્વતી નામનું ઐતિહાસિક સ્થળ છે. પર્વતી નાની ટેકરી છે; ઉપર દેખાવડાં મંદિર છે. મૂર્તિઓ જોવાલાયક છે. મંદિરનો ગઢ રાજકાજના કામમાં વપરાતો. ત્યાં તો કેટલાં ય ભેદી ખૂન થયાની વાતો ઇતિહાસકારો લખે છે. પર્વતી ઉપર પૂનાના શહેરીઓ ફરવા આવે છે. ત્યાંથી પૂના ભારે રૂપાળું લાગે છે.

પેશ્વાનો રાજમહેલ શનવાર વાડામાં છે. સાવ પડીને પાદર થઇ ગયો છે, તો ય જુનું ગૌરવ જાળવી રહ્યો છે. એની બાંધણી ભવ્ય, લડાયક અને કારીગરીવાળી છે. એનું સમારકામ સરકાર કરાવે છે, પણ એમાં કાંઇ શુક્કરવાર ન મળે! આખો પેશ્વાઇનો ઇતિહાસ આ રાજમહેલમાં ઉકેલી શકાય છે. નારાયણરાવનું ખૂન, માધવરાવ પેશ્વાનો આપઘાત, આ બધી જગ્યાઓ ઇતિહાસને આંખ સામે ઉભો કરે છે. રાજમહેલની સામે જ નાના ફડનવીસની હવેલી છે. ગોરા મુત્સદ્દીઓના કાવાદાવા કળી જઇ પેશ્વાઇને પડતી બચાવનાર એ નાનાસાહેબ. એ જીવ્યા ત્યાં સુધી અંગ્રેજોથી પૂનામાં પગ ન દેવાયો. આજે તો એમની હવેલીને ઠેકાણે હાઇસ્કુલ કરી દીધી છે! થોડું ચાલીને ખાંચામાં વળો તો શાહિસ્તખાનની હવેલી આવે. શિવાજી મહારાજે એ હવેલીમાં ખાનને અઢીસો માણસે સપડાવેલો. ખાનના ચાળીસ હજાર મોગલ જીવ લઇને નાસી છુટ્યા; ખાન માંડ બચ્યો. જે બારીએથી મહારાજ અંદર પેઠા એ બારી પણ હજી છે.

શ્રી. ફડકેએ બનાવેલી શિવાજી મહારાજની પાષાણપ્રતિમા જોઈ આવ્યા. સુંદર છે. પછી ગયા સ્વ. ગોખલેજીના 'હિંદ સેવક સમાજ'માં. ડુંગરીની



પર્વતી ઉપરનું મંદિર

તળેટીમાં શહેરથી દૂર છે. નાનકડાં રૂપાળાં મકાન; શાંતિ પણ એવી. મોટું જબરૂં પુસ્તકાલય. રાજકારણના અભ્યાસીઓને જીંદગીભર ન ખુટે એટલાં પુસ્તકો પડ્યાં છે. એની પાછળ લાખો રૂપિયા ખરચાયા છે, પણ આપણને એ વાંચવાની ફુરસદ જ નથી ને! શ્રી. કર્વેસાહેબનું મહિલા વિદ્યાલય પણ પડખે જ છે.

ફર્ગ્યુસન કૉલેજ પણ ત્યાંથી થોડેક જ દૂર છે. લોકમાન્યની તપશ્ચર્યાનું એ ફળ છે. ગુજરાત કૉલેજ કરતાં બધી રીતે એ કૉલેજ ચડિયાતી છે. હવાપાણી, અભ્યાસગૃહ વગેરે બધી સગવડ ઉત્તમ. ડેક્કન કૉલેજ ખર્ચાળ ભારે છે. એમાંથી નીકળેલો જુવાન 'સુધારા'નો ગુલામ થઇ જાય છે. હાથે બટન ભીડે એટલો સ્વતંત્ર રહે તો એનો પાડ! પૂનામાં કૉલેજોનો તો પાર જ નથી. પ્રો. ત્રિવેદીને ત્યાં અમારો ઉતારો હતો. એમણે જાતે પોતાની ખેતીવાડી કૉલેજ બતાવી. પ્રયોગગૃહ સરસ છે. લોકમાન્ય રાષ્ટ્રીય મહાવિદ્યાલય ઉદ્યોગપ્રધાન છે. આ બધી વાત કર્યા પછી મારે લખવું જોઇએ કે અમે ગયા ત્યારે બધી કૉલેજો બંધ હતી એટલે જોવાની પુરી મઝા પડી.

હવે રહ્યા ગાયકવાડા, જ્યાં લોકમાન્ય તિલક મહારાજે આખું જીવન ગાળ્યું. એમના ઓરડામાં પેસતાં હૈયું જરા ભારે થયું. જે ટેબલ ઉપર કેસરીના તેજસ્વી લેખો લખાતા. એને ભક્તિભાવે નીરખ્યું. તિલક મહારાજનું પુસ્તકાલય પણ ભારે મોટું છે. એ રાષ્ટ્રપિતાનું સ્મરણ કરવા જેટલો યે અમારો અધિકાર નહોતો. 'સ્વરાજ્ય સ્વરાજ્ય' જપતાં જેમનો દેહ પડ્યો, એમને સ્વરાજ્ય લીધા પહેલાં શે મોઢે સંભારીએ ?

'કેસરી' ને 'મરાઠા'ની ઑફિસો જોઇ. શ્રી. કેલકરની વ્યવસ્થાશક્તિ જોઇ લોકમાન્ય સાંભરતા હતા. ઉતારે આવી પૂનાનું—દક્ષિણનું છેલ્લું ભોજન જમ્યા.

બીજે દિવસે સવારમાં પૂના એક્સપ્રેસમાં બેસી ખંડાળાઘાટની અદ્‌ભુત ટનલો અને રમણીય દેખાવો જોતા મુંબઈ થઈ સાબરમતી પહોંચ્યા. ત્યાંથી રાતની ગાડી લીધી તે સવારના પહોરમાં ભાવનગર ભેગા.

રામનારાયણ ના. પાઠક

અથાણું

કાન્તિના ઉપરાઉપરી સવાલોથી કંટાળી તેની બાએ કહ્યું, 'કાન્તિ, જો તું હવે મને કાંઇ પણ પુછીશ તો હું કુવે જઇને પડતું મુકીશ.'

કાન્તિ—બા, હું જોવા આવું ?

ॐ

શેઠાણી—(રસોઇયાને) તમે તમારા જુના શેઠને ત્યાંથી શા માટે નીકળી ગયા ?

રસોઇયો—મને નોકરી આપવી હોય તો આપો. તમે તમારા જુના રસોઇયાને શા માટે કાઢી મુક્યો એ ક્યાં હું તમને પુછું છું ?

ॐ

કનુ—કાં ? હું તારા કરતાં ઉંચો છું ને ? જો, તારૂં માથું તો મારી છાતી જેટલે જ આવે છે.

મનુ—પણ તેથી શું થયું ? આપણા બંનેના પગ તો સરખા જ આવે છે ને ?

ॐ

'મને એક આનાની પીપરમીટ આપો.'

'એને તું શું કરીશ ?'

'મારા બાબુભાઇનો કાલે જન્મદિવસ છે તેથી એને ભેટ આપીશ !'

'પણ તારા ભાઇને પીપરમીટ ક્યાં ભાવે છે ?'

'તેથીસ્તો. એને ન ભાવે એટલે એ મને પાછી આપી દેશે ને હું ખાઇ જઇશ.'

સ્વિટ્ઝર્લૅંડની શાંતિમાં

આંતરરાષ્ટ્રીય બંધુત્વપ્રચારક મંડળનું વાર્ષિક સંમેલન

લખી મોકલનાર

ત્રીજી જુલાઈએ બપોરે બાર વાગતાં અમે—હું અને મારો મરાઠી મિત્ર ઍલુર—સ્વિટ્ઝર્લૅંડના 'વોમાર્કુ' નામના એક નાનકડા સ્ટેશને ઉતર્યા ત્યારે આ ઠંડા પ્રદેશમાં પણ સૂર્યનારાયણ એમનો દોર ચલાવી રહ્યા હતા. અમે ઇટાલીની મુસાફરીમાંથી આવતા હોઇ, અગાઉથી સાથે ઓછો સામાન લાવવાની સૂચનાઓ મળી હોવા છતાં, વધારે સામાન લાવ્યા હતા. આ નાનકડા સ્ટેશને મજુર તો ક્યાંથી મળે? પરંતુ આ ગાડીમાંથી જ બીજા કેટલાક યુવકો ઉતર્યા હતા. 'કેમ ભાઇ, સંમેલનમાં કે?' એમ અરસપરસ પ્રશ્નો છુટ્યા અને પરિચય થઇ ગયો. એમણે અમારો સામાન ઉપાડવામાં મદદ કરી. અમે ચાલવા માંડ્યા ત્યાં તો કૅમ્પમાંથી અમને–અતિથિઓને સત્કારવા કેટલાક ભાઇઓ આવી પહોંચ્યા. જેમની પાસે વિશેષ બોજો હતો તેમને એમણે એમાંથી મુક્ત કર્યા. આ પહેલા જ પ્રસંગે અમારા ઉપર ભ્રાતૃત્વની એક ઉંડી છાપ પાડી.



શ્રી લવજી થોરિયા

જરા ઉંચે ચડતો પંદરેક મિનિટનો પંથ કાપ્યા પછી અમે કૅમ્પમાં પહોંચ્યા. જણ દીઠ અઠવાડિયાના ચાર્જના પચીસ શિલિંગ આપ્યા એટલે અમને જગ્યા મળી ગઈ. ત્યાં કાંઈ સુવા માટે પલંગો કે ટૉઇલેટ માટે ટેબલો ને અરીસા નહોતા. ત્યાં તો આશ્રમશાહી સાદાઇ હતી. દક્ષિણામૂર્તિની ડૉર્મિટરીમાં તો એકેક કપાટ મળે છે; પરંતુ અહીં તો એ યે નહોતો. આ રહ્યું મારી ડૉર્મિટરીનું વર્ણનઃ સાદાં પાટિયાની બનાવેલી એ ઓરડી. વચ્ચે ચાલી રાખવાની અને બે બાજુ બે પથારીઓની હારો. ઉપરના માળ પર પણ પથારીઓ ખરી જ. નીચે સુનારાઓએ ઉઠતી વખતે માળને ઇજા ન થાય એટલી સંભાળ રાખવાની જરૂર તો હોય જ ને! બે પથારી વચ્ચે જે જગ્યા રહે ત્યાં ટ્રંક આદિ જે સામાન હોય તે સમાવી દેવાનો અને કપડાં ઉતારીને ખીંતીએ લટકાવવાનાં. પથારીમાં પણ ઘાસથી ભરેલું એક ગાદલું, એક એવું જ હલકું ફૂલ જેવું ઓશીકું અને એક ધાબળી. મારો રંગ જોઇને મારી બે ધાબળીની માગણી તરત જ સ્વીકારી લેવામાં આવેલી. થયુંઃ આ અમારૂં રાચરચીલું. યૂરોપમાં યે એક દિન આવો આવશે એવું નહિ માનેલું છતાં આવી ગયો, એટલે અમારા હર્ષને સીમાબંધન શેના રહે જ? અહીં સાદાઇનાં લાંબાંચોડાં ભાષણો કરવા નહિ પરંતુ ખરેખર સાદું જીવન જીવી જોવા જ સૌ મળતા હોય એવી છાપ પાડવા આટલું બસ હતું.

બહાર નીકળી મેં સ્થળ બરાબર જોઇ લીધું. સ્ત્રીપુરુષોની મળી બધી થઇને આઠ ડૉર્મિટરી હતી. અને દરેક ડૉર્મિટરીમાં આંતરરાષ્ટ્રીય મંડળી જામે એવી રીતે જગ્યાની વહેંચણી કરવામાં આવતી હતી. અમારી કૅમ્પની સાદાઇ સ્થળની શાંતિને છાજે એવી જ હતી. પૂર્વે પંદરેક મિનિટના ઢાળવાળા રસ્તા પછી સ્ટેશન આવ્યું હતું; ઉત્તરે આવેલા વિશાળ છતાં શાંત સરોવર પર ઝઝુમતી એક નાનકડી ટેકરી પર જ અમારી કૅમ્પ હતી; પશ્ચિમે અમારી ચોકી કરવા ઉભાં હોય તેવાં એક વિશાળ જંગલનાં તાડ સમ ઉંચાં વૃક્ષો ખડાં હતાં અને દક્ષિણે થોડે દૂર પડેલા વોમાર્કુ ગામની

અને અમારી વચ્ચેના અંતરને ટૂંકું કરતાં ખેતરો પથરાએલાં હતાં. આ સ્થળની શાંતિ ખરેખર મોહક હતી. નદીતટે બાંધેલા કોઇ ઋષિના આશ્રમ સમું એ સ્થાન હતું.

આજે સાંજ સુધી અન્ય કાંઈ કાર્યક્રમ નહિ હોવાથી અમે પણ અન્ય આગંતુકોની સેવા કરવા દર ટ્રેન વખતે સ્ટેશને પહોંચતા અને બધાં પોટલાં એક રેંકડીમાં નાખી ઉપર ખેંચી લાવતા. બીજા સેવાનો લહાવો લઇ જાય અને અમે રહી જઇએ એ તો ઠીક નહિ, એમ ધારી સૌ રેંકડીને હાથ અડાડી એ પુણ્યમાં ભાગ પડાવતા. અમને અહીં આ મજુરી કરતાં જે આનંદ થયો એ તો અવર્ણનીય જ છે. સેવા કરવામાં જે આનંદ સમાએલો છે તેની પાસે સેવા સ્વીકારવાથી થતો આનંદ શી વિસાતમાં ?


કૅમ્પની વ્યવસ્થા જોઇને તો છક્ક થઇ જવાય એવું હતું. અમારી સંખ્યા બસો વીસ સુધી પહોંચી ગઈ હતી, છતાં આખી કૅમ્પમાં ફક્ત બે રસોયણો સિવાય કોઇ નોકર ન મળે ! કૉન્ફરન્સોની માફક સ્વયંસેવકદળ પણ નહોતું રાખ્યું, કારણકે એમાં તો એક વર્ગ સેવા કર્યા જ કરે અને બીજો વર્ગ એ સ્વીકાર્યે રાખે. અહીં તો સૌએ જ સેવાની કેળવણી લેવાની હતી. સ્ત્રીવર્ગને માટે પણ સેવાવૃત્તિની આવશ્યકતા કાંઇ ઓછી ન હોય. દરરોજ પંદરેક પુરુષ અને પંદરેક સ્ત્રીઓ મળી ત્રીસ જણ આખા દહાડાનું કામ પોતાને માથે લઇ લેતાં. આ વ્યવસ્થામાં આ સંસ્થાના પ્રાણ સમા મિ. ઑલિવર ડ્રાયર કે મહાત્માજી પાસે એક માસ ગાળી આવેલ વિદુષી મ્યુરીઅલ લેસ્ટર પણ અપવાદ રૂપ નહોતા.

એ સેવકમંડળે બીજાઓ કરતાં કલાક વહેલા ઉઠી હૉલમાંથી ઝાડુ કાઢવાનું, નાસ્તાની તૈયારી કરવાનું, પીરસવાનું, એઠાં વાસણ ઉઠાવી લેવાનું, વાસણ ધોવાનું ઇત્યાદિ સર્વ કામોનો પોતાની ફરજમાં સમાવેશ કરવાનો. અને એ ફરજ સૌ કેવી હોંશથી બજાવતાં ! વાસણ ધોવાતી વખતે કોઈ વાર જર્મન, કોઇ વાર ફ્રેંચ, તો કોઈ વાર અંગ્રેજી સંગીતની છોળો ઉડતી હતી. જાણે પોતાને ત્યાં જ યજ્ઞ માંડ્યો હોય એવી હોંશે સૌ પીરસતાં. મેં યે એ લહાવો એક દિવસ લઇ લીધો ! એ અદ્દભુત દૃશ્ય તો કદિ યે નહિ ભુલાય. કોઇ પીરસનારની મજાક કરતું હોય કે ' અહીંઆં જરા વધારે આપજે, નહિ તો કાલે મારો વારો છે.' તો કોઇ જર્મન પીરસનારની પાસે અંગ્રેજ ખાવાનું માગે ને પેલો સમજ્યા વિના પાછો ચાલ્યો જતો હોય, ત્યાં કોઇ દુભાષીયાગિરી કરી સમજાવે તે વખતે હસાહસ થઇ પડતી. વેજિટેરીઅનો પણ ઠીક સંખ્યામાં હતા એટલે અમારે માટે હૉલનો એક બાજુનો ભાગ રીઝર્વ્ડ રાખ્યો હતો. માંસાહારી અને શાકાહારી વચ્ચે તો દર ટંકે ભારે રમુજી વાર્તાલાપ થતો. ખાવાને વખતે દરરોજ સંખ્યાબંધ નોટિસો જાહેર થતી.

અહીં વીસ દેશના તો પ્રતિનિધિઓ ભેગા થયા હતા, એટલે અનેક પ્રકારની મુશ્કેલીઓમાંથી બચી જવા ખાતર દરેકે પોતાના અને દેશના નામ વાળો ચંદ્રક પહેરવો પડતો. ભ્રાતૃભાવને કેવળ ભાષણોમાં જ નહિ રહેવા દેતાં આચરણમાં ઉતારવાની ખાતર સૌએ અરસપરસ 'તું' કહેવાનો ખાસ ઠરાવ પસાર કર્યો હતો. આ રીત જર્મનીમાં પ્રચલિત છે. ત્યાં કુટુંબીઓ એકબીજાને 'તું' કહીને જ સંબોધે છે. પિતા પુત્રને અને પુત્ર પિતાને 'તું' જ કહે છે. પતિ પત્નીને અને પત્ની પતિને 'તું' શબ્દથી જ સંબોધે છે. મિત્રમંડળમાંથી પણ તેઓ 'તમે' શબ્દને દેશવટો આપે છે. આ રીત ખરેખર અનુકરણીય છે અને અહીં તો અમે સૌએ શરૂ કરી દીધી. 'તું' કહેતી વખતે સામો માણસ સાચે જ સ્વજન હોય એવો ભાવ ઉત્પન્ન થયા વિના નથી જ રહેતો.

ભાષાની મુશ્કેલી તો ખરી જ ને ! સભામાં બોલાતો દરેકે દરેક શબ્દ જર્મન, અંગ્રેજી અને ફ્રેંચ ત્રણે ભાષામાં બોલવો પડતો. ભાષાન્તરનું કામ સ્ત્રીવર્ગે જ ઉપાડી લીધું હતું. આમ દુભાષિયાનું કામ કરતી બહેનો મુળ ભાષણની બારીકીઓ તેમજ મધુરતા તેમના ભાષાંતરમાં એવી સુંદર રીતે લાવતી કે એમને માટે માન થયા વિના ન રહે. ફ્રેંચનો એક શબ્દે હું નહોતો સમજતો છતાં એના ઉચ્ચારમાં જે સુકોમળ મધુરતા રહી છે એ તો મને ખુબ આકર્ષતી. એમાં ય જ્યારે કોઇ મધુકંઠી મહિલા એ કામ બજાવતી ત્યારે તો ભાષાંતર સાચે જ દીપી ઉઠતું.

અમે અહીં જુદાજુદા વીસ દેશના મળી બસો વીસ જણ એકઠા મળ્યા હતા. અમે જે ગામડાને પાદર એકઠા થયા હતા તે વોમાર્કુંની વસ્તી કેવળ



પૂનાની નદીનું એક દૃશ્ય



'કુમાર'ના દીવાળી અંકમાં જાહેર થએલી

ફોટોગ્રાફીના ઈનામી હરીફાઇનું પરિણામ

(૧) 'ઘર ભણી' : બલવન્ત ભટ્ટ–અમદાવાદ : પહેલું ઈનામ (૨) 'રાત્રિ–વાચન' : ભગવાનદાસ પટેલ–વડોદરા : વખાણવાલાયક (૩) 'શ્યામ–શ્વેત': કિરીટસિંહજી ગોહેલ–ભાવનગર : બીજું ઇનામ (૪) 'દેલવાડા મંદિરના થાંભલા પરની એક મૂર્તિ' : શાંતિલાલ હીરાલાલ–મુંબાઇ : વખાણવાલાયક (૫) 'બસ; ખાવું, નહાવું ને સાફ રહેવું': છગનલાલ બનિયા–એડોર્ડ : વખાણવાલાયક (૬) 'નાસિકને નદીતટે' : લક્ષ્મીદાસ નયગાંધી–મુંબાઇ : વખાણવાલાયક.

૧૮૦ની હોઇ અમે એ ગામ કરતાં મોટું ગામ વસાવ્યું હતું એમ કહી શકીએ. હાજર રહેલાઓમાં અંગ્રેજોની સંખ્યા સૌથી વિશેષ હતી. પછી અનુક્રમે જર્મની, સ્વિટ્ઝર્લાડ, ફ્રાંસ અને અન્ય દેશો આવતા. હિંદી તો અમે ચાર જ હતા: હું, બેલુર (મહારાષ્ટ્ર), સિંહા (પટણા) અને સેન (બંગાળ). અંગ્રેજી મંડળીમાં Girl-guidesની સંખ્યા ખાસ ધ્યાન ખેંચતી.

જેમ આપણે ત્યાં અસહકાર યુગમાં કોઇ ટોપી નહિ પહેરનારા કે એવા ખાસ મતાગ્રહીઓ નીકળેલા એમ અહીં પણ અમે કેટલા એક વર્ગનાં માણસો જોયાં. ચાર જણ તદ્દન કાચું જ ખાતા હતા. એમાંનો એક તો ત્રણ વર્ષ થયાં રાંધેલી વસ્તુને અડ્યો નથી. હમણાં યૂરોપમાં આ કાચા ખોરાકનો સિદ્ધાંત ઠીક પ્રવર્ત્યો છે. મને પણ કેટલાંક પુસ્તકો વાંચ્યા પછી એમાં ઊંડું રહસ્ય જણાયું છે. એ સંબંધે હું અવકાશે એકાદ નાનકડો લેખ જુદો લખી મોકલવા ધારૂં છું. એક ભાઈ તો સાથે આણેલ એમની લાકડાની રકાબીમાં જ ખાતા! સ્વીડનના બે યુવકો એમનો નાનકડો તંબુ તાણી પડ્યા હતા અને હાથે જ રોટી પકાવતા હતા. કપડાં તો કૅમ્પમાં સૌ બને તેટલાં સાદાં જ પહેરતાં. સ્ત્રીઓને પગમાં મોજાં પહેર્યા વિના ફરવાનો અનન્ય લાભ અને સ્વાતંત્ર્ય અહીં મળ્યાં!

જંજાળની અગવડ બાદ કરતાં વ્યવસ્થા ખરેખર આદર્શ હતી. જે હૉલમાં અમે જમતા એ જ હૉલ વીસ મિનિટમાં ભાષણ માટે તૈયાર થઇ જતો! આ બધી વ્યવસ્થાની વાત થઈ. પણ હવે અમારી દિનચર્યાનો ખ્યાલ આપું.

સૌ સાડા છએ ઉઠતા. એક સર્વસામાન્ય ઓરડીમાં ક્રમશઃ અરીસો ભાગે આવે તેમ દાઢી મુંડનાક મોં ધોઇ નાસ્તા માટે દોડતા. પરંતુ બીજા કેટલાક—જેમાં હું યે હતો—ને પાસે પડેલા વિશાળ સરોવરના સ્વચ્છ સલિલનો લાભ ન લેવો એ એને અપમાન્યા સમ જણાતું. આ એક અઠવાડિયામાં ધરાઇને તર્યા. સ્નાન કરીને દોડાદોડ સાડા સાતે નાસ્તાને ન્યાય આપવા જતા. નાસ્તો શરૂ કર્યા પહેલાં ક્ષણ વાર શાંતિ સેવાતી. નાસ્તામાં કોકો બેત્રણ પ્યાલા—જેટલો જોઇએ

અમર રહો

અમર રહો જગમાં જશવંતો આશાવંત કુમાર.
સાગર ઘૂઘૂ ઘૂંધે ભયંકર;
પવન તણો નહિ પાર;
સળવળાટ વિજળીના થાતા,
(પણ) શઢ જેના તૈયાર: —અમર૦
વન અભેદ્ય પડ્યાં અણનોંધ્યાં,
સિંહ કરે બહુ ત્રાડ;
આતુર આંખે તે જોવાને,
નિર્ભય જે તૈયાર: —અમર૦
અઘરૂં છે આ, અશક્ય આ છે,
એવો જ્યાં ન વિચાર;
આશા, બળ ને નવ ઉત્સાહે,
(જે) ધપતો જગ મોઝાર: —અમર૦
આંસુ આંખે દીઠું નથી કદિ,
હૃદયે શોક ન ભાર;
મરક મરક મુખ થતું હમેશાં,
આંખોમાં ચમકાર: —અમર૦
માનો મોંઘો પિતા તણો પ્રિય,
સોનાનો સોના ભાર;
હાકલ રણભેરીની મળતાં,
જે થોભે ન લગાર: —અમર૦
વણખોળ્યા બહુ પડ્યા થળોથળ,
કુદરતના ભંડાર;
ઠોકર મારી નિરખી લેવા,
થનગનતો અસવાર: —અમર૦
ભૂતકાળના પડછન્દા એ,
ભાવિનો ઘડનાર;
વર્તમાનનો ઉર-ધબકારો,
મહાકાલ અવતાર:
અમર રહો જગમાં જશવંતો આશાવંત કુમાર.

'ગિરીશ'

[દ. મૂ. ભવનના હસ્તલિખિત 'વિદ્યાર્થી'માંથી]

તેટલો અને માખણ વિનાની રોટી મળતી. સાડા આઠે શરૂ થતી પ્રાર્થનામાં સૌ સૂર જોડતું. ફરી જાણે એ પ્રાર્થના પર મનન કરવા આખા હૉલમાં ઊંડી શાંતિ પ્રસરતી. એનો ભંગ એક ધાર્મિક પ્રવચનથી થતો. ગુજરાત મહાવિદ્યાલયમાં કાકા સાહેબનાં પ્રવચનો આત્મા પર જે ઊંડી અસર કરતાં એવી જ અસર અહીં ચાલતાં કેટલાંક પ્રવચનોએ મારા પર કરી. યૂરોપમાં જે નવયુગ મંડાયો છે એમાં જોનારને આર્ય સંસ્કૃતિની સ્પષ્ટ ઝાંખી થાય છે. મને આ અઠવાડિયામાં ઘણી યે વાર એવું લાગેલું કે એ દિન હવે આવી પહોંચ્યો છે જ્યારે હિંદનો આધ્યાત્મ સંદેશ ઝીલવા વિશ્વ તૈયારી કરી રહ્યું છે.

પ્રાર્થના પછી સવા નવે એક ભાષણ અપાતું, જે દોઢેક કલાક ચાલતું. વક્તાઓ હમેશાં બદલાતા. ભાષણનો ઉદ્દેશ સંત ફ્રાન્સિસના સિદ્ધાંતો આજની દુનિયામાં ભ્રાતૃત્વ ને શાન્તિ સ્થાપવામાં આપણને કેટલે અંશે ઉપયોગી થઇ પડે તેમ છે એ બતાવવાનો હતો.

સંત ફ્રાન્સિસ વિષે અહીં જ ટૂંકમાં કહી દઉં. એ મહાત્માનો જન્મ ૧૧૮૮માં ઇટાલીના આસીસી નામના નાનકડા શહેરમાં થયો હતો. જીવનનાં શરૂઆતનાં વર્ષો તો મોજશોખમાં વહી ગયાં, પરંતુ યુવાવસ્થામાં એક વખત લડાઈમાં ભાગ લેતી વખતે એમની આંખો ઉઘડી ગઇ અને દુનિયામાં ઘર કરી બેઠેલાં દુઃખ, અશાંતિ, અજ્ઞાન, ઇર્ષ્યા ઇત્યાદિમાંથી માનવસમાજને મુક્ત કરવા એમણે સંસાર ત્યજ્યો. એમના ત્યાગી જીવન દરમિયાન એમણે જે અદ્ભુત આત્મબળ અને પ્રભુપંથ બતાવ્યાં એથી ઉપકૃત બનેલી દુનિયા આજે પણ એમને એક સંત તરીકે પૂજે છે. એમનો દેહ ૧૨૨૬માં પડ્યો. એમની સાતમી શતાબ્દિના સ્મરણાર્થે અમારૂં આ સંમેલન હતું. એથી જ, આજની અન્યોન્યને ગળી જનારી રાજનીતિમાં, ખાવા ધાની ગરીબાઇના સબંધમાં, ઔદ્યોગિક યુગની વિકરાળતામાં, યુવકયુવતિઓના સંયુક્ત સંમેલનોના સંબંધમાં અને આજની દુનિયાની પશુતા સાબિત કરતી લડાઇઓને સ્થાને શાંતિ સ્થાપવામાં સંત ફ્રાન્સિસના સિદ્ધાંતો આપણે માટે પણ એટલા જ જરૂરના અને ઉપયોગી છે જેટલા એ તેરમા સૈકામાં હતા, એ સાબિત કરવા દરેક વક્તા પ્રયત્ન કરતો.

શ્રીમતી મ્યુરીઅલ લેસ્ટરનું 'સં. ફ્રાન્સિસ અને ગરીબાઇ' ઉપરનું ભાષણ એટલું બધું મહાત્મા ગાંધીજીની વાતોથી ભરપુર થઇ ગયું હતું કે ખુશીથી એનું નામ 'મહાત્મા ગાંધીજી અને ગરીબાઇ' રાખી શકાયું હોત! મહાત્માજીના આધ્યાત્મબળની એ વિદુષી બાઇ પર કેટલી ઊંડી છાપ પડી છે એ એમાંથી સ્પષ્ટ જોઇ શકાતું. સત્યાગ્રહનાં પાંચ વ્રત ઉપરનું એમનું વિવેચન તેઓ સત્યાગ્રહને એના મુળ સ્વરૂપમાં સમજ્યાની ખાત્રી આપતું હતું. એ ભાષણ પછી તો મહાત્માજીની સ્થાપેલી ગુજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી તરીકે મારી પાસે મંડળી જામતી અને કોઇ પરમ શ્રદ્ધાળુ ભક્તોની માફક તેઓ મારી પાસેથી મહાત્માજીની વાતો સાંભળતા. આ અઠવાડિયા દરમિયાન મને ઘણી યે વાર અસહ્ય દુઃખ થએલું કે છ હજાર માઇલ દૂર પડેલું યૂરોપ મહાત્માજી પાછળ આટલું ગાંડું બન્યું છે, જ્યારે આપણે એમને બરાબર સમજી પણ નથી શકતા! અહીં હાજર રહેલાઓમાંના કેટલાકને તો એ વિચાર ખરેખર મુંઝવી રહ્યા હતો કે હિંદની માફક અહીં પારતંત્ર્ય કે ભુખમરો નહિ હોઇ, મહાત્માજી યૂરોપમાં હોય તો એમનો કાર્યક્રમ શુ હોઇ શકે?

ભાષણ પુરૂં થયા પછી ભાષણના વિષય પર ચર્ચા કરવા અમે ચાર ચર્ચામંડળીઓમાં વહેંચાઇ જતા. હું કોઇ વાર જર્મન તો કોઇ વાર અંગ્રેજી મંડળીમાં જતો. અહીં દરેક વ્યક્તિને પોતાના વિચારો નિઃસંકોચ જાહેર કરવાની છુટ હતી, એટલે ચર્ચામંડળીઓ સંમેલનનું એક રસિક અને પ્રગતિજનક અંગ થઇ પડી હતી. અમારી ચર્ચામંડળીમાં ઝબકેલા કેટલાક વિચારો ટૂંકમાં જણાવું?

એક ભાઇ કહે રાજ્યોને આદર્શો ગ્રહણ કરતાં સૈંકડાઓ વહી જશે. સર્વોત્તમ રસ્તો તો એ જ છે કે સમાજ રાજ્યના હાથમાંથી કેળવણીની લગામ ઝુંટવી લે. કારણ કે રાજનીતિની ગુલામ બનેલી કેળવણી એના રાજકીય સાંચાકામના અંગો સમા કલાર્કો અને અમલદારો જ ઘડવાની; એ કદિ આદર્શવાદીઓ નહિ જ નિપજાવી શકે.

કેટલાક ભાઇઓનું મંતવ્ય એવું હતુ કે રાજ-

કારણમાં નીતિ અને ધર્મ દાખલ કરવાનો અત્યુત્તમ ઉપાય સ્ત્રીઓને રાજનીતિના ક્ષેત્રમાં બહુમતિ આપવી એ જ હોઈ શકે. એક ભાઈએ લગ્નની પવિત્રતા જાળવવા માટે ઇંદ્રિયસુખનો ભોગ આપી આજીવન બ્રહ્મચારી અને બ્રહ્મચારિણીઓ રહેનાર એક વર્ગની આવશ્યકતા બતાવવાનો સુંદર પ્રયત્ન કર્યો હતો. ગમ્મતની ખાતર ચર્ચા દરમિયાન એક અંગ્રેજ યુવતિએ રજુ કરેલા એક વિચારને પણ ટપકાવી દઉં. એ કહે, 'સં. ફ્રાન્સિસે આમ સ્વતંત્ર રહી ઉપદેશ કરવાને બદલે એમના સિદ્ધાંતો પાર્લામેન્ટ પાસે ઠરાવ રૂપે પસાર કરાવ્યા હોત તો આજે દુનિયા વધારે સુખી હોત !'

આ રમુજી ચર્ચામાં જમવાનો ઘંટ ભંગ પાડતો. બરાબર સાડા બારે અમે જમતા અને ચાર વાગ્યા સુધી વિશ્રાંતિ લેતા. વિશ્રાંતિના વખતમાં સૌ નજીક જ પડેલા નૅાયનબુર્ગર સરોવર તરફ આકર્ષાતા. યુરોપમાં સ્નાનાગારોનો ઉપયોગ ઉપયોગિતા કરતાં મોજ કે વૈભવની ખાતર વિશેષ થાય છે. શહેરના અન્ય વૈભવોને અહીં અમે તજેલા, પરંતુ સ્નાનનો વૈભવ તો અમે ખુબ લુંટતા. ચાર વાગે ચહા પીને પાંચે બધા સભ્યો એક સામાન્ય ચર્ચાસભામાં મળતા. આ ચર્ચાનો અંત પણ વાળુનો ઘંટ જ લાવતો.

સાત વાગે અમને વાળુ મળતું. એ ઉકલ્યા પછી આખા દહાડાનાં ગંભીર ભાષણો અને ચર્ચાઓને અંતે આનંદનો કાર્યક્રમ આવતો. કોઇ દહાડો વિવિધ દેશનાં સંગીતનો જલસો જામતો; તો કોઇ દહાડો લોકનાચ (Volks dance)ના થનથનાટ મચતા. એટલાથી જાણે વિવિધતા પુરી ન પડતી હોય તેમ કોઇ વાર નાટયપ્રયોગો પણ ભજવાતા. સં. ફ્રાન્સિસના જીવનનું પ્રતિબિંબ પાડતી આરસી સમા, અંગ્રેજ ટુકડીએ ભજવેલ નાટયપ્રયોગો આબાદ અસર કરી શકયા હતા. પરંતુ એમના જ તરફના બે 'મૂક સંવાદો' સફળ થયા ન ગણાય. મને તેમજ બીજા કેટલાકને એ અર્થવિહીન અને અપ્રાસંગિક પણ જણાયા હતા. એક દહાડો તો ભાઇ સિંહાએ અમારા આગ્રહથી એક હિંદી રાષ્ટ્રગીત પણ લલકારેલું. હું અને બૅલુર જર્મન લોકનાચમાં કુદેલા, અને ભાઇ સેને એક અંગ્રેજી નાટયપ્રયોગમાં લુટારાનો ભાગ ભજવેલો. આમ અમે ચર્ચા તેમજ ગમ્મતમાં તો છુટથી ભળેલા. પરંતુ દિલગીરી એ જ રહી ગઇ કે અમારામાંનો કોઇ પ્લૅટફૉર્મ ગજાવવા ન ઉઠ્યો !



બીજ

શૂન્યાકારે અવતરનારી,
પળમાં પાછી અલખ થનારી,
ગૂઢ તિમિરે વિસરનારી:
જાણે સ્વપ્નરમા !
સોળ કળાએ શોભ : કળાધર,
સો પૂર્ણિમા પ્રગટ : સુધાકર,
શી ઝાંખી અંતર ભરનારી
પેલી બીજકલા !

દે. પ.

સાડા નવ વાગતા અમારા આનંદનો અંત આવતો અને સૌ પ્રાર્થનામાં સાદ પુરતા. પછી જાણે અમને આત્મનિરીક્ષણની તક આપવા શાંતિ પોતાનું સામ્રાજ્ય સ્થાપતી, જેનો ભંગ કોઇ નવીન નોટીસથી કે હૉલ છોડી જતા અમારા પગના અવાજથી થતો. અમારો સુવાનો સમય સાડા દસનો હતો. એ વખતે ડૉર્મિટરીનો નેતા ફાનસ ઓલવી નાખતો અને અમારા વસવાટથી ડરીને નાસી ગએલી શાન્તિ અમને અંધારામાં ન જોઈ શકવાથી ફરી આવી પોતાની સત્તા જમાવતી. એની સત્તા સામે બંડ ઉઠાવવા અશક્ત હોય એમ વિચારો ય થંભી જતા અને અમે સૌ નિદ્રાદેવીના ખોળામાં માથું મુકતા.

અમારા સહજીવનના છેલ્લા દિવસને તો અમે બરાબર ઉજવ્યો. જાતે એકઠાં કરેલાં ફુલપત્રાદિથી અમે એ હૉલને તે દિવસે ફક્કડ શણગાર્યો. સામાન્ય રીતે તો અમને બહુ જ સારું ખાવાનું મળતું એમ કહ્યા વિના નહિ ચાલે. પરંતુ આજે તો મિષ્ટાન્ન ઉડાવ્યાં ! પરંતુ આજનો વિશિષ્ટ બનાવ તો અમે પ્રગટાવેલી હોળી હતી. જાતે જ જંગલમાંથી લાકડાં વીણી લાવી ગોઠવેલાં. દરેક પ્રજાનો એકએક પ્રતિનિધિ મળી વીસ જણ રાત્રે સળગતી મશાલો હાથમાં લઇ

એ હોળી સળગાવવા આવ્યા અને નીચેના અર્થનું ભાષણ કર્યું: 'દુનિયામાં જે દુઃખ અને અશાંતિ આજે પ્રવર્તે છે એ જોઇ અમારા હૈયામાં હોળી પ્રગટી છે. એ અમારી છુટીછવાઈ જ્વાળાઓને તમારી સૌની સાથે એકઠી કરી એક મહાન હોળી સળગાવીએ છીએ અને આશા રાખીએ છીએ કે હવામાં દૂરદૂર જતી એ જ્વાળાઓ દરેક માનવીના હૈયામાં હોળી સળગાવે અને એનો પ્રકાશ દુનિયામાં પ્રવર્તતા અજ્ઞાનાંધકારને સ્થાને જ્ઞાનતેજને સ્થાપે.'

પ્રસંગને અનુસરી શ્રીમતી મ્યુરીઅલ લેસ્ટરે એમની અસરકારક ભાષામાં નીચેની મતલબના પ્રશ્ન કર્યા કે, 'શું રાજનીતિજ્ઞોની યોજનાઓ પ્રભુની બનાવેલી માનવ-પ્રજાને નાનકડા સીમાડાઓ, સરોવર કે પર્વતોની કૃત્રિમ સરહદો વડે જુદી પાડવાને સમર્થ છે? આજે વિશ્વબંધુત્વની વાતો કરનારા આપણે આવતી કાલે કોઈ ફૉરેન મિનિસ્ટર લડાઈ જાહેર કરે એટલે એક-બીજાનાં ગળાં રેંસવા તૈયાર થઈ જઈશું કે?'

'કદિ નહિ, કદિ નહિ' બોલતા જાણે અગ્નિ-દેવની સાક્ષીએ પ્રતિજ્ઞા લેતા હોય તેમ સૌ એકબીજાના આંકડા ભીડી સળગતી હોળી ફરતા પ્રદક્ષિણા ફર્યા. આ અનન્ય દૃશ્યનું વર્ણન કરવાનો પ્રયત્ન કરતાં એને અન્યાય થઇ જાય.

અહીં બેઠા મળીને અમે એક પણ ઠરાવ નથી કર્યો. જીવનમાં મદદરૂપ થઇ પડે એવો એક ખરીતો જ અમે ઘડી કાઢ્યો છે અને એ અક્ષરશઃ નીચે ઉતારું છું:

'આત્મામાંથી પરમાત્મા તરફ અને પરમાત્મા-માંથી બંધુઓ તરફ.

સંત ફ્રાન્સિસના ઉપદેશોનો અભ્યાસ કરવા વોમા-કર્કુમાં એકઠા થએલા આપણે સૌ જાણીએ છીએ કે હવે પછીથી આપણે આત્મબંધુત્વથી જોડાએલા રહીશું.

સામાજિક અન્યાય અને અત્યાચારનું તથ્ય, આપણા બંધુઓ અને બહેનોનાં દુઃખ અને દારિદ્ય અને એમાં આપણી જવાબદારી તથા દોષનો હિસ્સો: એ સૌ આપણને અહીં તાજાં થયાં છે. અંત સુધીની પવિત્રતા અને ત્યાગને જીવન સમર્પી દેવા આપણે ઇચ્છીએ છીએ. પરંતુ આપણે અશક્ત છીએ અને પહેલાંની માફક હજુ યે નિરાશ થઇશું એ પણ આપણે જાણીએ છીએ.

સ્વાર્થ, પ્રમાદ, દુરાચાર, પ્રપંચ, અહંકાર અને તકરારી વૃત્તિ સામે લડવા માટે આપણે બળ જોઇએ છીએ. આપણી મહત્ત્વાકાંક્ષાઓ અને આદર્શો આપણા આચારમાં વ્યક્ત થવા જોઇએ. એ માટે પ્રભુની સહાયથી, પ્રાર્થના, ધ્યાન અને આત્મસંયમ માટે સમય બચાવવાનો આપણે નિશ્ચય કરીએ છીએ કે જેથી આપણને પરમાત્માનો પંથ જડી આવે અને એનો સૂર સાંભળી એની ઇચ્છાઓને અમલમાં મુકવા શક્તિમાન થઇએ.

આપણામાં અને આપણી મારફત પ્રભુ કામ કરવાની રાહ જોઈ રહ્યા છે એવી શ્રદ્ધાથી આપણે સાનંદ અને સંપુર્ણતઃ નીચેનાં કામો કરવા સ્વાત્માર્પણ કરીએ છીએ:

(૧) અન્યાયને સ્થાને ન્યાય સ્થાપવા, સર્વ ગરીબ અને તરછોડાએલાંની સેવા કરવા અને દુઃખ તથા દમનના કારણો નિર્મૂળ કરવા.

(૨) આપણી મિલકતને પ્રભુ અને માનવ-જગતનું ટ્રસ્ટ ગણી કેવળ સાદું જીવન ગાળવા.

(૩) હિંસા (Violence)ને નકારી સાચા શાંતિસ્થાપકો થવા.

(૪) વિશ્વબંધુત્વ સ્થાપવા અને દુનિયા પર સ્વર્ગ અવતારવા, અન્ય બંધુઓ સાથેના સર્વ વર્તનમાં પ્રભુનાં પ્રેમ અને શાન્તિ લાવવા ગમે તે ભોગે નમ્ર પ્રયત્ન કરવા.

જીવનનો આવો રસ્તો આપણને હજુ અજાણ છે. પરંતુ સર્વશક્તિમાન પ્રભુમાં સંપૂર્ણ વિશ્વાસ રાખી નમ્રતા અને શ્રદ્ધાથી આપણે એ રસ્તે ઝંપલાવીએ છીએ.'

યૂરોપમાં કદિ યે જોવાની આશા ન રાખેલી એવા એક સંમેલનમાં ભાગ લઇ તેમાંથી પ્રેરણા પામી હું મ્યુનિચ આવી કામે વળગ્યો. વોમાકર્કુનાં સ્મરણો તો સદા યે તાજાં જ રહેશે અને કદાચ ભાવિ સંમે-લનોનાં એથી યે વધારે બળવત્તર નીવડશે!

(મ્યુનિચ : જર્મની) **લવજી ત્રિભુવન ચોરિયા**

દક્ષિણ હિંદુસ્તાનનું પ્રખ્યાત જૈન તીર્થ

શ્રમણ બેળગુળ



શ્રમણ બેળગુળમાં આવેલી પર્વતની આખી ટોચમાંથી કોરી કાઢેલી શ્રી ગોમતેશ્વરની સાઠ ફુટ ઉંચી ભવ્ય નગ્ન મૂર્તિ

દ્રવીડ દેશમાં આર્ય લોકો અગસ્ત્યઋષિની સરદારી નીચે વિંધ્યાચળ પર્વત ઓળંગીને ગયા એ દક્ષિણમાં આર્ય સંસ્કૃતિ ફેલાવાનો પ્રથમ બનાવ હતો. વેદકાળ ગયા પછી યજ્ઞયાગનો જમાનો આવ્યો હતો અને એ જઇ ભવ્ય દેવળો બંધાવાનો યુગ આવ્યો. દક્ષિણમાં હિંદુ ધર્મનાં—શિવ, શક્તિ અને વિષ્ણુનાં અસંખ્ય, શહેરો જેવડાં મોટાં દેવાલયો બંધાયાં અને સનાતન હિંદુ ધર્મે દ્રવીડ પ્રજાઓની પુરેપુરી ધાર્મિક જીત કરી લીધી.

ત્યાર પછી ભદ્રબાહુ નામના ઉત્તરના એક જૈન યતિને જ્ઞાન થયું કે ઉત્તર હિંદમાં ૧૨ વર્ષનો મોટો દુકાળ આવવાનો છે. તેમાંથી લોકોને બચાવવા માટે દિગંબરી જૈનોના એક મોટા સંઘને એ દક્ષિણમાં લઇ ગયા. એ દિવસથી દક્ષિણમાં જૈન ધર્મનો પ્રચાર થયો અને શ્રમણ બેળગુળ એ ભદ્રબાહુના સમયથી એટલે લગભગ ૨૦૦૦ વર્ષથી જૈન ધર્મના તત્ત્વનો પ્રકાશ ફેલાવતુ, યાત્રાનું સુપ્રસિદ્ધ ધામ ગણાવા લાગ્યું.



શ્રી ગોમતેશ્વરની મૂર્તિનો પાછળનો ભાગ

જૈન ધર્મનો તેજસ્વી પ્રકાશ પાડતુ એ શ્રમણ બેળગુળ મ્હૈસુર રાજ્યમાં બેંગલોરની પશ્ચિમે આવેલું છે. હિંદની પ્રાચીન મહત્તા જાણવાની ઇચ્છાવાળા એકેએક હિંદીએ એ તીર્થનાં દર્શન કરવાં જોઇએ.

જૈન પુરાણોમાં લખ્યું છે કે આ સ્થળે ચંદ્રગુપ્તે જૈન ધર્મ અંગીકાર કરી ભદ્રબાહુ સાથે નિવાસ કર્યો હતો અને પોતાના જીવનનો ઉત્તર કાળ ગાળ્યો હતો. જે ટેકરી પર એમણે તપશ્ચર્યા કરી અનશન વ્રતથી પોતાનો દેહ ગાળી નાખ્યો એ ચંદ્રગિરિ નામથી ઓળખાય છે.

ચંદ્રગિરિની બરાબર દક્ષિણે બીજી ટેકરી પર ગોમતેશ્વરની ૬૦ ફીટની મૂર્તિ છે. શરીરનું પ્રમાણ યોગ્ય માપસર છે. ૧૦૦૦ વર્ષથી એ ભવ્ય મૂર્તિ પૃથ્વીનાં નિર્બળ મનુષ્યોને ઇન્દ્રિયો પર વિજય મેળવવાનો વીર સંદેશ આપતી ઉભી છે. એ નગ્ન છે છતાં નિર્દોષ બાળક જેવી એ નગ્નાવસ્થા તમે કોઇ પણ પ્રકારના વિકાર વગર જોઈ શકો.


કથા એમ છે કે પહેલા તિર્થંકર આદિનાથે સંસારત્યાગ કર્યા પછી એમના બે પુત્રોમાં રાજ્યગાદી માટે લડાઇ થઇ. ભરત મોટો ભાઈ હતો. ખરો ગાદીનો વારસ એ હતો. બાહુબલિ—જેમની આ મૂર્તિ



ચંદ્રગિરિની દક્ષિણે બરોબર સામે આવેલી ઇંદ્રગિરિની ટેકરી: જેના પર ગોમતેશ્વરની મૂર્તિ આવેલી છે.

છે–એ નાનો હતો. બાહુબલિએ ભરતને હરાવ્યો ને ગાદી છીનવી લીધી. પણ થોડા જ સમય પછી એમને પોતાનાં કર્મનો પશ્ચાત્તાપ થયો. મોટા ભાઈને બોલાવી એમણે ક્ષમા માગી ને રાજપાટ છોડી આ સ્થળે આવી તપ આદર્યું. જૈન ધર્મનાં તમામ અંગોનું એમણે જ્ઞાન મેળવ્યું એટલે 'કેવલી' અથવા કેવળજ્ઞાની (પરમ જ્ઞાની) ગોમતેશ્વર નામથી એ પ્રસિદ્ધ થયા.

એમના અવસાન પછી ભરતે પોતે આ પર્વતની ટોચ કોતરાવી એમની સુવર્ણની મૂર્તિ (એટલે કે જેમાં પથ્થરના વજન જેટલું સુવર્ણ ખર્ચાયું હશે એવી)



બનાવડાવી. આ મૂર્તિ નગ્ન છે. નથી એને ભસ્મ કે નથી લંગોટી. ઉપર આભ અને નીચે ધરતી છે. પર્વતની ટોચ પરથી એ સંસાર પર નજર નાખે છે. પગ પાસે વેલા ઉગી નીકળ્યા છે, પાસે સાપ ફરે છે, પણ એને પોતાના દેહની દરકાર જ નથી. સંસારના જીવો પર એ પ્રેમ અને કરુણાથી જોઈ રહી છે.

કાળબળે ત્યાં જંગલ થઈ ગયું. કુક્કુટ સર્પો–એટલે કે કુકડા જેવા સાપ–ત્યાં ફરી વળ્યા. છતાં કેટકેટલા યતિઓ, રાજાઓ ને ગૃહસ્થો ત્યાં યાત્રાએ જતા. એક સમયે જીનસેન નામના એક યતિ મદુરા પાસે વિહાર કરતા હતા. ત્યાંના સેનાનાયક ચામુંડરાય જૈન ધર્મી હતા. યતિએ એમનાં માતુશ્રીને શ્રમણ બેળગુળની યાત્રાનો મહિમા કહ્યો, અને માતાએ દર્શન કર્યા પહેલાં દુધ ન લેવાની બાધા રાખી. ચામુંડરાયની સ્ત્રીએ સાસુજીની બાધાની હકીકત કહી અને ચામુંડરાય લાવલશ્કર સાથે શ્રમણ બેળગુળ જવા નીકળ્યા. બહુ મહેનતે સૌ ચંદ્રગિરિ પર પહોંચ્યા, પણ ગોમતેશ્વરનો પત્તો લાગ્યો નહિ.

આખરે માતા અને પુત્રને એક જ જાતનું સ્વપ્ન આવ્યું, અને દક્ષિણ દિશાએ બાણ મારવાથી ગોમતેશ્વર જડશે, એવી ભવિષ્યવાણી સંભળાઇ. ચામુંડરાયે સોનાના ધનુષ્ય પર સોનાનું બાણ ચડાવીને માર્યું અને ત્યાં બરાબર ગોમતેશ્વર જડયા.

પછી તો એ સ્થળનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો અને મહાપૂજા રચાઇ. લાખો યાત્રાળુઓને નિમંત્રણ કરવામાં આવ્યાં. વાજીંત્રો, ફુલ, ધજા, મંડપો ને ભોજનસામગ્રીઓનો પાર ન રહ્યો. પછી અભિષેક થયો. સેંકડો દેગડા દુધથી ગોમતેશ્વર ભગવાનને નવડાવવામાં આવ્યા. પરન્તુ ત્યાં એક આશ્ચર્ય બન્યું.

દુધની ધારા ભગવાનની કેડ આગળથી નીચે પડી જાય પણ ચરણકમળ સુધી પહોંચે જ નહિ! ચામુંડરાયે અફસોસ કરવા માંડયો ને વિદ્વાનોને તેનું કારણ પુછ્યું. એક ગરીબ બાઇ બીલીના કાચલામાં દુધ લઇને પૂજન કરવા આવેલી તે બાચારી દૂર ઉભી



શ્રી ગોમતેશ્વરની મૂર્તિનો પગ : નજીક ઉભેલા માણુસના પ્રમાણ ઉપરથી આખી મૂર્તિની ઉંચાઇનો ખ્યાલ આવશે.



ગુલકાયાજીની મૂર્તિ

રહેલી. યતિ જીનસેને ચામુંડરાયને એ દૂધ લઇ લેવા કહ્યું અને એ બાઈ તરફથી ભગવાનને ચડાવવાની આજ્ઞા કરી. આ દુધ તરત ચરણકમળ સુધી પહોંચ્યું અને પછીની પૂજા નિર્વિઘ્ને પુરી થઇ.

ચામુંડરાયનાં પડળ હવે ઉઘડી ગયાં. પૂજાના આડંબર અને ઠાઠથી એનામાં અભિમાન આવેલું હતું તે એ સમજી ગયો ને પેલી ગરીબ બાઇનું પાશેર દુધ એના લાખ્ખો રૂપિયાની પૂજા કરતા અધિક છે એમ એને સમજાઇ ગયું. આ બાઇનું નામ ગુલકાયાજી પડ્યું. ગોમતેશ્વરની સામે એ બાઇની ખરી ભક્ત તરીકેની, પૂર્ણ કદની, બીલીફળના કાચલામાં દુધ લઇને ઉભેલી મૂર્તિ આજે પણ ત્યાં ભાવપૂર્ણ નયને જોઇએ છીએ અને આનંદ થાય છે.

પણ એ જીર્ણોદ્ધારને ગે આજ ૧૦૦૦ વર્ષ થઇ ગયાં છે. ઇ. સ. ૧૨૦૦ પછી દ્રવીડ અને કર્ણાટક દેશમાંથી જૈન ધર્મનો ભારણોજ તો તુટી ગયો છે છતાં કાનડી ભાષાના ઘડતરમાં અને જુના સાહિત્યમાં એની મદદ જેવીતેવી નથી.

આપણે સંપ્રદાયોના કુંડાળાથી પર થઇ આ સ્થાને યાત્રાળુઓના જેવા પૂર્ણ ભાવથી જઇશું તો પણ અમૂલ્ય લાભ મેળવીશું એમાં શક નથી. મૂર્તિ પવિત્ર, ગંભીર અને પ્રેરક છે. આપણા શિલ્પીઓને માટે પણ પૂર્ણ માન ઉત્પન્ન કરાવે એવી છે.

શિવાજી કે નેપોલિયનનાં બાવલાં જોઇને જે વીરતા માટે આપણે ધ્યેય ધારીએ તેના કરતાં પણ વિશેષ ઇન્દ્રિયો પર વિજય મેળવવાનો આખા જૈનધર્મનો સંદેશો આ સ્થાનેથી આપણુને મળી રહે છે અને ભોગવિલાસના આ જમાનામાં એ સંદેશાની આપણુને કેટલી બધી જરૂર છે?

આ મૂર્તિનાં કવિજનોએ અને ભકતોએ ખુબ વખાણ કર્યા છે. એનાં તો વખાણ જેટલાં થાય એટલાં ઓછાં છે. એક સાધુ લખે છે કે 'લિખિતંગ ગૃહસ્થ લોકોનો સાળો (એટલે સૌ ગૃહસ્થોની સ્ત્રીઓને બહેન ગણનારો): ગોમતેશ્વરને જુઓ ! શું એમને કોઈપણ વાસના અસર કરી શકે? . . .' બીજા એક કવિ કહે છે કે 'ગોમતેશ્વરનાં કૃપાકટાક્ષ જેના પર પડે છે તેના આશય શુદ્ધ થઈ જાય છે.'

હરિપ્રસાદ વ્રજરાય દેસાઇ



પક્ષીશાસ્ત્રના અભ્યાસી શ્રી કંચનરાય

જંગબારી પોપટ પર અખતરો

આજે પક્ષીઓનાં જીવન વિષે આપણું જ્ઞાન અલ્પ છે. યૂરોપમાં તેમ નથી. ત્યાં જીવન-શાસ્ત્રના મહાપ્રશ્નો ઉકેલવામાં સહાય રૂપ થાય એ હેતુથી પક્ષીશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, જંતુશાસ્ત્ર, વનસ્પતિ-શાસ્ત્ર વગેરેના અભ્યાસ પાછળ જીવન આખું ખર્ચી નાખનારા પડ્યા છે. તે ઉપરાંત, આનંદની ખાતર પશુ-પંખીને પાળવાનો ચાલ જે અહીં ઓછો થતો જાય છે તે ત્યાં વધતો જાય છે. પક્ષી-જગતમાં કેટલીક વાર જે નવાઈ જેવા બનાવો બને છે તેનો ખ્યાલ એ જગતથી દૂર રહેનારને જવલ્લે જ આવે.

આવા એક પક્ષીઓના શોખીન ને એ શાસ્ત્રના અભ્યાસી ભાવનગરના રા. કંચનરાય દેસાઇ છે. તેમની પાસે એક જંગબારી પોપટ હતો. જંગબારી પોપટને પાંજરામાં રાખ્યા પછી એ ઘણુંખરૂં બચ્ચાં આપે એવી જાત નથી. તે છતાં પિંજરામાં જ તેનાં બચ્ચાં લેવાનો વિચાર રા. કંચનરાયને પહેલવહેલો સુઝ્યો. જંગબારી પોપટ તેની સુંદર અનુકરણશક્તિ, ચતુરાઇ, રંગનું વૈવિધ્ય તથા સ્વરૂપની મનોહરતાને લીધે ઘણાં રસિકોનું પ્રિય પક્ષી બન્યો છે, અને જોકે સ્વભાવે તો તે પંખેરૂ જેટલો અસ્થિર છે છતાં ઘણે સ્થળે તેને પાળવામાં આવે છે. આવાં પક્ષીઓની સંખ્યા વધારવાનો લોભ કોને ન થાય? છતાં રા. કંચન-રાયને પોતાની ઉમેદ બર લાવતાં ઘણાં વિતંકો વીન-વાનાં હતાં. પહેલાં તો દેખીતી રીતે જ બે વાત તેમની વિરુદ્ધ હતી. પહેલી એ કે આ પક્ષી હિંદુ-સ્તાનમાં બચ્ચાં દેતું નથી અને બીજી એ કે આ જાતનાં પક્ષીઓ પિંજરામાં બચ્ચાં દેતાં નથી. તે ઉપરાંત, એ પોપટ માટે માદા મેળવવાની મુશ્કેલી તો હતી જ. તે છતાં ગમે તે ભોગે રા. કંચનરાયે એક વાર અખતરો તો અજમાવી જોવાનો નિશ્ચય કર્યો, અને ભાવનગરના દેસાઇ રા. વીરેન્દ્રરાય પાસેથી તેમણે આ અખતરા માટે માદા માગી લીધી.

આ બંનેને એક સ્થાને રાખ્યાં ત્યારે નરની ઉમર આશરે ૨૧ વર્ષની અને માદાની ઉંમર આશરે ૧૦ વર્ષની હતી. આ માદાએ પહેલાં એક વાળેદું મુકયું હતું. પણ વર્ષો સુધીનાં પિંજરજીવનને લીધે તેઓ સંવનન અને પ્રજનન વિષે બધું નૈસર્ગિક જ્ઞાન ખોઇ બેઠાં હતાં, એટલે એ બધું પણ રા. કંચનરાયે તેમને ફરી શીખવવાનું જ રહ્યું. આ યુગલને એક વિશાળ બંધ ઓરડામાં, બારણે માત્ર જોવા માટે નાનું છિદ્ર રાખીને પુરવામાં આવ્યાં. આ જનાવર (ઉસ્તાદો પંખીને પણ જનાવર કહે છે.) સ્વભાવે ક્રોધી હોવાથી કોણ કોને કયારે મારી નાખે આથી તે કહેવાય તેમ ન હતું. તેમની ઉપર સતત જાપતો અને દેખરેખ રાખવી પડતી. એ ઓરડામાં કોઇને જવા દેવામાં આવતું નહિ. તેમને ખોરાક આપવા અને એકમેક સાથે રહેતા શીખવવા માત્ર રા. કંચનરાય જ ત્યાં જતા.

[અનુસંધાન પાન ૫૨૫ મે]

જીવનપરાગ

પ્રસિદ્ધ બંગાળી નાટકકાર અને કવિ દ્વિજેન્દ્રલાલ રાયના વિદ્યાર્થીજીવનની કથા છે. કૉલેજમાંથી સીધો જ દ્વિજેન્દ્ર કલકત્તામાં ભરાએલા 'સર્વજાતીય પ્રદર્શન' જોવા ગએલો. કેટલીક કુલિન હિંદુ સ્ત્રીઓ કોઇ પુરુષ રક્ષક વિના પ્રદર્શન જોવા આવેલી તેમની પાછળપાછળ ચાલી આઠદસ અંગ્રેજ છોકરા ઠઠ્ઠા-મશ્કરી કરી રહ્યા હતા. એ જોતાં જ તેનો મિજાજ ગયો. આઘુંપાછું જોયા વિના તે તો આ કુર-કુરિયાંને શિક્ષા કરવા તૈયાર થઇ ગયો. ભાતખાઉ બંગાળીને સામો થતો જોઇ અંગ્રેજ છોકરાઓએ બીભત્સ ગાળો દેવા માંડી. પ્રદર્શનમાં તોફાન થાય તે ઠીક નહિ માની દ્વિજેન્દ્ર સૌને બહાર લઇ ગયો અને ત્યાં એકલે હાથે સર્વ પ્રતિપક્ષીઓને મુક્કાબાજી-નો સ્વાદ ચખાડવા માંડ્યો. નાક પર પડેલા પહેલા પ્રહારે જ નાયકના લોહીની સાથે અભિમાનને બહાર કાઢી નાખ્યું, અને તે સર્વદુઃખનાશક ધરતી માતાના ખોળે જઇ પડ્યો. બીજાઓને પણ તેણે તેવી જ રીતે મારી નસાડ્યા. યુદ્ધ પુરૂં થયા પછી ફાટેલા અને લોહી ખરડાએલા કપડે દ્વિજેન્દ્ર ઘર તરફ જતો હતો ત્યાં ટોળીના નાયકે તેને ફરીથી બોલાવ્યો. દ્વિજેન્દ્રે પણ સારી પેઠે માર ખાધો હતો અને થાકીને લોથ-પોથ થઇ ગયો હતો, છતાં સ્વમાન જાળવવા તે લડવા તૈયાર થઇ સામો ગયો. પણ, પેલા અંગ્રેજ યુવકે તો માનપૂર્વક ઉભા થઇ તેની સાથે હસ્તધુનન કર્યું અને પોતાની ભુલ માટે દિલગીરી દર્શાવી.

ૐ ૐ

આજ સમયની એક બીજી વાત.

એક મિત્ર સાથે વિદ્યાર્થી દ્વિજેન્દ્ર 'ઇડન' બગીચામાં ફરવા માટે ટ્રામમાં બેસી જતો હતો. થોડી વારે એક 'સાહેબ' તેમની સામેની પાટલી પર બેઠો અને તેમની વાતો સાંભળવા લાગ્યો. એકાએક તેના મગજમાં ભૂત ભરાયું અને તેણે પોતાનો બૂટ-મંડિત જમણો પગ આ બે મિત્રોની વચમાં લંબાવ્યો અને બેદરકારીથી સીગારના ધુમાડા કાઢવા માંડ્યા. દ્વિજેન્દ્રથી આ બેઅદબી બરદાસ્ત થઇ શકી નહિ. તેણે તેને બે વખત પગ ઉઠાવી લેવા કહ્યું. જવાબ-માં ગોરાએ મંત્રોચ્ચાર કર્યો 'નિગર!' તરત જ દ્વિજેન્દ્રે થપાટ મારી પગ ફેંકી દીધો. આવી પ્રકૃતિના 'નિગર'નો કદિ પરિચય થએલો ન હોવાથી સાહેબ હેબકાઇ ગયો અને શાન્તિથી ટ્રામનો આશ્રય છોડી 'ગુડિયાવેલ' જોડી દીધી!

દ્વિજેન્દ્રલાલને પોતાની બહાદુરીની વાત કરવી પસંદ ન હતી, તેથી આ કથા વીસ વર્ષ સુધી ગુપ્ત રહી. પણ પછી એક વાર બંગાળી 'સાહિત્ય' સંપાદક સુરેશબાબુના નાના ભાઇ યતીશચંદ્રે ટ્રામમાં કાંઇ કારણ સર એક 'સાહેબ'ની સારી રીતે 'પૂજા' કરી હતી એ વાત સાંભળી, ત્યારે દ્વિજેન્દ્રબાબુએ પોતાની આ વાત કહી, અને યતીશબાબુના સત્સાહસનાં મોંફાટ વખાણ કર્યાં.

ૐ ૐ

મદ્રાસમાં આવેલું નીલનું 'ગોઝારૂં સ્મારક' ન ખસેડવાનો દુરાગ્રહ રાખનાર વર્તમાન નોકરશાહીના વર્તનની સાથે શાહજહાં બાદશાહનું હૃદયઔદાર્ય દાખવતો નીચેનો બનાવ સરખાવવા જેવો છે.

૧૬૪૪–૪૬ માં ઔરંગઝેબ અમદાવાદનો સુબો હતો ત્યારે શહેરમાં કાંઇ ધાર્મિક તકરારને લીધે હુલ્લડ થયું. તેથી ઔરંગઝેબે, શાન્તિદાસે નવ લાખ રૂપિયા ખર્ચી બંધાવેલા ચિન્તામણીના જૈન દેવાલયની મૂર્તિઓ ભાંગી નાખી અને તેમાં ગૌવધ કરી તેને અપવિત્ર કર્યું. આ વિષે જૈન કોમે શહેનશાહ શાહજહાંને ફરિયાદ કરી એટલે તેણે પોતાના પુત્ર પર અત્યંત નારાજ થઇ મંદિરને સરકારી ખર્ચે પૂર્વ સ્થિતિ પર લાવવાનો હુકમ કર્યો, અને થોડા સમયમાં જ તેની ગુજરાતમાંથી બદલી કરી.

ૐ ૐ

અમદાવાદનાં અત્યારનાં કોઇકોઇ પત્ર રમુજી છે. જુના કાળમાં પણ 'અમદાવાદ વર્તમાન,' 'ખબર દર્પણ,' 'શમશેર બહાદુર' વગેરે પત્રો એવાં જ હશે એમ લાગે છે.

ખાડિયામાં પ્રાણશંકર બાપા નામના એક ઉસ્તાદ નાગર ગૃહસ્થ રહેતા હતા. તેમણે 'અમદાવાદ વર્તમાન'ને એક વેળા ચીડવ્યું. એટલે 'વર્તમાને' લખ્યું: 'હમણાં અમે પ્રાણશંકરને એક લુગડાની પેઠે પલાળીએ છીએ. પછી બે માણસ સામસામું પકડીને આંબળીશું. કાં તો ફાટે છે, કાં તો તૂટે છે. પછી સીકંચામાં

નાખીશું, એટલે અધુરૂં હશે તે પુરૂં થશે. અમે એ પ્રાણશંકરને ખબર આપવા સારૂ જણાવીએ છીએ કે પ્રાણશંકરને ખોદાની બંદગી કરવી હોય તો કરી લે; કાલથી નીચોવવું ચાલતું કરીશું.'

ૐ ૐ

દ્વિજેન્દ્રલાલ રાય સરકારી નોકરીમાંથી છુટા થઈ દેશસેવાના કાર્યમાં લાગી ગયા હતા તે સમયની કથા છે.

એક મિત્રની સાથે દ્વિજેન્દ્રલાલ એક દિવસ બંગાળના એક ગામડામાં ફરતા હતા. તેમને દાંત ખોતરવાની ટેવ હતી. ચાલતાંચાલતાં તેમણે રસ્તા પર આવેલ એક જીર્ણ ઝુંપડીના ઘાસના છાજમાંથી એક તણખલું દાંત ખોતરવા ખેંચ્યું. એટલામાં ઝુંપડીમાંથી બહાર આવી એક ડોશી કઠોર ભાષામાં તેમને ગાળો દેવા લાગી. આ તિરસ્કારને દ્વિજેન્દ્રલાલે શરૂઆતમાં તો હસવામાં ઉડાવી દેવા કર્યું. પણ જ્યારે ડોશી વારંવાર બોલવા લાગી કે, 'આ મારૂં ઘર એ જ મારો આધાર છે, તેમાં માથું મુકીને હું પડી રહું છું, હાય! હાય! એ જાય તો મારે કોનો આધાર?' ત્યારે એ સાંભળી દ્વિજેન્દ્રલાલ એકદમ ગંભીર થઇ ગયા અને તેમની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. ક્ષણભર મૌન રહી, પછી ગાઢ, ગદ્‌ગદ્ કંઠે તેમણે પાસે ઉભેલા મિત્રને કહ્યું 'આહા! આ અસહાય ડોશી પોતાની ભાગીતુટી ઝુંપડીને જેવી લાગણીથી પોતાનું સર્વસ્વ કહે છે, તે રીતે જો આપણે આ ભારતવર્ષને હૃદયથી પોતાનું સર્વસ્વ કહીએ તો પછી બીજું શું જોઇએ? પણ હાય! એવું દેખાતું નથી એ જ મહા દુઃખની વાત છે.'

ૐ ૐ

ન્યાયમૂર્તિ રાનડેને એક ખ્રિસ્તી પાદરી મળવા આવ્યા. તેમના ટેબલ પર પડેલાં ધાર્મિક પુસ્તકોના થોકડામાં સૌથી ઉપર બાઈબલને જોઇ તેમણે રાનડેના ખ્રિસ્તી ધર્મગ્રંથને સૌથી ઉપર સ્થાન આપવાના ઔચિત્યનાં મર્મમાં વખાણ કર્યાં. આ સાંભળી સૌથી નીચે રહેલ ગીતા બતાવી ન્યાયમૂર્તિએ જવાબ આપ્યો, 'પણ તે સૌના મુળમાં પાયા રૂપે ગીતા છે, એ કેમ ભુલી જાઓ છો?'

ૐ ૐ

બાબુ દ્વિજેન્દ્રલાલ રાય ઈંગ્લાંડમાં ખેતીનો અભ્યાસ કરવા માટે સરકારી શિષ્યવૃત્તિ લઇને ગયા હતા. એક દહાડો લંડનના 'રીજંટ પાર્ક'માં તે ફરવા ગયા. ત્યાં એક પાદરી ભાષણ કરતો હતો તે સાંભળવા લોકોનું ટોળું મળ્યું હતું. દ્વિજેન્દ્રલાલ પણ સાંભળવા ઉભા રહ્યા. મૂર્તિપૂજક ભારતવાસીને જોઇ પાદરીને શૂર ચડ્યું. દ્વિજેન્દ્રબાબુની સામું જોઇ તેણે ગંભીર સ્વરે કહ્યું, **'And you ! the Devil is staring you in the face'** ('શેતાન તારા મોં તરફ તાકીને જોઈ રહ્યો છે.') દ્વિજેન્દ્રે તેના કરતાં પણ વધારે ગંભીરતા ધારણ કરી જવાબ આપ્યો, **'Yes, you are'.** ('હા, તું તાકી રહ્યો જ છે.') યોગ્ય હાજર જવાબ સાંભળી એકત્ર થએલા લોકો ખડખડાટ હસી પડ્યા.

ૐ ૐ

અમદાવાદ મ્યુનિસિપાલિટીની મીટિંગ ભરાઇ હતી. પ્રમુખસ્થાને રણછોડભાઈ, પોતાની પદવીને યોગે બેઠા હતા. એવામાં બે મેમ્બરો તેમની કને આવ્યા. એક કહે, 'જુઓ સાહેબ! આ શખસે મને લોફર કહ્યો!' બીજાએ ઉશ્કેરાઇને કહ્યું, 'સાહેબ! તેણે મને લોફર કહ્યો!' શાન્ત, ગંભીર મુખ રાખી રણછોડભાઇ બોલ્યા, 'શું કામ લડી મરો છો? અમારે મન તમે બંને સરખા છો.'

ૐ ૐ

દ્વિજેન્દ્રલાલે એક દહાડો કલકત્તામાં પોતાના અખ્યાત, પ્રખ્યાત સર્વ મિત્રોને મિજબાની આપી. તે માટે જે આમંત્રણ પત્રિકા મોકલવામાં આવી તે નીચે પ્રમાણે હતી:

'જેમની કુબેરના જેટલી સંપત્તિ છે, બૃહસ્પતિના જેટલી બુદ્ધિ છે અને યમના જેવો તો પ્રતાપ છે એવા આપ સાહેબ, આપના ભવનનું નંદનવન છોડી, આપની પદ્મપલાશનયના પ્રિયતમાની સાથે, આપના સુવર્ણરથમાં બેસી, આ દીન, હીન, અધમના ઘેર, શનિવારે, મેઘાચ્છાદિત સાંજરે આવી જો આપના ચરણકમળની પવિત્ર રજ ખંખેરશો તો અમારાં ચૌદે પરિયાંનો ઉદ્ધાર થશે.'

આ નિમંત્રણના અનેક હાસ્યજનક જવાબ આપ્યા. તેમાંથી કવિ રવીન્દ્રનાથના મોટા ભાઈ દ્વિજેન્દ્રનાથ (બડદાદા)નો પ્રત્યુત્તર આ રહ્યો :

'નવ છે બુદ્ધિ, નવ સંપત છે', યમ સમ નથી નથી મુજ પ્રતાપ,
નથી નંદનવન, સ્વર્ણ સુવાહન, પદ્મપંકજ નથી જાણો આપ;
હા, છે પગ પર રજ મનમાની, તે પવિત્ર કે નહિ ના જ્ઞાન,
ચૌદ પેઢી તુજ મોક્ષ જાય તો ખંખેરીશ તત્ર સહન નિદાન.

વળી,

મેઘાચ્છાદિત શનિની સાંજે ગુરુનો જો નડશે નહિ બાધ,
કે અચબુચ ઉઠાવી ન જાયે કાલ સ્વરૂપી મુજને વ્યાધ.'

સ્વ. ભોળાનાથ સારાભાઇ ખેડામાં મુનસફ હતા. એક કેસમાં બે પક્ષના વકીલોની તકરાર સાંભળી એકના લાભમાં તેમણે ફેંસલો આપ્યો. હારેલો વકીલ ભોળાનાથભાઇના આશ્રયથી જ કારકુનમાંથી ચઢતે ચઢતે વકીલ થએલો. તે જરાક ઘરના માણસ જેવો પરિચયવાળો, એટલે કોર્ટમાં ઉચિત વર્તણુક ભુલી જઇને કહે, 'અરે સાહેબ! આમ ફેંસલો આપો છો? શું ગાંડાઘાંડા થયા?' ભોળાનાથભાઇએ શાન્ત મન રાખી, આ બનાવમાંના હાસ્યરસના સ્વરૂપનું જ દર્શન કરી, જરા સ્મિત કરી જવાબ આપ્યો 'ના; હું ગાંડો નથી થયો.'

સ્વ. સંસ્કૃત વિદ્વાન શંકર પાંડુરંગે અભ્યાસ કેવી રીતે કરવો એ સંબંધમાં પોતાને નવીન જ દૃષ્ટિ કઇ રીતે આપી, તેનું વર્ણન આપણા સુપ્રસિદ્ધ કવિ રા. નરસિંહરાવ નીચે પ્રમાણે કરે છે:

"F. Y. A. (પ્રીવિયસ)માં હું નાપાસ થયો, તે પછી અમદાવાદમાં શંકરરાવ આવ્યા ત્યારે એમને મળ્યો. એ મને કહે 'તમે શા વિષયમાં નાપાસ થયા?' ઉત્તર: 'ઇતિહાસમાં.' શંકરરાવ કહે, 'ઇતિહાસનું સારૂં જ્ઞાન મેળવવાનો ઉપાય કહું.' કહીને મને પૂછે છે, 'કોઈ મકાનને વિષે સંપૂર્ણ ખ્યાલ શી રીતે તમે મેળવો?' હું તાજો વિદ્યાર્થી હતો. પરીક્ષામાં નિશ્ચિત કરેલાં પુસ્તક બહુવાર વાંચવાં એ વિદ્યાર્થીવર્ગમાં પરાક્રમ રૂપ ગણાતું હતું. મારા એક સહાધ્યાયીને પ્રો. ભાંડારકરે ધમકાવ્યો, 'કેમ આ નાટકમાં તું નપાસ થયો?' વિદ્યાર્થી કહે, 'સાહેબ! મેં નાટક સાત વાર વાંચ્યું હતું.' ભાંડારકર કહે: 'તો તારે તે આઠમી વાર વાંચવું હતું!' આ પ્રકારની માન્યતાના સંસ્કારને પ્રભાવે મેં શંકરરાવને ઉત્તર આપ્યો, 'એ ઘરને વારંવાર જોવું.' શંકરરાવ કહે, 'ના, એ ઘરને જુદેજુદે સ્થળે રહીને જોવું; જુદાંજુદાં દૃષ્ટિબિંદુથી જોવું. તેજ રીતે ઇતિહાસ પણ જુદીજુદી દિશાથી નિરખવો; રાજકીય, ધાર્મિક, સામાજિક, ઇત્યાદિ સ્વરૂપથી તેનું અધ્યયન કરવું જોઇએ.'"

[સંપાદિત] **નવલરામ ત્રિવેદી**

આફ્રિકાના પત્રો

સવારના સાડા પાંચે નૈરોબી આવ્યું. તાર તો મેઇલમાં પહોંચવાનો કર્યો હતો અને આવ્યા બે કલાક વહેલા, એટલે કોઈ સામું આવ્યું ન હતું. અમે તો શેઠ કાનજી નારણજીની દુકાન શોધી કાઢી. તેના માણસને ઉઠાડયો. શેઠ કાનજીભાઇને ઘેર ગયા અને અમે આવ્યા છીએ એમ જાહેર કર્યું.

નૈરોબીમાં પણ ઉતરવાની તો પુરી તકલિફ સમજી લ્યો. પરંતુ શેઠ કાનજીભાઇનો એક જુદો બંગલો છે તેમાં એક ઓરડી અલાયદી હતી ત્યાં અમારા માટે સગવડ કરી રાખી હતી. બંગલાની બાજી ત્રણ ઓરડીઓમાં થોડાએક પાટીદાર ભાઇઓ ભાડે રહેતા હતા અને પોતાનું ખાનગી રસોડું પણ ચલાવતા હતા. અમારા ઉતારામાં કાનજીભાઇએ અગાઉથી જ પલંગ, સાદડીઓ, ખુરશીઓ તેમજ નહાવાખાવા માટે ઉપયોગી સામાન વસાવ્યો હતો.

નૈરોબી તો કેન્યાનું પાટનગર; યુગાન્ડા રેલવેનું મોટામાં મોટું સ્ટેશન. કેન્યાની બધી મુખ્ય મુખ્ય ઑફિસો અહીં એટલે મોટા પગારદાર યુરોપિયન અમલદારો પણ અહીં; યુરોપિયનો અને એશિયાવાસી લોકો વચ્ચેની મોટી દીવાલ—Colour Bar (રંગભેદ) પણ અહીં પુર જોશમાં; આપણી આફ્રિકાની હિંદી કૉંગ્રેસના નેતાઓ પણ અહીં; આખા આફ્રિકામાં આપણી પ્રજાકીય લડતનું વાજું હોવાનું અભિમાન ધરાવનાર આપણું પ્રજાપક્ષનું Democrat (ડેમૉક્રૅટ) પેપર પણ અહીં; ને આ સ્થળના મૂળ વતની મસાઈ લોકો જેવી બહાદુર પ્રજા, જેનો શિકાર કરી લગભગ નાબુદ કરવામાં આવ્યા તે પણ અહીં. વ્હાઇટ પેપરને નામે પ્રસિદ્ધ થએલા ખરીતાની રાજ્યનીતિનું ચોકખું પ્રતિબિંબ અહીં નૈરોબીમાં પડી રહ્યું છે.

નૈરોબી દરિયાની સપાટીથી સાડા પાંચ હજાર ફુટ ઉંચું એટલે હવા તો ઠંડી જ રહે છે; અને અહીંની ઠંડીથી લોકોનું આરોગ્ય પણ સારૂં રહેતું હોવું

જોઇએ. આપણા કેટલાક ભાઇઓનું તો એમ કહેવું હતું કે જે બાળકો અહીં જન્મ્યાં હોય છે તેમને નાની ઉમરે દેશમા લઇ જઇએ છીએ તો દેશની ગરમી સહન ન કરી શકતાં હોવાને લીધે મરી જાય છે. આ તેમની માન્યતા હશે એમ મને તો લાગે છે. અમે રહ્યા ત્યાં સુધી નૈરોબીમાં ઠંડીને બદલે શરદી વધારે હતી અને ભાઈ ગૌરીશંકરે તો આવતાંવેંત જ ખાટલો ઢાળી દીધો હતો તે બાર દિવસે છોડ્યો. અહીંની શરદીમાં મને મરચાં પણ તીખાં નથી લાગ્યાં અને દાળશાકમાં ખુબ વધાર કરે તોપણ જીભને કાંઇ અસર થઇ નથી. નહાવાનું પાણી તો ખુબ ઉનું જોઇએ, અને અમસ્થા પણ આખો દિવસ સગડી સળગતી જ રહે.

આવી ઠંડીને લઇને અહીં માણસોને ન્યૂમોનિયા તરત જ થઈ આવે છે; અને એક વાર થયો કે મોટે ભાગે ખલાસ. યુગાન્ડામાં બ્લૅક વૉટર થાય એટલે બચવાની આશા નહિ અને નૈરોબીમાં ન્યૂમોનિયા થાય એટલે રામરામ.

નૈરોબીની આસપાસનું દૃશ્ય કાંઇ બહુ સુંદર ન ગણાય. નૈરોબી એ હાઇલૅન્ડ્ઝનું કેન્દ્ર છે. એક બાજુ લુમ્બ્વા અને બીજી બાજુ કયુઃ એ બેનો વચ્ચેનો પ્રદેશ તે હાઇલૅન્ડ્ઝ—જે યુરોપિયન લોકોના વસવાટ માટે ખાસ રીઝર્વ્ડ કરેલો છે. તળ નૈરોબીની અંદર પણ આપણા લોકો જે ભાગમાં રહે છે તે નીચાણમાં છે, જ્યારે યૂરોપિયનોનાં મકાનો ઉંચી ટેકરી પર બાંધેલાં છે. નૈરોબીની નજીકમાં કિકુયુ નામનું મોટું સરોવર છે અને એ સરોવરમાંથી આખા નૈરોબીને પાણી પુરૂં પાડવામાં આવે છે. ઠેઠ યુગાન્ડાથી પાણીની તાણ ભોગવતા અમે આવ્યા હતા તે નૈરોબીમાં પાણી છુટથી વાપર્યું.

નૈરોબીમાં આપણા ભાઇઓની વસ્તી સારા પ્રમાણમાં છે. કારકુન વર્ગમાં તેમજ સ્ટેશનો પર પટેલ ભાઇઓનું મોટું પ્રમાણ છે ને વેપારીઓમાં ખોજા, લેટા તથા લોહાણા વધારે પ્રમાણમાં છે.

આપણા લોકોની રહેણીકરણી તો સુપ્રસિદ્ધ છે. એ જ ગંદવાડ, એ જ સુસ્તી. અહીંના સારાસારા પૈસાદાર વેપારીઓનાં છોકરાં પણ તમે ગંદાં જ જુઓ. આપણા ગુજરાતના ભાઇઓમાં લેટા લોકોએ તો તેમાં હદ વાળી છે એમ કહી શકાય. શાળાઓમાં પણ તેમનાં છોકરાંને ગંદવાડના નમુના તરીકે મુકી શકાય એમ એક પ્રમાણભૂત માસ્તરે મને કહ્યું છે. રોજ એક વાર નહાવામાં તો તેઓ સમજતા જ નથી. સનાતનધર્મ કન્યાશાળાની તેત્રીસ કન્યાઓમાંથી ફક્ત બે સ્નાન કરીને આવી હતી. લોકોનાં સંડાસોનું તો પુછવું જ શું ? દેશની જેમ અહીં પાનની પીચકારીઓ સંડાસમાં નથી જણાતી; પણ જ્યાં, પરંપરાથી બીડી ન પીનાર બ્રાહ્મણવર્ગ પણ ખાસ 'વર્જિનિયા લીફ' ફૂંકે ત્યાં સંડાસોનો દેખાવ કેવો થતો હશે તે તો કલ્પી જ લેવું. 'વટલ્યો બ્રાહ્મણ તરકથી યે જાય' એ કહેવત ખોટી નથી.

મને ઘણા સારાસારા માણસોએ જણાવ્યું છે કે નૈરોબીમાં પચાસ ટકા પટેલ ભાઇઓ અવારનવાર દારૂ પીએ છે અને તેત્રીસ ટકા તો રીતસર પીનારા છે. નૈરોબીમાં પટેલ ભાઇઓ તો ઘણાખરા કેળવાએલા છે, કેળવણીમા રસ લે છે, સારીસારી નોકરીઓમાં છે, છતાં આ કેમ બની શકયું છે તે હું સમજી શકયો નથી. કાઠિયાવાડી ભાઇઓ દારૂ વગેરે પીતા સાંભળ્યા નથી, પણ દારૂ વેચવો એ દારૂ પીવાનું સારું જણાતું સ્વરૂપ હોય તો તો શેઠ કાનજીભાઈ પોતે જ દારૂના મોટા વેપારી છે. દારૂ તથા ડબ્બાઓમાં પૅક થઇને આવતું માંસ—બળદોની જીભો વગેરે—એ એમનો ખાસ

એ કોણ ?

એ કોણ ? સદ્ભાગી પ્રચંડપાણિ,
  જેને સુધા નેત્રદ્વયે સમાણી;
એ કોણ ? બોલે સુમધુર વાણી,
  એ કોણ ? એ ગુર્જરીનો કુમાર.

લાલી મુખે, યૌવનગૌર કાયા,
  હૈયે ભર્યા ચેતનના ફુવારાઃ
સત્કાર્યે જેનાં કરતાં ઝગારા,
  એ કોણ ? એ ગુર્જરીનો કુમાર.

મહાબલી, નમ્ર. દયાર્દ્ર દીઠો,
  ને પુત્ર વાગીશ્વરીનો પનોતો;
લાગે સહુને શીલપૂર્ણ મીઠો,
  એ કોણ ? એ ગુર્જરીનો કુમાર.

એ કોણ ? માતૃભૂમિનો સિપાહી,
  રહ્યો સ્વદેશોદયને જ ચાહી;
માતા તણાં દુગ્ધ દીપાવનાર,
  એ કોણ ? એ ગુર્જરીનો કુમાર.

ચંદ્રકાન્ત મંગળજી ઓઝા

વેપાર છે. પણ વેપાર કરનાર તે પૈસા સામી નજર રાખે કે પોતે શું વેચે છે તેની સામે? એ ભાઇ તો કહે છે કે વાપરનારાઓને બંધ કરો એટલે અમે અમારી મેળે બંધ કરશું જ કરશું!

આપણા લોકોની રાજકીય સ્થિતિ અહીં તદ્દન ખરાબ છે. રેલવેમાં, ઑફિસોમાં, રસ્તાઓ પર, કોરટમાં, સ્ટીમરમાં, હોટેલોમાં જ્યાં જાઓ ત્યાં રંગભેદ સામો જ ખડો છે. વહેલામોડા આપણા ભાઇઓને કેન્યા છોડીને નાસવું પડે તેની પેરવી જ સરકાર કર્યાં કરે છે. એમ કહેવાય છે કે આખી યુગાન્ડા રેલવે પટેલોએ અને પંજાબીઓએ બાંધી છે. એ રેલવે પણ પટેલ રેલવે કહેવાય છે. પરંતુ એ રેલવેના નોકરોમાંથી તેમની સંખ્યા ધીમેધીમે રીતસર ઓછી થતી જાય છે અને જતે દિવસે તેમાં કેટલા પટેલો ટકશે એ પ્રશ્ન છે. એ જ પ્રમાણે બધી ઑફિસોનું સમજવું. આપણા ભાઇઓના પગાર ઉપર તેમજ રજાઓ ઉપર તો અવારનવાર તરાપ આવ્યે જ જાય છે અને નોકરી ધીમેધીમે કસ વિનાની થતી જાય છે.

વેપારમાં પણ આવી જ સ્થિતિ છે. કહે છે કે આજ સુધી યૂરોપિયન લોકો આપણા ભાઇઓની દુકાનેથી પણ માલ લેતાં અચકાતા નહિ; પણ હવે તો તેઓ યૂરોપિયનોની દુકાનેથી જ માલ લે છે, પછી ભલે તે માલ ચારગણો મોંઘો મળતો હોય. આને પરિણામે, આપણી કેટલીક પૈસાદાર પેઢીઓને ધક્કો લાગ્યો છે એમ જણાય છે,—અને લાગે જ.

આ રાજકીય પરિસ્થિતિને પહોંચી વળવા માટે આજ ચાર વર્ષ થયાં અહીં પણ કૉંગ્રેસની બેઠકો થાય છે અને છેલ્લી બેઠકમાં તો પ્રમુખ તરીકે શ્રીમતી સરોજિની નાયડુ આવ્યાં હતાં. આ ચળવળનું પરિણામ તો જે આવે તે ખરૂં, પરંતુ એક વાત તો મને દીવા જેવી ચોકખી લાગે છે અને તે એ કે અહીંના રાજકીય નેતાઓ પર આપણા લોકોને જરા યે વિશ્વાસ નથી. સાંભળવા પ્રમાણે કેન્યાના નેતાઓએ અનેક વાર ફંડોના ગોટાળા કર્યા છે, એટલે પ્રજા તેમના હાથમાં નાણાં મુકવા તૈયાર નથી. કેન્યાના રાજકીય નેતાઓનું જીવન પ્રજા પર છાપ પાડે તેવું નથી. તેમના જીવનમાં જોઇએ તેટલા પ્રમાણમાં સાદાઇ નથી, તેઓ દારૂડિયા છે વગેરે વગેરે ફરિયાદો મારે કાને આવી છે એ જ બતાવે છે કે તેઓ આમવર્ગના હૃદયમાં સ્થાન મેળવી શક્યા નથી. આપણા ભાઇઓની રાજકીય લડતને ટકાવી રાખનારૂં સાપ્તાહિક પત્ર 'ડેમૉક્રૅટ' પણ જોઇએ તેવી સારી સ્થિતિમાં નથી. એના તંત્રી મિ. આચાર્ય પોતે સજ્જન છે, પણ તેમનું પત્ર પ્રજામાં સ્થાન મેળવી શકયું નથી, એટલે અત્યારે તો એ આપણી સંસ્થાની માફક દાન ઉપર નભે છે અને આપણો પગાર જેમ દાનમાંથી નીકળે છે તેમ જ રા. આચાર્યનો માસિક આઠ સો શિલિંગનો પગાર પણ દાનમાંથી જ નીકળે છે.

અહીંના નેતાઓમાં રા. દેસાઈ આગળપડતા આદમી છે; હજી તેમના પર લોકોનો થોડો પણ વિશ્વાસ છે. પરંતુ મને જણાયું છે કે રા. દેસાઇનું જીવન હાલ વહે છે તેમ વધારે વખત વહેશે તો એ વિશ્વાસને સરી પડતાં વાર નહિ જ લાગે.

આપણો આમવર્ગ તો લડત પ્રત્યે છેક જ ઉદાસીન છે; કારકુન વર્ગ હજી એ લડતના મર્મને સમજે છે અને જરૂર પડ્યે દ્રવ્ય આપે છે.

હવે આપણી ધાર્મિક સ્થિતિ વિષે. યુગાન્ડામાં મેં આપણા લોકોનું એક પણ મંદિર ન જોયું; અને અહીં જોયાં ત્યારે પહેલાં મને હર્ષ થએલો, પરંતુ એ હર્ષ લાંબો ટકયો નહિ. યુગાન્ડામાં માણસને કામ એટલું બધું કે મંદિર બાંધવાનો વખત જ નથી. નૈરોબીમાં મંદિર બાંધવાનો યે વખત છે અને મંદિરમાં લડાઇ જગાવવાનો પણ વખત છે. યુગાન્ડામાં મેં આપણા ભાઇઓમાં સારી એકતા જોઇ હતી. તેમાં પણ યુગાન્ડાનો અતિથિધર્મ તો હું હજી પણ સંભારૂં છું ત્યારે મને મોહ પમાડે છે. બપોરે વૈશ્વદેવ સમયે જે કોઇ આવી ચડયો તેને માટે ભોજનનો ખરા દિલનો સત્કાર. નૈરોબીમાં તો મેં ધર્મના ઝગડા જ જોયા છે. આર્યસમાજ અને સનાતનધર્મ લડે; આર્યસમાજ અને શીખો લડે; ખોજાઓ તો નામદાર આગાખાનના છત્ર તળે કપાળમાંથી હિંદીનું નામનિશાન ઉખેડી નાખી શકાય તો તેમ કરવા તત્પર; મુસલમાનોને મસીદ અને બ્રાહ્મણોને શિવાલય. બધા શાસ્ત્રાર્થ કરે, બધા એકબીજાને શાસ્ત્રીય ગાળો ભાંડે, બધા પોત-

પોતાની જુદી કન્યાશાળા ચલાવે અને પરિણામે બધા અધર્મથી મરે. સૌ પોતપોતાને મનગમતો ધર્મ પાળે એ સમજી શકાય છે; સૌ પોતપોતાને મનગમતા આચારવિચાર ધરાવે એ પણ ખરૂં; પરંતુ, અમુક જ ધર્મ સર્વશ્રેષ્ઠ છે ને તે સિવાયના બીજા ધર્મનાં માણસો તરફ મનુજ ભાઇ તરીકે આપણો કશો ધર્મ છે જ નહિ એવી માન્યતા શી રીતે ચાલી શકે? આ ખોબા જેવડા નૈરોબીમાં ધર્મનાં આ તોફાન શાં? મને તો લાગ્યું છે કે બધા ધર્મના ટકાટકાની કીમતનાં માણસો જ આ ઝગડા ચલાવી રહ્યા છે ને પોષી રહ્યા છે. જે ધર્મ પોતાના માનવબંધુ તરફ ભાઇચારો ઉપદેશી ન શકે તે ધર્મનો આ નવી દુનિયામાં તો નાશ થયે જ છુટકો છે. નૈરોબીમાં આપણા ભાઇઓમાં રાજકીય તેમજ સામાજીક ઐક્ય નથી આવી શકતું તેનું એક મોટું કારણ આ પણ છે.

આ તો નૈરોબીની સામાન્ય વાત થઇ. હું તો નૈરોબી આવ્યો તે જ દિવસે મેં ગિજુભાઇના બે જુના મિત્રોને શોધી કાઢ્યા. તેઓ હજી પણ ગિજુભાઇને સ્નેહથી સંભારે છે. તેમાંના એક રા. દોલતરામ માસ્તર—જે 'ભયંકર'ના ઉપનામથી ઓળખાય છે—અને બીજા રા. હરિશંકર ત્રિવેદી.

દોલતરામ માસ્તર પહેલાં મહેતાજી હતા, પછી જામનગરના પોલિસ ફોજદાર હતા, ત્યારબાદ નૈરોબીમાં માસ્તર રહ્યા, પછી નૈરોબી પોલિસમાં દાખલ થયા અને અત્યારે ફડકે બૅરિસ્ટરના હેડ ક્લાર્ક છે. આમ પોતે બાહોશ છે, ઘણું ટીચાયા છે, જાતે ઔદીચ્ય બ્રાહ્મણ છે, રાત્રે ધુમાડા કાઢતાકાઢતા પોતાના અનુભવની વાણી સુંદર રીતે સંભળાવે છે અને તેમના માથા પરના ધોળા વાળ તેમાં સહેજસાજ ગંભીરતા પણ પુરે છે ખરા. પોતે ખુબ આનંદી છે.

બીજા રા. હરિશંકરભાઇ ત્રિવેદી પહેલાં તો શેઠ અલીદીના વિશ્રામના મૅનેજર હતા, પણ તે પેઢી ભાંગતાં હવે લાકડાનો મોટો વેપાર ખેલે છે. પોતે હાલ કચ્છી હિંદી યૂનિયનના પ્રમુખ છે. તેમના પ્રમુખપણા નીચે મેં કેળવણીનાં બે વ્યાખ્યાનો આપ્યાં હતાં. ઉપરાંત, અત્રેના ગાંધી મંડળના પણ તેઓ પ્રમુખ હતા; કારણ કે ગાંધી મંડળના પ્રમુખને સંપૂર્ણ વિદેશી પોષાક ધારણ કરવાનો હક્ક હતો!

આપણા કાઠિયાવાડી ભાઇઓમાં તેઓ આગેવાન ગણાય છે અને મારા જેવા કોઇ રાષ્ટ્રીય શાળાના ફંડને માટે આવે, કોઇ સીનેમાના ખેલો કરવાવાળો આવે કે કન્યાશાળાનો ફાળો કરવાનો હોય, એવા પ્રસંગોમાં સૌ કોઇની નજર તેમના તરફ ઢળે છે. ગિજુભાઇને તેમણે બેત્રણ વાર બહુ સ્નેહથી યાદ કર્યા હતા.

આ તો ગિજુભાઇના મિત્રોની વાત થઇ. પરંતુ એ સિવાયના બીજા ઘણા ભાઈઓને મારે અહીં ઉતારવા પડશે. પહેલાં તો બે કાઠિયાવાડી ભાઇઓને ઉમેરી લઉં: એક મિ. મહેતા અને બીજા મિ. કોટક.

રા. અમૃતલાલ મહેતા મુળ જામનગરના છે અને અહીં નેશનલ બૅંક ઑફ ઇન્ડિયાના ક્લાર્ક છે. તેઓ જાતે જૈન છે, પણ સ્વામી રામતીર્થના ભારે વાચક ને શૉખીન છે. આપણા ફંડમાં એ ભાઇએ પુરા પંદર દિવસ એકપગે કામ કર્યું. રોજ દિવસમાં તેમના ત્રણચાર આંટા તો ખરા જ. રાત્રે પણ ઘણી વાર અગિયાર અગિયાર વાગ્યા સુધી અમારી મંડળીમાં મિ. મહેતા હોય ખરા. તેમની સરળતા મેં આખા નૈરોબીમાં નથી જોઇ. નૈરોબીના ફંડની ચોપડી અને ઇન્ડિપેન્ડન્ટ પેન તો તેમના હાથમાં જ.

ભાઈ કોટક વળી બીજી જાતના આદમી. પહેલેથી જ ફંડમાં હાજર; પણ થોડાબોલા. મક્કમ એવા કે ધાર્યું હોય ત્યાંથી ધારી રકમ લીધે રહે. તેઓ પોતે સ્ટૅન્ડર્ડ બૅંકમાં સારો હોદ્દો ભોગવે છે અને સ્થિતિ પણ સારી હશે. તેમને જાણનારાઓ તેમનું બહુ સારૂં માન રાખે છે. ફંડની ઉઘરાણી તાકીદે પતાવવામાં તેમણે અદ્ભુત કામ કર્યું છે. બોદાં હાંડલાંને પણ તે એક વાર તો બરાબર વગાડી આવ્યા છે. આ સિવાય રા. કાલિદાસ માસ્તર વગેરેનો ઉપકાર પણ ભુલાય નહિ.

પણ હવે કાઠિયાવાડનો પક્ષપાત દેખાશે. નૈરોબીમાં તો મારો યુગાન્ડાનો અનુભવ ફરી પ્રત્યક્ષ થયો. યુગાન્ડામાં તેમજ નૈરોબીમાં પટેલ ભાઇઓએ મારી જે કદર કરી છે તે કાઠિયાવાડી ભાઈઓએ એકંદરે નથી કરી;—શેઠ નાનજી કાલિદાસ, વિઠ્ઠલદાસ હરિદાસ વગેરે તો અપવાદ રૂપ જ ગણાય. નૈરોબીમાં પહેલે દિવસથી જ પટેલો મારા પડોશીઓ હતા. મારૂં સાંધું સામાન તો બધું શેઠ કાનજીભાઇને ત્યાંથી

આવતું, પરંતુ વ્યવસાયને લઇને તેઓ મને બહુ મળી ન શકતા. આ તરફ એક વાર હું ઝેરી દુધ પી ગયો અને ઝેરની અસરથી માંદો પડ્યો એટલે પટેલ ભાઇઓનો અને મારો સંબંધ વધતો ગયો; તે એટલે સુધી કે છેવટે શેઠ કાનજીભાઇનો મહેમાન મટી હું છેલ્લા બાર દિવસ તો સર્વ પ્રકારે તેમનો જ મહેમાન બની ગયો.

આ ભાઇઓમાં રા. રામભાઈ, રા. ધનજીભાઇ તથા માસ્તર એ મુખ્ય હતા. આ ત્રણે ભાઇઓએ પહેલાં તો મને 'સાહેબ' ઠરાવ્યો. કૉલેજમાંથી નીકળ્યા પછી મેં તો 'નાનાભાઇ' અને 'જી' વિના બીજું સાંભળેલું નહિ, એટલે મને પહેલાં તો 'સાહેબ' બહુ અડવું લાગ્યું; પણ આ પટેલ ભાઇઓએ અને રા. મહેતાએ 'સાહેબ' એવું તો ઉપાડ્યું કે મારા કાન ટેવાઇ ગયા. હું માંદો રહ્યો તે દરમ્યાન આ ભાઇઓ મારી બહુ ચિંતા કરે; વાગ્યું હતું ત્યાં શેક કરવા શગડી તૈયાર કરે; મને શું ભાવશે, પાપડ ઠીક પડશે કે નહિ વગેરેની મીમાંસા ગૌરીશંકરની સાથે કરે અને સ્નેહભાવે મને છેતરી પણ દે. દરરોજ રાત્રે બરાબર સાડા નવ વાગ્યે સુવાની ટેવવાળા આ ભાઇઓ મારા વાળુ કરી રહ્યાની રાહ જુએ જ અને પછી તરત જ જમાવે તે રાતના બરાબર અગિયાર! અમારી વાતો ઘણી વાર તો પૂ. ગાંધીજીના સંબંધે હોય. રા. રામભાઈ ગાંધીજીના ભક્ત છે; જોકે ગાંધીજીની અહિંસા રામભાઇને જરાતરા ખુંચે ખરી. ભવન સંબંધે તેઓ અનેક વાતો મને પુછતા. ધીમેધીમે તો અમારી આ ટોળીમાં ભરતી થવા લાગી અને જરાજરા દૂર રહેનારાઓ પણ આવવા લાગ્યા.

ભવનનું ફંડ નૈરોબીમાં થવું જોઇએ તેવું ન થયું. શેઠ કાનજી નારણજી, જેમના પર નાનજીભાઇએ મને ભલામણનો કાગળ આપ્યો હતો અને જે અહીંના આપણા મોટા વેપારી છે તેમણે ૧૦૦ શિલિંગથી શરૂઆત કરી અને સત્તર દિવસની માથાકુટે પણ ૧૫૦થી આગળ ન ચાલ્યા, એટલે વાત આખી વિખરાઈ ગઇ. આ પ્રસંગે અત્રેના એક આવા કામમાં આગળ પડતા પાટીદાર ભાઇ મોખરે આવ્યા. તેમનું નામ મગનભાઇ. લોકો તેમને એમ. આઇ. પી. જ કહે છે. પહેલાં તેમણે 'ડેમોક્રેટ' પેપર માટે ગાંઠની બાચકી બાઇને કામ કરેલું અને રા. આચાર્ય બીમાર થયા ત્યારે ધણિયાણીની માફક ચાકરી કરેલી. નૈરોબીમાં પટેલ બ્રધરહૂડની મોટી લાયબ્રેરી છે તે તેમની મહેનતનું ફળ છે. આખી પટેલ કોમમાં તે ડોસા તરીકે ઓળખાય છે. કોઈ પટેલ માંદો પડ્યો અને મગનભાઇને ખબર પડી કે ત્યાં દોડ્યા જ હોય. સેવા એ તો એમની જીવનદોરી. સૌને ઓળખે અને સૌને સંભળાવે પણ ખરા. આ મગનભાઇએ આપણું કામ હાથમાં લીધું અને કાઠિયાવાડી ભાઈઓએ જે રકમ ન આપી તેવી રકમ પોતાના પટેલ ભાઇઓ પાસેથી અપાવી. મિ. મહેતા અને કોટકની જેમ જ અથવા તો તેથી પણ વધારે હીમતથી મગનભાઇ મારી સાથે ફર્યા છે. અને રાત્રે તો મગનભાઇ આવ્યા જ હોય. તાવ આવ્યો હોય, ઉજાગરો હોય, કળાતર થતું હોય તોપણ છેવટ ઓવર કોટ પહેરીને અને ક્વિનાઈનની ગોળીઓ ગજવામાં મારીને પણ મગનભાઇ ડોસા રાત્રે આવ્યા જ હોય. તેમના આગ્રહમાંથી અને તેમની વૃત્તિમાંથી હું તો ઘણુંઘણું નવું શીખ્યો છું.

આ આખી ટોળીએ મને નૈરોબીમાં બાંધી લીધો હતો. રા. ચતુરભાઇ અને મણિભાઈ જેવાએ તો ગૌરીશંકરની મોમ્બાસા સુધી બરદાસ ઉઠાવી અને સૌએ નૈરોબીમાં અમારો વાસ સુખદાયી બનાવ્યો.

આ ટોળીમાં એક પાતળા ચતુરભાઇ હતા. શુદ્ધ સમાજી; ઓછાબોલા, ભાવનાશાળી અને બહુ જ હેતાળ. એમને માટે તો લખવા કરતાં વિચાર કરવો એ જ ઉત્તમ છે. આ લખું છું ત્યારે એમની મુદ્રા મારી નજરે તરે છે.

અંતે નૈરોબી છોડયું. ગૌરીશંકર બે દિવસ પહેલાં ઉપડ્યા હતા. હું તા. ૧૨મીએ નીકળ્યો. સ્ટેશને સૌ ભાઇઓને સ્નેહનમન કર્યાં અને ગાડી ઉપડી.

નૈરોબીથી બપોરના બે વાગ્યે ઉપડ્યા. પાંચ વાગ્યે ક્યુ આવ્યું. અહીં ચુડા તરફના રા. પ્રભાશંકરભાઇ સ્ટેશન માસ્તર છે. આપણી સંસ્થા તરફ તેમનો ઘણો સદ્ભાવ છે. હું ક્યુ રોકાઇ શકું તેમ ન હતું એટલે તેમણે પોતે જ ફંડ એકઠું કરી રાખ્યું હતું તે મને સુપ્રત કર્યું અને અમે રામરામ કર્યા. તા. ૧૩મીએ સવારના ૭ વાગ્યે મોમ્બાસા આવ્યું.

મારી નૈરોબીની મુલાકાતમાં કેન્યા પ્રદેશના લોકો વગેરેનું તમને જરા યે દર્શન થશે નહિ. યુરોપિયન લોકોમાં આખો કેન્યા The Great Game Country (મહાન શિકાર ભૂમિ) તરીકે સુપ્રસિદ્ધ છે. હજી આજે પણ નૈરોબીમાંથી દરરોજ એકાદ યુરોપિયનની ટોળી સફારી પર નીકળે છેઃ બેત્રણ યુરોપિયનો, પચાસ સાઠ કે પોણોસો અસ્કારી તેમજ સામાન ઉપાડનાર મજુરો, સાથે બંદુકો, રફલો, તંબુઓ, પેટીઓ, નહાવાનાં ટબો, ટેબલો વગેરે. નૈરોબીની આસપાસ હવે પહેલાંનું romance તો નથી જ રહ્યું; પરંતુ કેન્યા પર્વત તરફ, મેરૂ તરફ કે આથી નદીને કાંઠે હજી પણ શિકાર પુષ્કળ મળી આવે છે.

કેન્યા મૂળ મસાઇ લોકોનો દેશ. મસાઇની જેમ વાકીકુયુ વગેરે લોકો પણ મૂળ આ પ્રદેશના જ વતની, પણ અત્યારે તો આ મસાઇ લોકોએ ગૌરાંગ દેવોને માટે માર્ગ કરી મુક્યો છે. પરિણામે તેમને માટે તો હાઇલૅન્ડ્ઝથી દૂર 'મસાઇ રીઝર્વ' નામની ખાસ જગ્યા રાખી છે. નૈરોબીમાં લોકો વાતો કરે છે કે આ લોકોના હજારો મરદોને લડાઇને બહાને અંગ્રેજોએ ખપાવી દીધા છે અને તેમાં હજી પણ જે માથું ઉંચું કરે તેનું માથું સલામત નથી. આખા આફ્રિકામાં આ મસાઈ લોકોની બહાદુરી જાણીતી છે. કોઈ મસાઇ યોદ્ધાનું ચિત્ર જુઓ તો આ શૌર્યનું તેમાં પ્રતિબિંબ દેખાશે. કીકુયુ લોકો પણ તેવા જ બહાદુર. તેઓ નિરંતર પોતાની પાસે લાંબા ભાલા રાખે છે.

આ બહાદુર મસાઇઓને તેમની પોતાની બોડમાં જોવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત ન થયું. નગરોમાં તેઓ ભાગ્યે જ આવે છે, અને આવે છે ત્યારે તેમના શુદ્ધ સ્વરૂપમાં નહિ. નૈરોબીમાં તેઓ કપડાં પહેર્યાં વિના ભાગ્યે જ આવી શકે છે. તેઓનાં કપડાં મોટે ભાગે જનાવરોનાં ચામડાંનાં હોય છે અને તેમને લાલ માટી તથા ચરબીથી રંગેલાં હોય છે. આ લોકો પોતાનાં માથાંમાં પણ લાલ માટી તથા ચરબી લગાવે છે અને શરીરે પણ ચરબી ચોળે છે. મસાઇ સ્ત્રીઓ બહુ બહાદુર હોય છે. નૈરોબીની બજારમાં આ સ્ત્રીઓ પોતાનો બધો ભાર આપણી પેઠે માથા પર લેતી નથી પણ ઝોળી કરીને ઝોળીનો પટ્ટો કપાળ પર થઇને માથા ફરતો રાખી ઝોળી આખી પીઠ પર આવે એ રીતે લટકાવે છે. આફ્રિકાનાં બૈરાંઓ છોકરાં તેડવાનું તો જાણતાં જ નથી; બાળ બાંધીને પીઠ-પર રાખે છે; અને તે એવી રીતે કે તેની મરજી થાય તો પાછળ બાઈમાં બેઠુંબેઠું ધાવે પણ ખરૂં! તેને તડકો ન લાગે એટલા માટે બાઇના ઉઘાડા ખોળા પર તુંબડાનું અડધિયું ઢાંકવામાં આવે છે.



મસાઈ યોદ્ધો

મસાઇ સ્ત્રીઓ હાથ તેમજ પગમાં ત્રાંબા પિત્તળના વાળાનાં મોટાંમોટાં ગુંચળાં પહેરે છે અને ડોકમાં પિત્તળનાં મોટાં ઘરેણાં ઘાલે છે. મસાઇ પુરુષો જ્યારે રંગમાં હોય ત્યારે માથામાં સુંદર પીંછાં ઘાલીને પુર જુસ્સામાં ફરે છે. એ લોકોના સામાજિક રિવાજો, તેમના વહેમો, તેમની ધર્મમાન્યતાઓ, તેમનું કુટુંબ-જીવન, તેમની લોકવાર્તાઓ વગેરે જોવા જાણવાનો મને તો અવકાશ જ ન હતો એટલે એ મઝા મારે જતી કરવી પડી છે.

નાનાભાઇ

બાળપોથીના પત્રોઃ લેખક, દલપતરામ કેશવલાલ દવે.

શ્રી મઢડા આશ્રમનો હેવાલઃ પ્રસિદ્ધ કર્તા, શાહ શિવજી દેવસિંહ.

શ્રી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ–કડીનો ૧૯૮૨–૮૩નો વાર્ષિક અહેવાલ

શ્રી શ્વે. સ્થાનકવાસી જૈન મિત્રમંડળ–બરવાળાના નિયમો

શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન–ભાવનગરઃ નાણાપ્રકરણ '૨૬–૨૭.

શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન શું છે?

શ્રી કાઠિયાવાડ સમસ્ત બ્રાહ્મણ વિદ્યાર્થીભવન–જુનાગઢનો રીપોર્ટ.

જંગબારી પોપટ પર અખતરો


[પાન ૫૧૬થી ચાલુ]

આ રીતે સાત માસ ચાલ્યા ગયા. તે દરમિયાન માત્ર એક વાર નર સહેજ પાંખર્યો હતો. માદાએ એક ઇંડું મુકયું. પણ ઇંડું એટલે કાંઇ બચ્ચું નહિ. દરેક પક્ષી પોતાનાં ઈંડાંને જુદાજુદા રીતે સેવે છે. આ પક્ષીઓ શું કરે છે તેનું કોઇને જ્ઞાન ન હતું, તેમજ તેમને માટે કુદરતી જેવો કૃત્રિમ માળો બાંધવા માટે પુરતાં સાધનો ન હતાં. એટલે પ્રથમ ઇંડું સેવવા માટે ઘાસ સિવાય બીજાં સાધન આપવામાં આવ્યાં ન હતાં. સાધારણ નિયમ એવો છે કે ઈંડાંમાંથી ૨૧ દિવસ પછી બચ્ચું નીકળે. આ ઇંડામાંથી તો તેટલા દિવસ પછી પણ કશું નીકળ્યું નહિ. આ શુક–યુગ્મ ઘાસ નાખવાથી પણ ગુસ્સે થતું. તેમણે ઘાસને દૂર ફેંકી દીધું અને અંતે ઇંડાને પણ ફોડી નાખ્યું. ત્યાર પછી તેમને બેસવા માટે ઝાડની એક નાની ડાળી પિંજરામાં મુકવામાં આવી અને પિંજરાને જુદીજુદી જાતનાં પીંછાં વગેરેથી ઢાંકી દેવામાં આવ્યું, કે જેથી તેઓ પ્રજનન માટે વધારે સરલતા મેળવે. ચાર દિવસ પછી માદાએ એક ઇંડું મુકયું. આ વખતે ઘાસને બદલે સેવવાની સગવડ માટે એક માટલું બરાબર પિંજરાના મોં સામે જ મુકવામાં આવ્યું. ત્યાર પછી જ્યારે પાંચ ઇંડાં થયાં ત્યારે વધારે મોટું માટલું મુકવામાં આવ્યું અને માદા સેવવા બેઠી. પણ ઘણી વાર ઇંડાં દડી જતાં ત્યારે તેમને ઠેકાણે મુકવા અને ઇંડું સાચું છે કે ખોટું તે પારખવા રા. કંચનરાયને ઇંડાંને અડકવું પડતું. આ ઈંડાંનું પરિણામ ૨૧ દિવસ પછી એટલું જ નિરાશાજનક આવ્યું. ઇંડાને અડકવા જતાં એક વાર તો રા. કંચનરાયને પોપટ એવો સખત કરડ્યો કે ઘણા દિવસ સુધી તેમનો હાથ ખોટો પડી ગયો. પછી માટલાંને બદલે એક ઝાડના થડને કોરી તેમાં ઇંડાં સેવવા માટે ગોઠવણ કરી. તેમાં માદાએ પાંચ ઇંડાં મુક્યાં. પણ એક દિવસ પક્ષીઓ એ જગ્યામાં સલવાઈ ગયાં અને કંચનભાઇએ તેમને ધ્યાનથી બહાર લઈ લીધાં ન હોત તો મરી પણ જાત.

આ દરેક ઇંડાં મુકાતી વખતે તેમાંથી બચ્ચું કેમ નહિ નીકળ્યું હોય તેની કંચનભાઇ તે વિષયના જાણકારો સાથે ચર્ચા કરતા અને એવા દરેક ઈંડાને ધ્યાનપૂર્વક અંદરથી તપાસવામાં આવતું. તેવી રીતે છેલ્લું ઇંડું તપાસતાં તેની અંદર પક્ષીના શરીરનો આકાર માલુમ પડ્યો. ત્યાર પછી માદાએ ફરી ત્રણ ઈંડાં મુક્યાં. આ વખતે એક બનાવટી ખડક જેવું કરી તેની ઉપર ઇંડાં સેવવા માટે માટલું મુકવામાં આવ્યું. આ ત્રણમાંનાં એકમાંથી ૩૧ દિવસ પછી એક બચ્ચું નીકળ્યું.

કેટલા યે મહિનાની મહેનત પછી, આવું અશક્ય માનેલું પરિણામ આવવાથી રા. કંચનરાયને અને પક્ષીવિજ્ઞાનના બીજા જાણકારને જે આનંદ થયો હશે તે કલ્પાય તેવો નથી. અને તેની મહેનતનો તો ખ્યાલ જ આવે તેમ નથી. છતાં એ કેટલી સતત મહેનત હશે તે તો આજે પણ જે ઉલ્લાસથી તેઓ આ વિષે વાત કરે છે તે પરથી જાણી શકાય તેમ છે. બીજા ઈંડામાંથી ચાર દિવસ પછી બચ્ચું નીકળ્યું અને ત્રીજું ઇંડું ખાલી ગયું. બીજી, ત્રીજી અને ચોથી વાર ત્રણત્રણ ઈંડામાંથી બબ્બે બચ્ચાં નીકળેલાં. પણ ત્રણ પૈકી ત્રીજી વારમાં એક બચ્ચું ઘણું નબળું હતું તે તરત મરી ગયું, અને બીજાંને તેનાં માબાપે મારી નાખ્યું. ચોથી વારનાં બંને બચ્ચાં નબળાં હતાં. તેમાંના એકને રા. કચનરાયે પોતાની પાસે ઉછેર્યું. તે એટલું તો હેવાયું થયું કે કંચનરાયની બે દિવસની અનિવાર્ય ગેરહાજરીમાં હીજરાઇને મરી ગયું. પાંચમી વાર ત્રણ ઇંડાંમાંથી ત્રણ બચ્ચાં નીકળ્યાં. આ વખતનું પરિણામ જ સૌથી વધારે સંતોષકારક હતું, કેમકે બધાં જ ઈંડાં સુઘટિત હતાં. માદામાં હવે વાએદાં મુકવાનો અંશ પણ રહ્યો ન હતો. જ્યારે છઠ્ઠી વાર તેમણે બેદાં મુક્યાં ત્યારે બંનેને છુટાં પાડવામાં આવ્યાં.

આ રીતે ત્રણ વરસના સતત પરિશ્રમે આ યત્ન ફતેહમંદ થયો. હિંદના પક્ષીવિજ્ઞાનના ઇતિહાસમાં આ બનાવ પ્રથમ જ છે. જો આવી મહેનત વિલાયતમાં કોઇએ કરી હોત તો તેની ઉપર શાબાશી અને ડિગ્રીઓના વરસાદ વરસ્યા હોત. અને અહીં પણ જીવન વિજ્ઞાનશાસ્ત્રનો કોઇ પણ અભ્યાસી રા. કંચનરાયને અભિનંદન આપ્યા વિના રહી શકશે નહિ.



બૉન-કી

જાપાની કળાનો એક પ્રકાર

જાપાની ભાષામાં 'બૉન' એટલે મોટો થાળ અને 'કી' એટલે કુદરતી દેખાવ. એક મોટા થાળમાં બનાવેલો કુદરતી દેખાવ;—એટલા પરથી તેનો અર્થ સમજાઇ જશે.

ઘરમાં એક ખુણાના ટેબલ પર એક મોટા થાળમાં કુદરતનો કોઇ નાનકડો દેખાવ, ચીતરેલો નહિ પણ ચારે બાજુથી ખરેખર જોઇ શકાય એવો ગોઠવ્યો હોય એની કલ્પના કરી શકો તો આ 'બૉન-કી'નો તમને ખ્યાલ આવશે. એ દેખાવને જુદાજુદા છાયા-પ્રકાશથી વિવિધ રંગી બનાવી શકાય; અથવા જુદા-જુદા સ્થાનમાં રાખી, તેના પર ખુબીદાર રોશનીથી નવાનવા પડછાયા પાડી સૂર્યાસ્ત કે સૂર્યોદયના દેખાવો બતાવી શકાય. આવી નાનકડી, કાલ્પનિક લાગતી, છતાં કોઇ વેંતિયાંઓને વસવાની સૃષ્ટિ હોય એવી આબેહુબ દેખાવની પ્રકૃતિ એ બૉન-કી.

જગતની પ્રજાઓમાં પોતાની અવનવી ને લાક્ષ-ણિક કળા માટે વિખ્યાત થએલા જાપાનીઓની અદ્‌ભુત કલાશક્તિ બતાવનારા અનેક જાતના પ્રકા-રોમાં બૉન-કી પણ એક ગણાય છે, અને અત્યારે જેઓ પાસે તે બનાવવાની કુશળતા છે તેઓને પોતાની કળા ખાસ રીતે બતાવવાનું સાધન છે.

જાપાને પોતાની (ચિત્ર)લિપિ જેમ પોતાના પડોશી ચીન પાસેથી લીધી તે જ પ્રમાણે કળાના પ્રથમ પાઠ શીખવા માટે પણ જાપાનીઓ નવમા સૈકામાં ચીની કળાકારોને જ ચરણે બેઠા હતા, તથા યૂરોપની પહેલાં ૬૦૦ વર્ષ અગાઉ બ્લૉકો કોરતાં શીખ્યા હતા. અને આ વિષયમાં જે તત્ત્વ ખાસ છે તે—કુદરતી બગીચા ઉભા કર-વાનું પણ શીખ્યા હતા. આજ તો તેઓ એ બંને વિદ્યામા આગળ છે.

જાપાની બગીચો કરવા માટે ફૅન્સી ફુલઝાડ કે વિલાયતી લોખં-ડના સળિયાની જરૂર પડતી નથી. કેટલીક વાર તો તેમાં એક્કે ફુલ ન હોતાં માત્ર પથરા જ પથરા હોય! પણ પથરા એટલે? કોઈ ચિત્ર-વિચિત્ર રંગના, વિવિધ કદના, લીસા ને ધારોવાળા, કોઇ અજબ આકર્ષક અને નવીનરીતે, અવ્યવસ્થિત દેખાય છતા ચોક્કસ ગોઠવણવાળા. આવા બગીચા કે પછી કોઇ દેખાવની નાના રૂપમાં બનાવટ કરી થાળીમાં મુકી તે દીવાનખાનામાં પધરાવો એ 'બૉન-કી' થઇ.

બૉન-કીનો પ્રાચીન ઇતિહાસ ઝાંખો છે, પણ એટલું નક્કી કે એ ચીનમાંથી જાપાનમાં આવી. દુનિયાની કૈંકૈં કળાકારીગીરીઓનો પત્તો ચીનમાંથી જ હજારો વર્ષ પહેલાંથી શરૂ થતો જણાયો છે અને ચીનની ઘણી બાબતો હિંદમાંથી આવી એમ કહેવાય છે; એટલે આ 'બૉન-કી'ની કલ્પનાનું મુળ પણ હિંદને જ આભારી છે એમ મનાય છે.

દસમા સૈકામાં જાપાને કળામાં ચીનની અસર પર પોતાની છાપ ઉપાડવા માંડી અને પોતાનાં વિચાર તથા રહેણી પ્રમાણે કળામાં વલણ પકડ્યું. ઇ. સ. ૧૪૭૨ થી ૧૮૪૩ સુધી વાસણો ઉપર કે નાની થાળીઓમાં બૉન-કી બનતી, પણ ઓગણીસમી સદીમાં તો આ 'બૉન-કી' બાઇનો રાફડો જ ફાટ્યો દેખાય છે.

•અત્યારે જૈન ધર્મમાં શત્રુંજય કે ગિરનારના આવા બૉન-કી જેવા નાનકડા નમુનાઓ મોટા ઉત્સવ પ્રસંગે રચ-વામાં આવે છે; પણ તેમાં બૉન-કીના હુન્નરમા ભાગનો પણ કલાપ્રેમ હોતો નથી. —તંત્રી

આ સમયે થોડાક રંગીલા બૉન-કી-નરોએ એક 'બાદુકાઈ' એટલે સંસ્કારી સમાજ સ્થાપી. ઇઝુબો નામના કલાકારે તેમાં નવાનવા પદાર્થો દાખલ કરી બૉન-કીનું રૂપ બદલાવ્યું. એ ઇઝુબો અને તોયામા નામના એક બીજા કારીગર વચ્ચે હરીફાઈ શરૂ થઇ. તેમાંથી મોટા વાડા પડ્યા અને કલાપંથો સ્થપાયા. પરિણામે તો તેથી કારીગરી વધી, અને આજે જાપાનમાં બૉન-કી બહુ લોકપ્રિય કળા થઇ પડી છે. ટોકિયોમાં બૉન-કીના નમુનાઓનું મોટું વાર્ષિક પ્રદર્શન ભરાય છે અને મોટા રાજપુરુષો પણ તેમાં રસ લે છે તથા એ કળાને ઉત્તેજન આપે છે.

ફો ટો ગ્રા ફી ની

નવી ઈનામી હરીફાઇ

દીવાળી અંકવાળી ફોટોગ્રાફીની હરીફાઇનું પરિણામ આ અંકમાની ફોટોપ્લેટમાં જાહેર થાય છે. એ જ સર્જન તરફથી બીજી નવી હરીફાઇ માટે બીજાં બે ઇનામો રજુ થયાં છે.

શાળાજીવનનાં દશ્યો

એ વિષય ઉપરના વિવિધ ફોટોગ્રાફો હરીફાઇ માટે માગવામાં આવે છે. મહાશિવરાત્રી પહેલાં બધા ફોટોગ્રાફો તંત્રીને સરનામે પહોંચી જવા જોઇએ. બીજી શરતો અગાઉ મુજબ જ: (૧) ગ્રાહક-બીન ગ્રાહક સૌ આમાં ભાગ લઈ શકશે. (૨) ફોટોગ્રાફો માઉન્ટ કરેલા ન હોવા જોઇએ અને દરેકની પાછળ, પાડનારે પોતાનું પુરૂં નામઠામ તથા ફોટોની વિગતો જણાવવી. (૩) ધંધાદારીઓ ભાગ નહિ લઈ શકે. (૪) ફોટોગ્રાફ પોસ્ટકાર્ડથી મોટો હોવો ન જોઇએ. (૫) ઇનામ મળેલા ફોટોગ્રાફો પાછા મોકલાશે નહિ. (૬) બાકીના ફોટોગ્રાફો પાછા મેળવવા ઇચ્છનારે સાથે પોસ્ટેજ મોકલવું.

અથાણું

વકીલે અસીલને પુછ્યું, 'ફરિયાદીને તમે હિસાબ બતાવ્યો એટલે એણે શું કહ્યું?'

'એણે મને જહન્નમમાં જવા કહ્યું.'

'એમ કે? એટલે તમે શું કર્યું?'

'એટલે હું સીધો આપને ત્યાં જ આવ્યો!

ક્ર

જમવા આવનાર—આ રૂમાલ બહુ જ ગંદો છે!

વીશીવાળો—વાહ! આપ બહુ ચોખ્ખા લાગો છો! સાઠ જણા તો કાંઇ પણ બોલ્યા વગર એ રૂમાલે હાથ સાફ કરી ગયા, ને એક આપ જ ગંદો કહેનાર નીકળ્યા!

બા ળ વિ ભા ગ



ભાઈબ્હેન

ફુલ વેરાય રે ફુલ વેરાય;
વીરો હસે ત્યાં ફુલ વેરાય.

મોતી પથરાય રે મોતી પથરાય;
બ્હેની હસે ત્યાં મોતી પથરાય.

ભાઇલાનાં ફુલની વેણી ગુંથાય;
વેણી બાંધીને બ્હેન રમવા જાય.

બ્હેનબાનાં મોતીની માળા મંડાય;
માળા પહેરીને ભાઇ જમવા જાય.

ફુલ વેરાય રે ફુલ વેરાય;
વીરો હસે ત્યાં ફુલ વેરાય.

ધ.

ચકલો

કોઈ એક ઘરડી ધોબણ એકવાર લુગડાં ધોતી હતી. ત્યાં એક ચકલો ઉડીને આવ્યો અને ખાવાનું ધારીને ધોબણની ચોખાની ખેળ ખાઇ ગયો. ચકલો એના પાડોશીનો પાળેલો હતો. પણ ધોબણને એવો તો કાળ ચડેલો કે એણે ચકલાને પકડી તેની જીભ તોડી લીધી. ચકલો તો ચીસો નાખતો પર્વત તરફ ઉડી ગયો.

કેટલાક દિવસો પછી ચકલાનાં પાળનાર ડોસા-ડોસીને આ વાતની ખબર પડી, એટલે તેઓ બંને ઘરબાર છોડીને ચકલાની શોધમાં ગામ આસપાસનાં વનેવન ભમ્યાં. છેવટે એક પર્વતની ખીણમાં એમને પોતાનું વહાલું પંખી મળી આવ્યું.

ચકલો પણ પોતાનાં માલિકને જોઇને ખુબ રાજી થયો. પણ હવે ચીં ચીં કરીને એ પોતાનો આનંદ બતાવી શક્યો નહિ. જીભ તુટી જવાને લીધે એ મુંગો

બની ગયા હતો. તોપણ ચકલાએ એમને પોતાને ઘેર આવવા સાનમાં સમજાવ્યાં.

ચકલાએ તો ભાતભાતનાં ભોજન કરીને વૃદ્ધ જનોને જમાડ્યાં; અને ચકીરાણી તથા એનાં બચ્ચાં પોતાનાં એ ઘરડાં માલિકની આસપાસ ફેરાફેરા કરીને હેત બતાવવાં મંડ્યાં. એટલેથી આતિથ્ય પુરૂં ન થયું તે ચકલાએ પોતાની પાંખો ફફડાવીને કુદકાઓનો નાચ કરી બતાવ્યો!

હવે ડોસોડોસી ઘેર જવા તૈયાર થયાં, એટલે ચકલો પરાળની બે ટોપલીઓ લઇ આવ્યો અને પોતાના જુના માલીકને કહ્યું, 'આમાં એક હળવી છે; બીજી ભારે છે. આપ કયી પસંદ કરો છો?'

બુઢ્ઢો બોલ્યો, 'હું તો આ હળવી લઇશ. એક તો અમે ઘરડાં અને વળી વાટ લાંબી રહી.'

ડોસાડોસીએ ઘેર જઇને પેટી ઉઘાડી જોઇ. અંદર તો સોનું રૂપું રતન અને રેશમી વસ્ત્રો! બંને જણાંના હરખનો પાર ન રહ્યો. પણ જ્યાં બધું કાઢીને ટોપલી ખાલી કરવા જાય છે, ત્યાં તો વળી પાછી એ ભરાઇ ગઇ! ઘરડાં તો કાઢીકાઢીને થાક્યાં, પણ ટોપલી જ ખાલી ન થાય ને સોનું રૂપું રતન અને રેશમી વસ્ત્રો ખુટે જ નહિ! પેલાં ગરીબ ડોસોડોસી તો સુખીસુખી થઇ ગયાં.

હવે પેલી ધોબણને આ વાતની જાણ થઇ. ક્યાની રીતે એણે ચકલાનું ઠામઠેકાણું મેળવી લીધું; અને આશામાં ને આશામાં ચાલી ચકલાને મળવા.

પર્વતની ખીણમાં ધોબણને ચકલો મળી ગયો. ચકલાએ એને પણ પોતાને ઘેર લઇ જઇ આગતા-સ્વાગતા કરી અને પછી સામે બે ટોપલીઓ મુકી ગમે તે એક પસંદ કરવા કહ્યું. ધોબણે લોભમાં પડીને ભારે પેટી પસંદ કરી. મનમાં ધાર્યું કે હળવી પેટી કરતાં ભારે પેટીમાં વધુ મત્તા હશે.

માંડમાંડ પેટી ઉપાડીને ધોબણ તો ઘેર આવી. પણ આવીને પેટીનું ઢાંકણું ઉઘાડે છે ત્યાં અંદરથી એક મોટો રાક્ષસ હાઉહાઉ કરતો નીકળ્યો અને ધોબણને ખાઇ ગયો.

(જાપાની વાત)

રાજપુત જીવનસન્ધ્યાઃ બંગાળીમાંથી અનુવાદ, કરનાર, નરસિંહભાઈ ઇશ્વરભાઇ પટેલ; પ્રગટ કરનાર, પુસ્તકાલય સ. સ. મંડળ, લિ. વડોદરા; કી. ૧-૦-૦

જ્ઞાનલીલા

કારતકની જ્ઞાનલીલાના ઉત્તરોમાંથી બધા પુરા સાચા નીચેના ત્રણ ભાઇઓના છે. ઇનામ તેમને મોકલાશે. (૧) બાલસિંહજી શિવસિંહજી-ભાવનગર (૨) બહેચરદાસ ત્રિવેદી-દ્વારકા (૩) ઇશ્વરભાઈ લલ્લુભાઈ-આણંદ (૪) ઋનુપ્રસાદ-કરાડી.



ખરા જવાબ નીચે મુજબ: (૧) ઉંટ બાજુમાં. (૨) **ગણિત-ગમ્મત:** (૧) કમળાનો ભાઇ તનુ, વિમળાનો ભાઈ જનુ, ચંપાનો ભાઇ કનુ ને ગગાનો ભાઇ મનુ. (૨) ૨૪૦/૨૫૩ (૩) ૨૨ પક્ષી; ૧૪ પશુ. (૩) દસમા માણસના માથા ઉપર મીણબત્તી મુકવાથી બાકીના નવ તે જોઈ શકશે નહિ. (૪) ૩૬ ઓ ભરતગોત્ર તુજ વાટ જુએ છે જગત કાલને ઘાટ. (૫) પહેલાં, સાંકળના એક કટકાની ત્રણે કડીઓને કાપ મુકાવવા. પછી તે ત્રણ કડીઓ વતી બીજા ચાર કટકાને જોડી દેવા. આ રીતે છ આના મજુરી ખર્ચી સાંકળ આખી બનાવી શકાય. (૬) પિતા-પુત્ર.

અથાણું

એક દૈનિક છાપાના તંત્રીએ પોતાની બેઠક પાસે મોટે અક્ષરે લખીને નોટિસ ચોડી હતીઃ 'ચોકસાઈ! ચોકસાઇ! ચોકસાઇ!' એક દિવસ તેની ઑફિસમાં નવો નોકર રહેલો રીપોર્ટર એક જાહેર ભાષણનો રીપોર્ટ લઇને આવ્યો. વાંચતાં-વાંચતાં તંત્રીની નજર તેમાંની નીચેની લીટી પર પડીઃ '૩૯૯૯ આંખ વક્તા તરફ તાકી રહી હતી!'

તપી જઇને તંત્રીએ ત્રાડ પાડી, 'આ વાક્યમાં તમે કેવી ચાવળાઈ કરો છો એનું ભાન છે?'

'સાહેબ, એમાં ચાવળાઈ નથી, પણ ચોકસાઈ છે.' જવાબ મળ્યો 'શ્રોતૃવર્ગમાંનો એક માણસ કાણો હતો!'

સ્વીકાર

હંગેરીનો તારણહારઃ સંપાદક, ઝવેરચંદ મેઘાણી; પ્રકાશક, અમૃતલાલ દલપતભાઇ શેઠ, રાણપુર; કી. ૦-૮-૦, પાકું પુઠું ૦-૧૨-૦.

સોરઠી બ્હારવટિયાઃ સંપાદક, પ્રકાશક તથા કીમત ઉપર મુજબ.

મહારાષ્ટ્ર જીવનપ્રભાતઃ બંગાળીમાંથી અનુવાદ, કરનાર, નરસિંહભાઇ ઇશ્વરભાઇ પટેલ; પ્રગટ કરનાર, પુસ્તકાલય સ. સ. મંડળ, લિ. વડોદરા; કી. ૧-૮-૦.



માધુકરી

વિકટ કાળ ડર બહુ ઉપજાવે,
ડરીશ નહિ ઇશ્વર આધારે;
અચલ રહી નગ મેરુ પ્રમાણે:
રે'જે વિશ્વાસે.

નિશા ભલે અંધાર જમાવે,
મનુબાલને છો ગભરાવે;
થશે પ્રકટ રવિરાય સવારે:
રે'જે વિશ્વાસે.

ઉચ્ચ જીવનની આશ લગારે,
હળવી ના પડવા તું દેજે;
એક સમે નિશ્ચે તે ફળશે:
રે'જે વિશ્વાસે.

ૐ ૐ

અધીર બનીશ મા,
આશ ત્યજીશ મા;
લેશ ડરીશ મા:
ઘન ભાળી:

ફેડાશે વિખરાશે અંતે,
ઘન ઘેરાયું જે મુંઝાવે;
પંથ વિઠલ દેખી ના ચળજે:
વધજે તું આગે.

(મળેલું)

અફઘાનિસ્તાનના અમીર ના. અમાનુલ્લાખાન

આપણા દેશની વાયવ્ય સરહદ ઉપર આવેલા આપણા શાખ-પડોશી અફઘાનિસ્તાન વિષે આપણે કેટલું જ્ઞાન ધરાવીએ છીએ એનો સવાલ દરેક જણ જો પોતાની જાતને પુછી જોશે તો શરમ આવશે. મારડેનના ઇતિહાસમાં અફઘાન વિગ્રહનું નામ આવેલું, અને હિંદના નકશામાં વાયવ્ય ખુણા પર એક પહાડી દેશમાં 'અફઘાનિસ્તાન' અક્ષરો વાંચેલા—એ સિવાય એનું કેટલું વધારે સ્મરણ આપણને છે !

બ્રિટિશ સરકાર સાથેના સંબંધમાંથી મુક્ત થઇને સ્વતંત્ર થયા પછી એણે પહેલું કામ પોતાની ઉપર ઝઝુમી રહેલા રશિયન ભયને નાબુદ કરવાનું કર્યું. અને પછી તો એ દેશે અદ્‌ભુત ઝડપથી પ્રગતિ કરવા માંડી છે. તુર્કસ્તાનના કમાલ પાશાએ જેમ ટુંક વખતમાં જુની અડચણકર્તા રાહરસમો દેશમાંથી નાબુદ કરી કોઇ જ્વલંત રચનાશક્તિથી જગતે અગાઉ નહિ જોએલો એવો ઉમદા અને ભવ્ય પ્રગતિનો ચમત્કાર કરી બતાવ્યો, તેમ અફઘાનિસ્તાનને આટલી ઝડપી ઉન્નતિના રાહ પર મુકવાનું માન તેના આજના રાજકર્તા ના. અમીર અમાનુલ્લાખાનને ઘટે છે.

અત્યારે ભુલાએલો ને માત્ર શાસ્ત્રોનાં પાનાં ઉપર રહેલો સાચા રાજવીનો આદર્શ એ અમીર પુરો પાડે છે. રાજા એ ટ્રસ્ટી છે ને રાજ્ય એ તેને સોંપાએલી મિલ્કત છે; રાજા દેશનો ને રૈયતનો માલિક નથી પણ પરંપરાનો નીમાએલો નોકર છે એ ભાવના પર એ પોતાનું જીવન ગાળે છે. બીજા રાજાઓની જેમ એના દિવસો વૈભવની ગાદી પર મોજશોખમાં નથી વીતતા, પણ વ્હેલા પરોઢિયાથી મોડી રાત સુધી પ્રજા-પાલનની અખંડ જહેમત અને ચિંતનમાં વીતે છે. એના શરીર પર ફ્રેંચ રેશમ, જરિયન જામા અને હીરામોતીનાં દાગીનાંનો ઠઠેરો નથી હોતો; પણ પોતાના જ દેશમાં બનેલી જાડી ખાદીનાં કોટ-બ્રીચિઝ, અફઘાનિસ્તાનના જ કારખાનામાં બનેલા જાડા ચામડાના બેડોળ ઘાટનાં બુટ અને હાથના કાંડા ઉપર સાદું ચાંદીનું ચોરસ ઘડિયાળ,—આટલી ચીજોમાં એનાં વસ્ત્રાભુષણની સમાપ્તિ થાય છે.

એનું ખડતલ કાબુલી શરીર પહાડી રસ્તાઓની ઘોડેસવારી અને શિકારો ખેલી શકે છે, તેમ છેલ્લામાં છેલ્લી ઢબની મોટરો અને એરોપ્લેનો ચલાવવા ઉપર પણ એનો અચ્છો કાબુ છે. જે ટંટાતોફાનના દિવસોમાં એ ગાદીએ બેઠા, બ્રિટિશો સાથે લડાઇ જાહેર કરી ને હવામાં રહ્યાંરહ્યાં દુશ્મનોનાં એરોપ્લેનોને પોતાની રાજધાની પર દારૂગોળાનો હુમલો કરતાં જોયા ત્યારથી એણે અર્વાચીન વિજ્ઞાનની એ બધી ભુતાવળ પર કાબુ મેળવવાની ગાંઠ વાળેલી. આજે તો એ ભલભલા માણસો મોંમાં આશ્ચર્યથી આંગળાં ઘાલે એવો એનો ઉસ્તાદ બની ગયો છે.

કેળવણીનું મુલ તો એ બરાબર સમજે છે. એ જાણે છે કે દુનિયાના દેશોની હારોહાર ખભેખભા મિલાવીને સમાન હક્કથી જો પોતાના દેશને ઉભો રાખવો



ના અમીર અમાનુલ્લાખાન

હોય તો વિદ્યા અને વિજ્ઞાનના એકેએક અંગની પ્રગતિમાં દુનિયાની જોડાજોડ એણે ધપતા રહેવું જોઈશે. આને માટે એણે પોતાના દેશના ચુનંદા જુવાન વિદ્યાર્થીઓને યૂરોપ મોકલીને ત્યાંના વિદ્યા–હુન્નર પોતાને ત્યાં આણી ઉતારવા તથા પોતાના દેશના ઉદ્યોગોને ખીલવવા માંડ્યા છે. પોતાની ભૂમિના ગર્ભમાં રહેલી ખનીજની કીમતી ખાણોની જે ખીલવણી પર-દેશી સત્તાની ધુંસરી હેઠળ નહોતી થઈ શકતી તેને માટે આજે એણે ઝપાટાબંધ પગલાં ભરવા માંડ્યાં છે, અને પોતાના દેશને વિકાસની સંપૂર્ણ સ્થિતિએ પહોંચાડવાની માહ-ત્વાકાંક્ષા પાછળ એ મથી રહેલ છે. સાથે સાથે એ કહે છે કે અફઘાનિસ્તાન અફઘાનોને માટે છે, અને એની સમૃદ્ધિ ને ગ્રહેમતનાં ફળ એ જ ભોગવશે—પરદેશી મુડીવાળાઓ ને સત્તાધીશો નહિ.

અફઘાનિસ્તાનમાં હિંદુ ધર્મ પાળનારાઓ પણ છે, તેમનાં દેવળો પણ છે. એ બધાને અગાઉ જે સમાન હક્ક નહોતા તે અમીર અમાનુલ્લાખાને મુસલમાનોની બરોબર બક્ષ્યા છે, અને તેમની લાગણીને માન આપી રાજ્યમાંથી ગોવધ અટકાવ્યો છે.

પ્રજાના સામાન્ય વર્ગમાં તો એણે કેળવણીનો છૂટથી પ્રચાર આરંભી દીધો છે. નિશાળોનાં મકાનો બંધાવવામાં પોતાના નાનકડા દેશનો મોંઘો પૈસો નિરર્થક ન રોકવો પડે એ માટે તેણે પોતાની મહેલાતોનાં દીવાનખાનાં ખુલ્લાં મુકી તેમાં રૈયતનાં બાળકોની શાળાઓ ચલાવવા માંડી છે. એનાં માતાએ કાબુલમાં ખોલેલી કન્યાશાળામાં બે હજાર ઉપરાંત કન્યાઓ ધાર્મિક તથા સાથોસાથ આધુનિક શિક્ષણ લે છે.



આમ ધીમી પણ અતિ સચોટ રીતે અમીરે પોતાની પ્રજાનાં અંગો એક પછી એક ખીલવવા માંડ્યાં છે.

આજ હવે એ જાતે યૂરોપને પ્રવાસે જવા નીકળ્યા છે. પણ એ પ્રવાસ હિંદના રાજામહારાજાઓની પેઠે વિલાયતના વિલાસમાં પોતાના રાજ્યની આવકની થેલીઓ ખાલી કરવા માટે નથી. એ તો ત્યાંના દેશોની રાજકીય, આર્થિક ઔદ્યોગિક અને સામાજિક સંસ્થાઓનો અભ્યાસ કરવા જાય છે; દૃષ્ટિ વિશાળ કરી તેમાંનાં ઉચ્ચ તત્ત્વો ગ્રહણ કરવાની મુરાદથી જાય છે. પ્રવાસના એ અભ્યાસમાંથી સંસ્કારી, સબળ ને સમૃદ્ધ અફઘાનિસ્તાન સરજવાનાં એને સ્વપ્નાં છે.

હજુ ગઈકાલની વાત સુધી પછાત ગણાતા અફઘાનિ-સ્તાને, આજ માત્ર આંગળીને વેઢે ગણી શકાય એટલાં વર્ષમાં કેટલી પ્રગતિ સાધી લીધી છે! અફઘાનિસ્તાન દેશને દુનિયાની રાજદ્વારી સત્તાઓમાં ચોક્કસ સ્થાન છે: અફઘા-નિસ્તાનના અમીર જગતના રાજવીઓ ને રાજશાસકો વચ્ચે સમાન હક્કથી ઉન્નત મસ્તકે ફરી શકે છે: અફઘાનિસ્તાનના જુવાન પ્રજાજનો યૂરોપ ને અમેરિકાના દેશોમાં આધુનિક જમાનાની એકેએક વિદ્યા-વિજ્ઞાન હુન્નરની તાલીમ લઈ રહ્યા છે, ને કાલ સવારે એ નવલોહીઆ ને ચેતનના જુવાળથી ઉછળતા તાલીમબાજો કોઈ જાદુગરની સૃષ્ટિની જેમ પોતાના દેશ પર એ વિદ્યા–વિજ્ઞાન ને હુન્નરની ભુરકી નાખી તેને સુખ, સંપત્તિ ને કલ્લોલથી ઉભરાતા નંદનવન સમો બનાવી દેશે. હિંદુસ્તાન પોતાની આ મૃત્યુ સમી પરતંત્રતાની કારમી નિદ્રામાં આમતેમ બે પડખાં ફરશે ત્યાં તો એ ખોબા જેવડો અફઘાનિસ્તાન જગતની પ્રજાઓ વચ્ચે સમાન હક્કે,

ઉજ્જ્વલ મુખે ને સરખી શક્તિએ વિરાજતો હશે. આ બધાનું કારણ? કારણ કે અફઘાનિસ્તાન સ્વતંત્ર છે: એની પ્રજા સ્વતંત્ર છે: એનો રાજા સ્વતંત્ર છે. હિંદુસ્તાન પણ કાલ સવારે એથી યે અજબ પ્રગતિ બતાવી જગતને આશ્ચર્યમૂઢ બનાવી શકે એમ છે,—માત્ર એક જ વસ્તુ હોય તો: સ્વતંત્રતા! સ્વતંત્રતા!

કાઠિયાવાડનું નૂર કલાને મંદિરે

આજથી બરાબર એક વર્ષ ઉપર, ગયા માગશરના અંકમાં અમે ફ્રેન્ચ શિલ્પી મિ. હર્બર્ટ હેઝેલ્ટાઇને લીધેલી કાઠિયાવાડની મુલાકાત નોંધી હતી. જામનગરની ગાદી સ્થાપનાર પોતાના વડવા પહેલા જામસાહેબની મૂર્તિ શિલ્પમાં ઉતારવા માટે નામદાર જામસાહેબ રણજીતસિંહે પારીસના એ નામચીન શિલ્પીને પોતાને આંગણે આમંત્ર્યો હતો, અને તેણે પોતાના કામ માટે કાઠિયાવાડી ઘોડાં, તથા વીરોના પોષાક વગેરેનાં કાચાં ઓઠાં માણમાટી વડે તૈયાર કર્યાં હતાં એ હકીકત અમે એ અંકમાં એ શિલ્પીની કલાકુશળતાની યોગ્ય પ્રશંસા સાથે આપી છે.

આદિ જામસાહેબની જે મૂર્તિ ઘડવાની હતી તેના ઘોડાના મૉડેલ–નમુના–તરીકે જામનગરના રાજ્ય–તબેલાનો સૌથી સુંદર ને લાડીલો વાળી ઘોડો અશ્વિનીકુમાર પસંદ કરવામાં આવ્યો અને શિલ્પીએ પોતાના કામ માટે તે પરથી કાચાં ઓઠાં તો કરી લીધાં. પણ શિલ્પીને તો તરત પાછા ફ્રાન્સ જવું હતું, એટલે પોતે ત્યાં જે મૂળ મૂર્તિ બનાવવાનો હતો તેના મોડેલ માટે આવો સુંદર કાઠિયાવાડી ઘોડો ક્યાંથી કાઢવો એની મુંઝવણમાં એ હતો. સંજોગવશાત જામસાહેબ શિલ્પીની મુલાકાતે આવી ચઢ્યા અને મિ. હેઝેલ્ટાઇને પોતાની વિમાસણ એમને જણાવી કહ્યું કે 'આવા ખુબસુરત ઘોડા વિના મારૂં કામ મુશ્કેલ થઇ પડશે. જામનગર પારીસની પડખે હોત તો અશ્વિનીકુમારનો સુંદર જીવત પ્રાણ હું મૂર્તિમાં ઉતારી શકત. હવે તો મારાં ડોળિયાં, ફોટોગ્રાફો અને કાંઈક અરબ્બી ઘોડા વડે હું ચલાવી લઈશ.'

જામસાહેબ એકાએક બોલી ઉઠ્યા, 'બીજો કોઇ અરબ્બી ઘોડો? કાઠિયાવાડી ને અરબ્બી જાત જ જુદી છે. એ કેમ બને?' અને એક પળ વિચાર કરી શાન્તિથી કહ્યું, 'તમારા કામમાં અશ્વિનીનો ઉપયોગ જ હોય તો હું એને ખુશીથી પારીસ મોકલું.' ના. જામસાહેબના આ શબ્દોમાં કળા પ્રત્યેનો પ્રેમ અને કલાકાર પ્રત્યેનો સમભાવ સ્પષ્ટ હતા, જે કલાની સહૃદય બુઝ વગર કદિ પ્રગટ થતા નથી. એમના આ ઉચ્ચ હેતુ, ઉદાર નિશ્ચય ને કલાની ગીછ જોઈ ફ્રેન્ચ શિલ્પી તો છક થઇ ગયો.

શિલ્પી પારીસ પહોંચ્યા પછી થોડાં જ અઠવાડિયામાં અશ્વિનીકુમાર રવાના થયાનો એને તાર મળ્યો. અને થોડા



અશ્વિનીકુમાર


દિવસમાં તો અશ્વિનીકુમાર માર્સેલ્સ બંદરે ઉતરીને પારીસ આવ્યો. અશ્વિનીકુમારનું આગમન એ પારીસના જીવનનું એક અજબ દૃશ્ય હતું. શિલ્પીના મોડેલ તરીકે આવડી લાંબી સફર કરીને એક ઘોડો આવે છે એ વિચારે કળાશોખીન ફ્રેન્ચ પ્રજા હર્ષઘેલી થઇ ગઇ.

જકાત ખાતાના અમલદારો, પોલિસો અને કૌતુકભરી લોકોની મેદની—સૌ ડબ્બામાંથી ઉતરતા એ અજબ પ્રાણીને જોવા ભેગાં થયાં. ડબ્બામાંની કાળી ભોંય પર ચોખ્ખી ખુબસુરત ભાત પાડતો ધોળો બારતા જેવો અશ્વિનિકુમાર દેખાયો:—રૂપેરી ચમકાટવાળો, માનીલી મુખાકૃતિ ધારતું માથું ગર્વથી ઉંચું રાખીને ચોમેર પોતાની ખુબસુરત આંખો ફેરવતો ને રૂઆબમાં અણિયાળી કાનસુરી ખેંચીને ભેગી કરતો તે થોડી પળ ઉભો. ને પછી ૬૧૪૮ માઈલની લાંબી સફર પુરી કરી દમામદાર ડગ દેતો ફ્રેન્ચ ભોમ પર ઉતર્યો, અને અજબ નાજરમાન થનગનાટ કરતો આગળ ચાલ્યો. જાણે કોઇ પરીઓની વાતોમાંનો પાણીપંથો ઘોડો હોય કે હિંદી કલમનાં ચિત્રમાંનો અશ્વ સજીવન થઇને પૃથ્વી પર રમવા ઉતર્યો હોય એવું જ પારીસની પ્રજાને થઇ ગયું!

જુજ વખતમાં અશ્વિનીકુમાર એ નવી ભોમને અનુકુળ થઈ ગયો અને કેટલાક દિવસ કામમા વિત્યા પછી શિલ્પીએ અખંડ ઉદ્યોગથી ઘોડાનું માટીનું ડોકું તૈયાર કર્યું. પછી એક

(અનુસંધાન મિજલસને છેડે)

ઇ. સ. ૧૯૦૪ની વાત છે. અમેરિકાના એક ટાપુની દીવાદાંડીનો રખેવાળ, એક દિવસ રાત પડવા આવી અને દીવો કરવા જવાનો વખત થયો તો યે ઘેર ન આવ્યો. એની સ્ત્રી શોધવા નીકળી. જુએ છે તો ખડક પર અચાનક મૃત્યુ પામેલા પતિનું શબ પડેલું. અપૂર્વ ધીરજ રાખી શબ ઓરડીમાં મુકી એ દીવાદાંડી પર ચડી. દીવો તો કર્યો પણ કાચ ફરતા રાખવાનો સંચો કેમ ચલાવવો તેની એને ખબર નહિ. તેથી આખી રાત ત્યાં જ ઉભા રહી તેણે હાથથી કાચ ફેરવ્યા કર્યા. અંતરની અપાર વ્યથા દાબી એણે એ કર્તવ્ય ન બજાવ્યું હોત તો અનેક વહાણો જોખમમાં આવી પડત.



બેસણી તુટી ગએલા મેઝર ગ્લાસ અથવા કાચના પ્યાલા ફેંકી ન દેતા. પતરાની ડાબલીના ઢાંકણામાં પલાળેલો પ્લાસ્ટર ઑફ પારિસ ભરી તેની અંદર બેસણીના તુટેલા ભાગને બેસાડી દેજો. સુકાઇ જશે એટલે ઢાંકણામાં બેસણીનો તુટેલો ભાગ સજ્જડ ચોંટી જશે.

શરીરે સુખી તે સુખી સર્વ વાતે

જોડણીની સામાન્ય ભુલો

રવિન્દ્ર	નહિ	પણ	રવીન્દ્ર
ઉર્મિ	નહિ	પણ	ઊર્મિ
પૃષ્ઠ	નહિ	પણ	પૃષ્ઠ
શ્રેષ્ટ	નહિ	પણ	શ્રેષ્ઠ
અનિષ્ઠ	નહિ	પણ	અનિષ્ટ

ગણિતનો ચમત્કાર

૧૧ પાઉંડ, ૧૯ શિલિંગ, ૧૦ પેન્સથી ઓછી કોઇ પણ રકમ લ્યો. એમાં પાઉંડથી પેન્સ ઓછા હોવા જોઇએ. તમે લીધેલી સંખ્યાને ઉલટાવી મુળ સંખ્યામાંથી બાદ કરો, ને જે બાદબાકી આવે તેમાં બાદબાકીની જ રકમ ઉલટાવીને ઉમેરી દો. પછી તમે ગમે એટલા મથશો તો યે જવાબ હમેશાં આ જ આવશે: ૧૨ પા. ૧૮ શિ. ૧૧ પે.

ઉંદરને ટરપેન્ટાઇનની ગંધ બિલકુલ પસંદ નથી. એટલે થોડાંક ચીંદરડાં ટરપેન્ટાઇનમાં બોળીને એના દર ઉપર મુકી દેશો તો તરત જ એ ત્યાંથી પલાયન કરી જશે.

૧૭મી ડિસેમ્બરે શ્રી લાલમોહન ઘોષની જન્મતિથિ.

માગશર (ડિસેમ્બર) હેમત ઋતુ: દ્રાક્ષને ફળ આવવા માંડે છે. અંજીર, સફરજન, બોર ને સંત્રાંની મોસમ. કપાસ વીણવાનો ને શકરિયાં ખોદવાનો વખત. ડાંગર, જુવાર, કઠોળ તથા વરિયાળીનો પાક ઉતરવાની મોસમ.

લીંબુને તાજાં રાખવા માટે એક સાવ સહેલી રીત છે. એને જમીન પર મુકી ઉપર કાચનું પ્યાલું ઊંધું વાળી દેવું. લીંબુનો ખપ ન હોય ત્યાં સુધી પ્યાલાંને હલાવવું નહિ કેમકે અંદર હવા દાખલ થવાથી લીંબુ બગડી જાય છે.

દેશી કાળી શાહીના ડાઘ પડે કે તરત જ દુધથી ધોઇ નાખવા. નીકળી જશે.

નાગરવેલનાં બે પાન લઇ તેમાં ચપટી મીઠું નાખી ચાવી જવાથી વીંછી ઉતરી જાય છે, એમ કહેવાય છે.

ગરમ પાણીથી ભરેલી રબ્બરની કોથળી થોડી વાર પગ ઉપર મુકવાથી શરદી મટી જાય છે, ને ગરદન ઉપર મુકવાથી માથું દુખતું મટી જાય છે.



વેપારી વહાણવટાની તાલીમ હિંદી વિદ્યાર્થીઓને આપવાની શરૂઆત આ વર્ષથી થઇ છે. તે માટે હિંદ આખામાંથી ૭૭ વિદ્યાર્થીઓ ચુંટવામાં આવેલા, જેમાંથી ઉપલા ત્રીસ કેડેટો પાસ થયા છે ને ડફરિન નામની સ્ટીમર પર કેપ્ટન ડિગ્બી બેસ્ટના હાથ નીચે તેમને વહાણવટાની તાલીમ અપાવી શરૂ થઇ છે.